વર્ષ : ૪૦ ♦ અંક : ૩
માર્ચ - ૨૦૧૬

Retail Price Rs. 10/- Each

શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી પ્રેરિત

# दिव्यध्वनि

આધ્યાત્મિક મુખપત્ર

## સમ્યક્ત્વના સોપાનો

સ્વાત્મોપલબ્ધિ

અપૂર્વ અંતરસંશોધન

સદ્ગુરુબોધની પ્રાપ્તિ

સદ્ગુરુનો આશ્રય

આત્મિક ગુણોનો વિકાસ

મહાપુરુષો પ્રત્યે અનુરાગ

આંતરિક ઉદાસીનતા

સંસારપરિભ્રમણનો થાક લાગવો

શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
(શ્રી સત્શ્રુત - સેવા - સાધના કેન્દ્ર સંચાલિત)
કોબા ૩૮૨ ૦૦૭. (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯, ૨૩૨૭૬૪૮૩-૮૪ ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨
E-mail : mail@shrimadkoba.org, Web.: www.shrimadkoba.org

# સંસ્થામાં 'સમકિત પર્વ' - ત્રિદિવસીય શિબિર વેળાની તસવીરો
(તા. ૧૩-૨-૨૦૧૬ થી તા. ૧૫-૨-૨૦૧૬)


પૂજ્યશ્રી આત્માનંદજી


પૂજ્યશ્રી ગાંગજીભાઈ


આદ.શ્રી અશોકભાઈ શાહ


બા.બ્ર. શ્રી સુરેશજી


પૂજ્યશ્રી સાથે સત્સંગ વેળાએ


દીપ-પ્રાગટ્ય વેળાએ


યુવાસાધક ભક્તવૃંદ, કોબા

'પ્રાર્થના' પુસ્તકની દ્વિતીય આવૃત્તિનું વિમોચન કરતા પૂજ્યશ્રી ગાંગજીભાઈ મોતા



-: પ્રેરક :-
શ્રદ્ધેયશ્રી આત્માનંદજી

-: તંત્રી - સંપાદક :-
શ્રી મિતેશ એ. શાહ

-: સ્વત્વાધિકારી :-
શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)

-: મુદ્રક-પ્રકાશક :-
ડૉ. શ્રી શર્મિષ્ઠાબેન એમ. સોનેજી
ટ્રસ્ટી, શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા

-: પ્રકાશન સ્થળ :-
શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર
કોબા - ૩૮૨ ૦૦૭
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯
૨૩૨૭૬૪૮૩/૮૪
ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨

-: લવાજમ શ્રેણી :-
ભારતમાં
ત્રિવાર્ષિક રૂા. ૪૦૦
આજીવન રૂા. ૨૦૦૦
પરદેશમાં
By Air Mail
ત્રિ-વાર્ષિક : Rs. 4000
$-80,   £-60
આજીવન : Rs. 15000
$-300,   £-220

# દિવ્યધ્વનિ

## અનુક્રમણિકા

(૧) શ્રી સદ્‌ગુરુપ્રસાદ ........... શ્રીમદ્ રાજચંદ્રજી ..... ૫
(૨) ઉદાર દૃષ્ટિ ............... પૂ.શ્રી આત્માનંદજી ..... ૬
(૩) સ્વાધ્યાય : મુમુક્ષુના જીવનની લિપિ .........
...................... ડૉ. કુમારપાળ દેસાઈ .... ૧૧
(૪) સમાધિતંત્ર-અમૃતરસપાન ..................
...................... પ્રા.ચંદાબહેન પંચાલી .... ૧૪
(૫) શ્રી આનંદઘન ચોવીશી . શ્રી અશોકભાઈ શાહ .... ૧૭
(૬) શ્રી ભક્તામર સ્તોત્ર .... શ્રી મહેન્દ્રભાઈ ખંધાર .... ૨૧
(૭) સમ્યક્‌જ્ઞાન ...............બા.બ્ર.શ્રી સુરેશજી .... ૨૫
(૮) સર્વજ્ઞત્વશક્તિ ...........શ્રી વલભજી હીરજી .... ૨૮
(૯) કર્મોની હોળી કરીએ .. શ્રી મંજુલાબેન બોટાદરા .... ૨૯
(૧૦) સંબંધ ............... શ્રી બટુકભાઈ બોટાદરા .... ૩૦
(૧૧) 'વિદ્યા-ભક્તિ-આનંદધામ' ગુરુકુળ ............... ૩૧
(૧૨) Yuva Times .................................................. ૩૫
(૧૩) સમાજ-સંસ્થા દર્શન ............................ ૩૬

વર્ષ : ૪૦   માર્ચ, ૨૦૧૬   અંક - ૩

**શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર**
**(શ્રી સત્શ્રુત-સેવા-સાધના કેન્દ્ર સંચાલિત)**
કોબા - ૩૮૨ ૦૦૭ (જિ. ગાંધીનગર, ગુજરાત)
ફોન : (૦૭૯) ૨૩૨૭૬૨૧૯/૪૮૩/૮૪
ફેક્સ : (૦૭૯) ૨૩૨૭૬૧૪૨
mail@shrimadkoba.org
www.shrimadkoba.org

## લેખકો / ગ્રાહકો / વાચકોને

- ‘દિવ્યધ્વનિ’ દર મહિને પ્રગટ થાય છે.
- કોઈ પણ અંકથી ગ્રાહક થઈ શકાય છે.
- ત્રણ વર્ષથી ઓછી મુદતનું લવાજમ સ્વીકારવામાં આવતું નથી.
- ચેક/ડ્રાફ્ટ/એમ.ઓ. **‘શ્રીમદ્ રાજચંદ્ર આધ્યાત્મિક સાધના કેન્દ્ર, કોબા’**ના નામનો મોકલવો.
- સહુ સ્વજનો-મિત્રો વધુમાં વધુ ગ્રાહકો નોંધાવીને સહયોગી બને તેવી વિનમ્ર અપેક્ષા છે.
- ગ્રાહકોએ પત્રવ્યવહારમાં પોતાનો ગ્રાહક નંબર અને પૂરું સરનામું અવશ્ય લખવું. ગ્રાહક નંબર સરનામાની ઉપર લખેલો હોય તે નોંધી રાખવા વિનંતી છે.
- સરનામામાં ફેરફાર થયાની જાણ તાત્કાલિક કરવા વિનંતી છે.
- કોઈપણ લેખ સ્વીકારવો કે ન સ્વીકારવો કે ક્રમશઃ લેવો તેનો સંપાદકશ્રીને સંપૂર્ણ અધિકાર રહેશે.
- લેખકોનાં મંતવ્યો સાથે સંપાદકશ્રીનું સહમત હોવું આવશ્યક નથી.


**: મુદ્રણસ્થાન :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર ઍસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૪
ફોન : ૨૨૧૬ ૭૬૦૩




# પ્રાર્થના

હે પરમકૃપાળુદેવ !

સૂર્ય સવારે ઊગે છે, અને જગતના જીવો માટેનું એનું કાર્ય કરીને સાંજે અસ્ત થાય છે; તેવી રીતે, સંતો અને સત્પુરુષોએ પોતાના આત્માનું કલ્યાણ તો કર્યું જ છે, પરંતુ અન્ય જીવો માટે નિષ્કારણ કરુણાશીલતાથી પ્રેરાઈને કલ્યાણનો માર્ગ બતાવવાનું કાર્ય કરતા જાય છે. એ એમનો જગતના જીવો ઉપર મહાન ઉપકાર છે.

અમે અનાદિકાળથી રખડતા, રઝળતા, ચાર ગતિમાં ભટક્યા કરીએ છીએ, પરંતુ હજી સુધી અમને કોઈ સફળતા મળી નથી. દીવાદાંડી મળ્યા છતાં દરિયામાં ડૂબે એને કેવા કહેવાય ? એવા અધમાધમ અમે છીએ ! આ ભવમાં આપના જેવા સમર્થ સ્વામી મળ્યા છે તો હવે તો કાર્ય સિદ્ધ કરી જ લેવું છે એવો દૃઢ નિશ્ચય અમે કર્યો છે. આપના દર્શન માત્રથી જ અમારા મનમાં પરમ અહોભાવ આવે છે અને અંતરમાં અપૂર્વ ગુંજારવ થાય છે. તે આપને નહીં કહીએ તો બીજા કોને કહીએ ? માટે જ કહીએ છીએ :


આજ રે મળ્યા છે અમને ભવોભવના દીનાનાથ જો,
હૈયું અમારું ઉલ્લસે પ્રભુજી, તુમ દરશનથી.
છોડવી રે માયા જૂઠી હવે આ સંસારની,
જોડવી સાચી પ્રીત, પ્રભુજી તુમ જગનાથથી.
ઉમટ્યો પ્રેમનો ઉદધિ રે, અમ દિલમહીં,
ભાવ છલકતો દસે દિશામાં, પ્રભુ પ્રીતમથી.
આ ભવ, પરભવ, ભવોભવનો પ્રભુ તાપ ટળે,
હાથ ગ્રહો સેવકના તો પ્રભુ ભાગ્ય ફરે.

**॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥**

# શ્રી સદ્‌ગુરુપ્રસાદ

## શ્રીમદ્ રાજચંદ્રજી

### પત્રાંક - ૧૯૪



**મુંબઈ, પોષ, ૧૯૪૭**

જીવને માર્ગ મળ્યો નથી એનું શું કારણ ?

એ વારંવાર વિચારી યોગ્ય લાગે ત્યારે સાથેનું પત્ર વાંચજો.

હાલ વિશેષ લખી શકવાની કે જણાવવાની દશા નથી, તોપણ એકમાત્ર તમારી મનોવૃત્તિ કિંચિત્ દુભાતી અટકે એ માટે જે કંઈ અવસરે યોગ્ય લાગ્યું તે લખ્યું છે.

અમને લાગે છે કે માર્ગ સરળ છે, પણ પ્રાપ્તિનો યોગ મળવો દુર્લભ છે.

**સત્સ્વરૂપને અભેદભાવે અને અનન્ય ભક્તિએ નમોનમઃ**

ભાવ અપ્રતિબદ્ધતાથી નિરંતર વિચરે છે એવા જ્ઞાનીપુરુષનાં ચરણારવિંદ, તે પ્રત્યે અચળ પ્રેમ થયા વિના અને સમ્યક્પ્રતીતિ આવ્યા વિના સત્સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી, અને આવ્યેથી અવશ્ય તે મુમુક્ષુ જેનાં ચરણારવિંદ તેણે સેવ્યાં છે, તેની દશાને પામે છે. આ માર્ગ સર્વ જ્ઞાનીઓએ સેવ્યો છે, સેવે છે, અને સેવશે. જ્ઞાનપ્રાપ્તિ એથી અમને થઈ હતી, વર્તમાને એ જ માર્ગથી થાય છે અને અનાગત કાળે પણ જ્ઞાનપ્રાપ્તિનો એ જ માર્ગ છે. સર્વ શાસ્ત્રોનો બોધ લક્ષ જોવા જતાં એ જ છે. અને જે કોઈ પણ પ્રાણી છૂટવા ઇચ્છે છે તેણે અખંડ વૃત્તિથી એ જ માર્ગને આરાધવો. એ માર્ગ આરાધ્યા વિના જીવે અનાદિકાળથી પરિભ્રમણ કર્યું છે. જ્યાં સુધી જીવને સ્વચ્છંદરૂપી અંધત્વ છે, ત્યાં સુધી એ માર્ગનું દર્શન થતું નથી. (અંધત્વ ટળવા માટે) જીવે એ માર્ગનો વિચાર કરવો; દૃઢ મોક્ષેચ્છા કરવી; એ વિચારમાં અપ્રમત્ત રહેવું, તો માર્ગની પ્રાપ્તિ થઈ અંધત્વ ટળે છે, એ નિઃશંક માનજો. અનાદિ કાળથી જીવ અવળે માર્ગે ચાલ્યો છે. જોકે તેણે જપ, તપ, શાસ્ત્રાધ્યયન વગેરે અનંત વાર કર્યું છે; તથાપિ જે કંઇ પણ અવશ્ય કરવા યોગ્ય હતું તે તેણે કર્યું નથી; જે કે અમે પ્રથમ જ જણાવ્યું છે.

સૂયગડાંગસૂત્રમાં ઋષભદેવજી ભગવાને જ્યાં અઠ્ઠાણું પુત્રોને ઉપદેશ્યા છે, મોક્ષમાર્ગે ચઢાવ્યા છે ત્યાં એ જ ઉપદેશ કર્યો છે :

હે આયુષ્યમનો ! આ જીવે સર્વે કર્યું છે. એક આ વિના, તે શું ? તો કે નિશ્ચય કહીયે છીએ કે સત્પુરુષનું કહેલું વચન, તેનો ઉપદેશ તે સાંભળ્યાં નથી, અથવા રૂડે પ્રકારે કરી તે ઉઠાવ્યાં નથી. અને એને જ અમે મુનિઓનું સામાયિક (આત્મસ્વરૂપની પ્રાપ્તિ) કહ્યું છે.

સુધર્માસ્વામી જંબુસ્વામીને ઉપદેશે છે કે જગત આખાનું જેણે દર્શન કર્યું છે, એવા મહાવીર ભગવાન, તેણે આમ અમને કહ્યું છે :- ગુરુને આધીન થઈ વર્તતા એવા અનંત પુરુષો માર્ગ પામીને મોક્ષપ્રાપ્ત થયા.

એક આ સ્થળે નહીં પણ સર્વ સ્થળે અને સર્વ શાસ્ત્રમાં એ જ વાત કહેવાનો લક્ષ છે.

**आणाए धम्मो आणाए तवो ।**

(અનુસંધાન પાના નં. ૨૦ પર...)

# ઉદાર દૃષ્ટિ

**પરમ શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજી**



ઉદાર એટલે વિશાળ. ઘણાની દૃષ્ટિને પોતાનામાં સમાવી લેવાની શક્તિ. આવી દૃષ્ટિને ઉદારદૃષ્ટિ કહેવાય છે. આપણા જીવનના વિકાસ માટે પદાર્થના સત્યઅંશોને તથા પ્રત્યેકમાં રહેલ સદ્‌ગુણોને અપનાવવાં જોઈએ. આ કાળમાં સર્વગુણસંપન્ન પરમાત્માનો આપણને યોગ નથી અને એવા અનેક ગુણોથી વિભૂષિત સદ્‌ગુરુદેવનો પણ પ્રત્યક્ષ યોગ થવો બહુ દુર્લભ છે. માટે આપણે ઉદારદૃષ્ટિ રાખી જ્યાંથી પણ સારું મળે ત્યાંથી ગ્રહણ કરવાની દૃષ્ટિ રાખવી, તો જ આપણે ધીમે ધીમે વિકાસના માર્ગે આગળ વધી શકીશું. જ્ઞાની પુરુષોએ ઉદારદૃષ્ટિ માટે બે વસ્તુઓનું સંયોજન કર્યું છે :

વિશાળબુદ્ધિ + મધ્યસ્થતા = ઉદારદૃષ્ટિ

**● વિશાળબુદ્ધિ અને મધ્યસ્થતા :**

વિશાળબુદ્ધિ અને મધ્યસ્થતા એકબીજા પર આધારિત છે. જેની વિશાળબુદ્ધિ હોય તે જ મધ્યસ્થ રહી શકે, નહિ તો તરત જ વિરોધ કરે. સામેની વ્યક્તિની વાતમાં તે કાંઈને કાંઈ ખોડ-ખાંપણ કાઢે અથવા તો સામેવાળાના કથનનો તરત જ અસ્વીકાર કરી દે. મધ્યસ્થતા હોય તો જ વિશાળદૃષ્ટિ રાખી શકાય. તેમ થવા પ્રેમ અને પરિચય જોઈએ. પ્રેમથી પરિચય અને પરિચયથી પ્રેમ થાય છે. તે બંને પણ એકબીજા પર આધારિત છે. આ રીતે વિશાળબુદ્ધિ હોવાથી મધ્યસ્થતા અને મધ્યસ્થતાનો અભ્યાસ કરવાથી વિશાળદૃષ્ટિ થાય છે. પરમ તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીએ 'અમૂલ્ય તત્ત્વવિચાર'માં કહ્યું છે કે,

"રે ! આત્મ તારો ! આત્મ તારો ! શીઘ્ર એને ઓળખો;
સર્વાત્મમાં સમદૃષ્ટિ દ્યો, આ વચનને હૃદયે લખો."

આમ કરવું અઘરું છે તો પણ આ પ્રમાણે કર્યા વિના બીજો કોઈ ઉપાય નથી. દુનિયાના તો ઘણા અઘરા કામ આપણે કરીએ છીએ. પરમકૃપાળુદેવ પત્રાંક-૧૨૮માં જણાવે છે, "ગમે તેમ હો, ગમે તેટલાં દુઃખ વેઠો, ગમે તેટલા પરિષહ સહન કરો, ગમે તેટલા ઉપસર્ગ સહન કરો, ગમે તેટલી વ્યાધિઓ સહન કરો, ગમે તેટલી ઉપાધિઓ આવી પડો, ગમે તેટલી આધિઓ આવી પડો, ગમે તો જીવનકાળ એક સમય માત્ર હો, અને દુર્નિમિત્ત હો, પણ એમ કરવું જ. ત્યાં સુધી હે જીવ ! છૂટકો નથી."

જ્ઞાની પુરુષો પોતાના અંતરનું નિરીક્ષણ કરે છે, ત્યારે તેમનો અંતરાત્મા કહે છે કે કોઈપણ ઉપાયે આ માર્ગમાં જવું જ, તેના સિવાય બીજો કોઈપણ આનંદની પ્રાપ્તિનો ઉપાય નથી. માટે વિશાળબુદ્ધિ અને મધ્યસ્થતા મળે તો જીવનમાં સાચી ઉદારદૃષ્ટિ પ્રગટે છે. આ બંનેને સર્વ જ્ઞાનીપુરુષોએ માન્ય કરેલ છે. મહર્ષિ પતંજલિએ તેને ઉપેક્ષા અને મહાત્મા બુદ્ધે તેને ઉપેક્ષા નામ આપ્યું છે. ભગવાન મહાવીરની પરંપરામાં પણ તેનો ઘણી જગ્યાએ ઉલ્લેખ કર્યો છે. આ ભાવનાને અભિવ્યક્ત કરતા શ્રી જુગલકિશોર મુખ્તારજી કહે છે,

"મૈત્રીભાવ જગતમેં મેરા, સબ જીવોં સે નિત્ય રહે,
દીન દુ:ખી જીવોં પર મેરે, ઉરસે કરુણાસ્રોત બહે;
દુર્જન ક્રૂર કુમાર્ગરતોં પર, ક્ષોભ નહીં મુઝકો આવે,
સામ્યભાવ રકખૂં મૈં ઉન પર, ઐસી પરિણતિ હો જાવે."

સામ્યભાવ છે તે જતું કરવાનો ભાવ છે તથા ઉદારદૃષ્ટિનો ભાવ છે, તે સર્વનું સારું અને સાચું સ્વીકારવાનો ભાવ છે. જ્યાં સુધી આવા પવિત્રભાવ આપણા હૃદયમાં ન થાય ત્યાં સુધી સામાયિક ન લાગે કારણ કે સામાયિક કે ધ્યાન તે શરીરની અવસ્થા નથી, પરંતુ સામાયિક તે તો આપણા આત્માનો ભાવ છે. માટે સર્વ પ્રથમ ચાર ભાવનાઓ (મૈત્રી આદિ) જો હૃદયમાં આવે ત્યાર પછી સામાયિક લાગે એટલે કે તત્ત્વદૃષ્ટિ હોય અને ચાર ભાવના હોય તો સામાયિકની સિદ્ધિ થાય. માટે સાધકે પ્રતિદિન સમતાનો અભ્યાસ કરવો જોઈએ. આપણે કોઈને પણ મિથ્યાદૃષ્ટિ કહેવા નહીં કારણ કે સમ્યગ્દૃષ્ટિપણું કે મિથ્યાદૃષ્ટિપણું તે તો પોતાના પુરુષાર્થની, ભાવની, અંતરંગ અભિપ્રાયની, શ્રદ્ધાની અને સમસ્ત વ્યક્તિત્વની વાત છે. ઉદારદૃષ્ટિ અપનાવવાથી આપણે મિથ્યાદૃષ્ટિ થઈ જઈશું એવો ભય રાખવાની પણ જરૂર નથી. હવે, આપણે આ ઉદારદૃષ્ટિનો આપણા જીવનમાં પ્રયોગાત્મક અભ્યાસ કેવી રીતે કરી શકાય તેની ચર્ચા કરીશું.

વર્તમાન જીવનમાં મધ્યસ્થતાનો અભ્યાસ કરવામાં આપણને અનેક વિઘ્નો નડે છે કારણ કે ૧૦૦ મનુષ્યોમાંથી ૯૫ ને તો ભગવાનની વાત ગપ્પા લાગે છે ! મહાન આચાર્યો, જ્ઞાનીઓ અને સંતો આજકાલના કહેવાતા શિક્ષિતવર્ગને અભણ લાગે છે !! તેથી તેમની વાત માનવામાં તેઓ આનાકાની કરે છે, પરંતુ તેમને ખબર નથી કે અભણ ગણાતા નરસિંહ મહેતાના એક પદ પર તમારી વિદ્યાપીઠોમાં Ph.D. થવાય છે. એટલે આ બાવા તે બાવા નહીં, પણ બાબા છે. બાબા એટલે આપ્ત પુરુષ. જે પુરુષના વચન જગતના સર્વ જીવોને પરમ. કલ્યાણ અને પરમ આનંદ આપનાર છે. જેમાં રાગ-દ્વેષ, કલેશ, દેશ, ભાષા, નાના, મોટા, ગરીબ, તવંગર, યુવાન, વૃદ્ધ, ભણેલા, અભણ એવા કોઈ ભેદભાવ નથી. આવા મહાપુરુષોના વિચાર કરવા માત્રથી તથા ભાવપૂર્વક નામ લેવા માત્રથી પણ અનેક કર્મો નષ્ટ થઈ જાય છે અને આપણો આત્મા પવિત્ર થાય છે. અત્યારે મોટાભાગના મનુષ્ય પોતપોતાના વાડામાં પુરાઈને રહે છે માટે ઉદારદૃષ્ટિ લાવવી અઘરી લાગે છે અને તેનું મુખ્યકારણ તત્ત્વદૃષ્ટિ, ગુણગ્રાહકદૃષ્ટિનો અભાવ છે.

"કોઈ ક્રિયાજડ થઈ રહ્યા, શુષ્ક જ્ઞાનમાં કોઈ;
માને મારગ મોક્ષનો, કરુણા ઉપજે જોઈ."

**– શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર**

હે ભવ્ય ! જો તું તારી આ સંકુચિત દૃષ્ટિને ઉદાર બનાવીશ તો તારામાં સમતાભાવ કેળવાશે. આ માર્ગ નિશ્ચય મોક્ષમાર્ગ છે. તેને જીવનમાં ઉતારવા માટે રાગ-દ્વેષ કરવા નહીં કારણ કે તે આપણો સ્વભાવ નથી અને ગુરુભગવંતોની પણ એ જ આજ્ઞા છે. માટે આવા અજ્ઞાનભાવને સ્વીકૃત કરવા નહીં અને રાગ-દ્વેષનું પોષણ કરવું નહીં.

વર્તમાનકાળમાં વિવિધ ધર્માવલંબીઓ જોવામાં આવે છે. વળી કહેવાતા એક ધર્મપંથમાં અનેક મતભેદ, અનેક પેટાભેદ જોવામાં આવે છે. જૈન ધર્મમાં જ નાના-મોટા કરીને લગભગ ૮૪ જેટલા ગચ્છ છે. સાચો ધર્મ તો આત્મશુદ્ધિની સાધના કરવી તે છે. મુમુક્ષુઓએ તો તે આત્માના શુદ્ધિકરણરૂપ ધર્મને આદરવાનો છે.

"મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા, તે પામે તે પંથ;
સમજાવ્યો સંક્ષેપમાં, સકળ માર્ગ નિર્ગ્રંથ."

**– શ્રી આત્મસિદ્ધિ**

આપણી મુખ્ય સાધના 'ભાવ'ને સંભાળવાની છે. આપણે ભગવાનના પૂજન-અભિષેક માટે જઈએ અને ત્યાં જો ભૂલથી કોઈ ભક્ત દ્વારા ભગવાનને જો જરાક ચંદન લાગી જાય તો જીવ આકુળ-વ્યાકુળ થઈ જાય છે કે વીતરાગી પ્રભુને સરાગી કરી દીધા, હવે શું થશે ? પણ ભાઈ કાંઈ નહીં થાય, ચંદન અડી ગયું તો અડી ગયું પણ તું આકુળ - વ્યાકુળ થઈશ નહીં. શાંતિ રાખ. પણ જીવની હજી બાહ્યદૃષ્ટિ મતમતાંતર પર છે. કોઈનો આપણી માન્યતા કરતા જરા પણ અભિપ્રાયમાં ફેર પડે કે તરત જ દ્વેષની પરાકાષ્ઠાએ પહોંચી જવાય છે. આત્માની શુદ્ધિ કરતી વખતે બીજાઓના અભિપ્રાય, માન્યતા, રીતરિવાજ કે સાધનાપદ્ધતિ આપણાથી જુદાં હોય તો પણ તેમના સામે વ્યર્થ વાદવિવાદ કે ઝઘડામાં પડ્યા વિના શાંતચિત્તથી સમતાભાવ રાખવો. એ સાધવાના ઉત્તમ ઉપાયરૂપ બાહ્યાન્તર સાધનોનું યથાસંભવ અવલંબન લેવું. 'હું એક જ જ્ઞાની છું, હું જ સત્યવાદી છું, તમે બધા અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ છો' એવો ભાવ અંતરમાં લાવવાનો નથી. એટલે જ પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીએ સમ્યક્ત્વની વ્યાખ્યા કરી કે,

"સર્વ ગુણાંશ તે સમ્યક્ત્વ."

આત્મામાં બધા જ ગુણોનો અંશ જયારે પ્રગટી જાય એવી યથાર્થ આત્માનુભૂતિ જે છે તેને સમકિત કહે છે. આવા જ્ઞાની ધર્માત્માને જો કોઈ કહે કે તમે ખોટા છો અથવા તેમને કોઈ ગાળ દે, તેમનું અપમાન કરે તો પણ તેઓ કહે છે કે ભાઈ, તારી દૃષ્ટિએ અમે ખોટા હોઈ શકીએ છીએ કારણ કે અમે હજુ પૂર્ણ જ્ઞાની નથી થયા. અમે તો પરમાત્મા અને સદ્ગુરુના સેવક છીએ. માટે તું અવશ્ય અમને અમારી ભૂલો બતાવ, જેથી અમે વિશેષ આત્મવિશુદ્ધિ કરીશું. શ્રી કબીરદાસજી પણ કહે છે કે,

"નિંદક નિયરે રાખીયે, આંગન કુટિ છવાય;
બિન પાની સાબુન બિના, નિર્મલ કરે સુભાય."

આપણામાં રહેલા અવગુણો, દુર્ગુણોને આપણે જાણવાં પડશે, સ્વીકારવાં પડશે તથા સુધારવાં પડશે ત્યારે જ આપણે આગળ વધી શકીશું. સંતો દુશ્મનને પણ સમભાવે સ્વીકારે છે. ઉદારદૃષ્ટિ મહાત્માઓની અંતરંગ સમતાનું પ્રતીક છે. આપણે કોઈના ભિન્ન અભિપ્રાય, પદ્ધતિઓને જોઈને વાંધો ઉઠાવવો નહિ. જો તેઓ સમજપૂર્વક વિચારણા કરશે તો આપણી પદ્ધતિ સ્વીકારશે, નહિતો આત્મવિશુદ્ધિના લક્ષે ભલે તેઓ પરંપરાનુસાર ક્રિયા કરતા. આગળ ઉપર જયારે તેમને વધારે સમજણ આવશે ત્યારે તેઓ યથાર્થ માર્ગને ગ્રહણ કરશે. આપણે આપણી વાત અન્ય પર થોપવી જોઈએ નહીં. વિશાળદૃષ્ટિ વડે જેમ જેમ સમ્યક્ યોગની આરાધનામાં આપણે લાગી જઈએ અને આપણી ઉદારદૃષ્ટિમાં જીવમાત્ર સમાઈ શકે એવો ઉત્તમ જીવનવ્યવહાર આદરીએ એ જ આપણી સાચી માધ્યસ્થ ભાવનાનું જીવતું-જાગતું પ્રતીક છે. આવી ઉદારવૃત્તિની સિદ્ધિમાં જ આપણી કસોટી છે. જયારે ભગવાન મહાવીર મુનિ અવસ્થામાં જંગલમાં વિહાર કરતા હતા ત્યારે લોકો તેમને વિનંતી કરતા હતા કે પ્રભુ, ત્યાં ઝેરી નાગ રહે છે માટે આપ આ રસ્તે ન જાઓ. આવી ઘડીએ પ્રભુ વિચારે છે કે ભલે એને મારા પ્રત્યે વૈરભાવ હો પણ મને તેના પ્રત્યે વૈરભાવ નથી અને મારા મૈત્રીભાવ આગળ તેનો વૈર ભાવ ઝાઝું

ટકી શકશે નહીં. ભગવાનના પૂર્ણપ્રેમ અને પૂર્ણમૈત્રીનાં કારણે મહાન ઝેરી સર્પનું વિષ પણ ઉતરી જાય છે. પ્રાણીમાત્ર પ્રત્યે ભગવાનના હૃદયમાં પ્રેમ છે; જ્યારે આપણે તો 'સૌનો મિત્ર છું' એમ માત્ર વાણીથી બોલીએ છીએ. જો ઘરમાં સાપ ભૂલેચૂકે આવી જાય તો 'આને જલ્દી ઘરમાંથી બહાર કાઢો' એમ ધમાચકડી મચાવી દઈએ છીએ. જ્ઞાનીઓ તમને એમ નથી કહેતા કે સાપને ઘરમાં રાખો. ભલે ધીમેથી શાંતિપૂર્વક તેને ઘરની બહાર મૂકી આવો, પણ આપણા હૃદયમાં તેના પ્રત્યે અભાવ આવવો જોઈએ નહીં. આવી ઉદાર, વિશાળદૃષ્ટિને આપણે જીવનમાં ક્ષણે ક્ષણે અપનાવવી જોઈએ. ભૌતિકપ્રધાન દેશોના રીતરિવાજો, માન્યતાઓ, રહેણીકરણી વગેરેના અંધ અનુકરણમાં આપણા દેશના પ્રજાજનો અને નેતાઓ મગ્ન છે. તેથી આધ્યાત્મિકતાને અથવા સાચી ધર્મભાવનાને અંધશ્રદ્ધાના રૂપમાં અથવા તુચ્છ દૃષ્ટિથી જોવામાં આવે છે. આપણી ભારતીય સંસ્કૃતિ આપણને સત્યમાર્ગ બતાવતા કહે છે કે - જો સુખ જોઈતું હોય તો તે જ્યાં છે ત્યાં તેને શોધો શ્રીમદ્ રાજચંદ્રજીએ પત્રાંક - ૧૦૮માં કહ્યું છે કે,

"અંતરમાં સુખ છે; બહાર શોધવાથી મળશે નહીં. અંતરનું સુખ અંતરની સમશ્રેણીમાં છે; સ્થિતિ થવા માટે બાહ્ય પદાર્થોનું વિસ્મરણ કર, આશ્ચર્ય ભૂલ."

ભૌતિકવાદી દૃષ્ટિના પરિણામે આધ્યાત્મિક પુરુષો અને સંતજનો પ્રત્યે ભારતની વર્તમાન પેઢીની એક પ્રકારની ઉપેક્ષા છે. આવા મનુષ્યો જો કે જગતમાં હંમેશાં હોય જ છે, પણ આ કાળે આવા મનુષ્યોની સંખ્યા ઘણી વધારે છે. આવા લોકોની બુદ્ધિ અવળી હોવાથી આત્મકલ્યાણમાં તેઓ બુદ્ધિનો ઉપયોગ કરતા નથી. ઊલટું ધર્મમાર્ગમાં કુતર્ક કરીને દુર્ગતિરૂપ ખાડામાં પડે છે. ભગવાને બે પ્રકારે બુદ્ધિ કહી છે - ૧. અતિબુદ્ધિ, જે ઘણું કરી કુબુદ્ધિમાં પરિણમીને અંતે મોક્ષમાર્ગમાં બાધક બને છે અને ૨. સુબુદ્ધિ અથવા સુમતિ, જે મોક્ષમાર્ગમાં સહાયક છે. જેની સુમતિ હોય તેને ક્રમે કરીને આત્મજ્ઞાન પ્રગટી શકે, પરંતુ જેને અતિબુદ્ધિ હોય એટલે કે દરેક વસ્તુમાં કુતર્ક કરે, માત્ર પ્રત્યક્ષને જ માને તે ભૌતિકવાદી વ્યવહાર જીવનમાં પણ નિષ્ફળ જાય છે અને પરમાર્થ જીવનમાં પણ નિષ્ફળ જાય છે. કારણ કે દરેક વસ્તુ તર્કગમ્ય નથી. કેટલીક વસ્તુ તર્કથી માનવી જોઈએ તથા કેટલીક બાબતને આગમ પ્રમાણથી માનવી જોઈએ. છેલ્લે તો આ બંનેને જાણીને તેનો જીવનમાં સાચો પ્રયોગ કરી અનુભવજ્ઞાન પ્રાપ્ત કરવું તે જ સર્વોત્તમ છે. આમ, આપણે દૃષ્ટિનો વિકાસ કરવો. સંકુચિત દૃષ્ટિને લીધે આપણો વિકાસ અટકી જાય છે, આપણે કૂપમંડુક થઈને રહી જઈએ છીએ.

આવા મનુષ્યો દ્વારા સંતજનોની થતી ઉપેક્ષા કોઈક વાર અણગમાનું રૂપ ધારણ કરે છે. તેથી સંતજનો પ્રત્યે તુચ્છપણાનો, અપમાનનો, તિરસ્કાર કે વિરોધનો પ્રસંગ જાગે છે. આવા સમયે સમભાવ રાખવો, વિરોધીઓ પ્રત્યે પણ કોમળભાવ રાખવો, તેમનું બૂરું અંતરથી પણ ન ઇચ્છવું અને આત્મસાધનાના માર્ગમાં ટકી રહેવું, મચી રહેવું તે ઉદારદૃષ્ટિના ફળરૂપ માધ્યસ્થ ભાવના છે.

આવી ઉદારદૃષ્ટિનો આપણા જીવનમાં પ્રયોગ કરવા માટે મહાપુરુષોએ તેને ત્રણ રીતે અભ્યાસ કરવા કહ્યું છે :

**(૧) તનથી ઉદારદૃષ્ટિ :**

તનથી ઉદારદૃષ્ટિમાં માતાઓ આગળ છે. તેઓ સૌથી વહેલા જાગે અને બધા સૂવે તે પછી

સૂવે, બધાને જમાડીને પછી જમે. જ્યારે ભાઈઓની આદત બધાને કામ બતાવવાની છે. પણ એમ કહેવા કરતાં એવો અભ્યાસ કરવો કે ચાલો, આપણે સાથે કામ કરીએ. હું તમારી સાથે જ છું. જો તનની ઉદારદૃષ્ટિને સૂત્રમાં બાંધવી હોય તો ''વહેંચીને વાપરો''નો જીવનમાં પ્રયોગ કરવો. ઘરમાં કોઈ વસ્તુ લાવ્યા હોઈએ અને તે જો વ્યક્તિના પ્રમાણમાં ઓછી હોય તો વડીલોએ એમ કહેવું કે નાનાઓને આપો, અમારે જરૂર નથી. અને નાનાઓએ એમ વિચારવું કે મોટાઓને આપો, અમે બીજી વખત આવશે ત્યારે લઈશું. ઘરમાં જો આવું પરસ્પર પ્રેમયુક્ત વાતાવરણ હશે તો જ પ્રેમની, સંપની વૃદ્ધિ થશે; નહીં તો તનાવયુક્ત વાતાવરણ સર્જાય છે. સંતો પણ કહે છે કે,

''એકબીજાનું હિત વિચારી, મીઠી વાણીને ઉચ્ચરવી,
રાખી સ્વધર્મ કેરું ભાન, એ ઘર આવે છે ભગવાન.''

**(૨) વિચારોની ઉદારતા :**

વિચારોની ઉદારતા એટલે પ્રયોગાત્મક અનેકાન્તવાદ. આપણે શાસ્ત્રોને માથે રાખીએ છીએ, પણ શાસ્ત્રોનું માનતા નથી તો આપણું કેવી રીતે કલ્યાણ થાય ? આપણો કહેવાતો દુશ્મન હોય તેના પ્રત્યે પણ આપણે મધ્યસ્થતાથી વિચારવાની દૃષ્ટિ કેળવવી જોઈએ ત્યારે અનેકાન્ત-વિદ્યા આપણામાં પરિણમી શકે. આપણો દુશ્મન પણ જો આપણને ઉદ્દેશીને કંઈ કહેતો હોય તો તેને પણ આપણે પ્રેમપૂર્વક સાંભળીને અને નિષ્પક્ષ થઈ તેની વાત પર વિચાર કરવો જોઈએ. આપણો હઠાગ્રહ પકડી રાખીને બીજાને ઉતારી પાડવા નહીં.

સમતા કેળવવા પ્રથમ ઘરથી શરૂઆત કરવી. ઘરમાં જે પણ સમસ્યાઓ ઉદ્ભવે તેનો સૌપ્રથમ આપણે શાંતિથી વિચાર કરવો. આપણે મોટા હોઈએ તો એકદમ આપણી વાત બધા ઉપર થોપવી નહીં. 'મારું તે જ સાચું' એ દૃષ્ટિને અપનાવવી નહીં. આમ કરવું અઘરું છે, પરંતુ તેનું ફળ શાશ્વત શાંતિ છે. આમ જોઈએ તો આ અઘરું નથી પરંતુ પોતે આવેશમાં છે, કષાયને વશ છે એટલે પોતાની વાત બીજા ઉપર થોપવા અનેક પ્રકારના પેંતરા કરે છે. માટે સર્વ પ્રકારે કષાયને છોડીને ગુણગ્રાહી બની મનનો વિકાસ કરવો.

**(૩) ધનની ઉદારતા :**

ઉદારદૃષ્ટિ તે તનને પણ સ્પર્શે છે, મનને પણ સ્પર્શે છે. અને ધનને પણ સ્પર્શે છે. તેના માટે શ્રી તત્ત્વાર્થસૂત્રમાં શ્રી ઉમાસ્વામી આચાર્ય ભગવંતે બે સૂત્રો કહ્યાં છે :

अनुग्रहार्थं स्वस्यातिसर्गो दानम् ।

विधिद्रव्यदातृपात्र विशेषात् तद्विशेषः ।

अ.७. सूत्र ३३-३४

પોતાની આવકના ૬% દાન આપે તે જઘન્ય શ્રાવક, ૧૦% દાન આપે તે મધ્યમ શ્રાવક, ૨૫% દાન આપે તેને ઉત્કૃષ્ટ શ્રાવક કહ્યો છે. આમ, દાન તે પોતાના લોભરૂપી કષાયની નિવૃત્તિ અર્થે કરવું જોઈએ.

આવી ઉદારદૃષ્ટિનો આપણા જીવનમાં સવારે ઉઠીએ ત્યારથી તે રાત્રે સૂઈએ ત્યાં સુધી અને ઘરમાં, પોળમાં, કોર્ટમાં, હૉસ્પિટલમાં, સ્વાધ્યાયહૉલ આદિ દરેક જગ્યાએ તેનો અમલ કરીશું તો એક દિવસ જરૂર આપણામાં સમતા આવશે અને આપણે એક મહાન વ્યક્તિત્વને પામીને સ્વયંના આત્માનું તથા અન્યના આત્મકલ્યાણમાં પણ નિમિત્તરૂપ થઈશું. આવી ઉદારદૃષ્ટિ સૌને પ્રાપ્ત થાય તેવી પરમાત્મા પ્રત્યે આપણે પ્રાર્થના કરીએ છીએ.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥ ■

પરમનો સ્પર્શ - ૭૫

# સ્વાધ્યાય : મુમુક્ષુના જીવનની લિપિ

**પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ**

શાસ્ત્રકારે જ્યારે એમ લખ્યું હશે કે, "નાપિ અસ્તિ, નાપિ ચ ભવિષ્યતિ, સ્વાધ્યાયસમ તપઃ કર્મ" એટલે કે "સ્વાધ્યાય જેવું બીજું કોઈ તપ નથી, એના જેવું બીજું કોઈ તપ હતું નહીં અને એના જેવું બીજું કોઈ તપ હશે પણ નહીં."

સ્વાધ્યાયનો આ મહિમા એની અનન્યતા અને અદ્વિતીયતા સૂચિત કરે છે. જેઓ તપના માર્ગે ગતિ કરનાર જુદાં જુદાં તપનું આચરણ કરતા હોય છે; પરંતુ આ સઘળાં તપમાં કોઈ સૌથી ઉત્કૃષ્ટ તપ હોય, તો તે સ્વાધ્યાય તપ છે. જૈનદર્શનમાં તપના બાર પ્રકાર આપ્યા છે. છ બાહ્ય તપ અને બીજા છ અભ્યંતર તપ. આ બારેય તપમાં સૌથી મહત્ત્વનું તપ એ સ્વાધ્યાય તપ ગણાયું છે.

ભગવાન મહાવીર સ્વામીએ એમના સાડા બાર વર્ષના સાધનાકાળમાં અનેક જુદાં-જુદાં પ્રકારનાં તપ કર્યાં. ક્ષત્રિયકુંડમાં એમના દીક્ષા સમયે એમને બે ઉપવાસ (છઠ્ઠ)નું તપ હતું અને પાવાપુરીમાં એમના નિર્વાણ સમયે પણ બે ઉપવાસ (છઠ્ઠ)નું તપ હતું. આ ઉપરાંત સંગમદેવના ઉપસર્ગને કારણે એમણે છ માસના ઉપવાસ કર્યા હતા, તો એના બીજા ચાતુર્માસ વખતે નાલંદામાં ચાર માસક્ષમણ (એક-એક મહિનાના ઉપવાસ) કર્યા હતા. આ સર્વ તપસાધના સમયે એમનું સ્વાધ્યાય તપ નિરંતર ચાલુ રહ્યું. એમણે સાડા બાર વર્ષના સાધનાકાળમાં ક્વચિત્ ગોચરી (આહાર) ગ્રહણ કર્યો, પરંતુ આ સાડા બાર વર્ષ એમની એક પણ ક્ષણ સ્વાધ્યાય વિનાની ગઈ નથી.

આવો સ્વાધ્યાયનો અનોખો મહિમા છે; પરંતુ આ સ્વાધ્યાય એટલે શું ? સ્વાધ્યાય દ્વારા શું કરવાનું હોય છે ? અને તેનાથી આત્માને શો લાભ થાય છે ? સૌ પ્રથમ તો 'સ્વાધ્યાય' એટલે 'સુ', 'અધિ' અને 'આય'. એનો અર્થ એ છે કે સમ્યક્ રીતે ચારે બાજુથી અધ્યયન કરવું. અહીં 'સમ્યક્' શબ્દથી એમ દર્શાવવામાં આવ્યું છે કે માત્ર શાસ્ત્ર વાંચવા તેટલું પૂરતું નથી; પરંતુ એ શાસ્ત્રના અર્થોનું ચિંતન કરીને અને એમાં રહેલા ગર્ભિત ભાવોને સમજીને સ્વાધ્યાય કરવો જોઈએ.

સામાન્ય રીતે આપણે ત્યાં શાસ્ત્રોનું શ્રવણ કરવાની પ્રથા છે અને એ રીતે અમુક ધાર્મિક પર્વના દિવસો દરમિયાન અમુક શાસ્ત્રોનું નિયમિતરૂપે કે રૂઢિગત પ્રકારે વાચન થતું હોય છે; પરંતુ શાસ્ત્રનું ખરું વાચન તો એ છે કે જ્યાં એક વ્યક્તિ શાસ્ત્રનું વાચન કરે અને તમારા દિલમાં એના અર્થોનું અજવાળું થાય.

માત્ર કથનથી તો પોપટિયું જ્ઞાન મળે છે. એને વિશે સપાટી પરની સમજ મળે છે; પરંતુ શાસ્ત્રરચનાકારે જ્યારે એ શાસ્ત્રની રચના કરી, ત્યારે એની પાસે વર્ષોના અનુભવોનો ભંડાર, ગહન જ્ઞાનની ઉપલબ્ધિ અને ચિંતનની આગવી દૃષ્ટિ હતી. એ બધી બાબતને એણે ગ્રંથમાં સંક્ષેપરૂપે નિરુપી છે, આથી શાસ્ત્રના શબ્દોનો અર્થ પકડનાર શાસ્ત્રના હૃદય સુધી પહોંચી શકતો નથી અને જો એ શાસ્ત્રના હૃદય સુધી પહોંચી શકે નહીં, તો એ શાસ્ત્રમાં રહેલી ગહનતાને પામી શકતો નથી. ક્યારેક શાસ્ત્રના શબ્દોની ઉપરછલ્લી સમજણ અનર્થકારી બને છે અને એ વ્યક્તિમાં ખોટા વહેમો

કે માન્યતાઓ જગાડે છે. આપણે ત્યાં આવી રીતે શાસ્ત્રના સપાટી પરના શબ્દોનો આધાર લઈને ઘણી ખોટી માન્યતાઓ, વહેમો અને અંધશ્રદ્ધાઓ પ્રચલિત થાય છે અને તેથી શાસ્ત્રને અધકચરું સમજનાર તો ધર્મને માટે નાસ્તિક કરતાં પણ વધુ જોખમી અને ખતરનાક છે.

સ્વાધ્યાય કરતી વખતે વ્યક્તિ એ ગ્રંથ વાંચતો નથી; પરંતુ ગ્રંથકારના હૃદયમાં પ્રવેશ કરવાનો પ્રયત્ન કરે છે. એના એકેએક શબ્દોનો અર્થ પામવાનો અને એને ઉકેલવાનો પ્રયાસ કરે છે. જેમ બંધ કમળપુષ્પની એક પછી એક કોમળ પાંદડી ખૂલે, તે રીતે એના વિશે ઊંડુ ચિંતન કરીને પોતાના સંચિત જ્ઞાનના આધારે એનો અર્થ સમજવા કોશિશ કરે છે. જો એમાં એને સફળતા ન મળે, તો એ આ વિષયના અભ્યાસી કે અધ્યાત્માનુભવીને મળે છે અને એમાંથી એ મર્મ પામવા પ્રયત્ન કરે છે. કોઈ સદ્‌ગુરુ પાસેથી પણ એ સમજવા કોશિશ કરે છે. આ સર્વ દૃષ્ટિએ સ્વાધ્યાય એટલે ગ્રંથનું સમ્યગ્ રીતે, ચારે બાજુથી અધ્યયન કરવું તેમ કહી શકાય.

ગ્રંથ-અધ્યયન પૂર્વે સ્વાધ્યાય કરનાર સાધક પાસે કેટલીક આવશ્યક શરતો હોય છે અને એમાંની પ્રથમ શરત એ છે કે ગ્રંથ પાસેથી એ જે વિચારો પામે છે, તેનું એણે આચરણમાં રૂપાંતર કરવાનું છે. માત્ર મહાન ગ્રંથોમાં ઉમદા વિચારો અને આદર્શો જાણવા એ પૂરતું નથી. એના શ્લોકો મુખપાઠ કરવા એ પર્યાપ્ત નથી. એના વિશે બીજા ગ્રંથોમાંથી આધાર મેળવવા તે પણ આત્મજ્ઞાનીને માટે વિશેષ ઉપયોગી થતું નથી.

પંડિત અને આત્મજ્ઞાની વચ્ચે એક ભેદ છે. પંડિત પોતાના જ્ઞાનના પ્રભાવથી સામી વ્યક્તિને આંજી નાખવા પ્રયાસ કરતો હોય છે, જ્યારે આત્મજ્ઞાની એવો પ્રભાવ બતાવવાને બદલે પોતાનો સ્વભાવ પ્રગટ કરે છે. પંડિત એની પંડિતાઈ વ્યક્ત કર્યા વિના રહી શકતો નથી, જ્યારે આત્મજ્ઞાની પાસે બાહ્યરૂપે કશું હોતું નથી, એ તો સ્વસ્થ ચિત્ત પોતાના આત્મજ્ઞાનની પ્રવૃત્તિ આગળ વધારતા રહે છે.

એકવાર ભગવાન બુદ્ધને એક વ્યક્તિએ કહ્યું કે આપ મને કોઈ આધ્યાત્મિક વિષય પર ઉપદેશ આપો, જે હું મારા મનમાં ધારણ કરી રાખીશ અને વખત આવ્યે એ ઉપદેશને આચરણમાં મૂકીશ. ભગવાન બુદ્ધે આવી માગણી કરનાર યુવકને પૂછ્યું કે તમારા ઘરમાં આગ લાગી હોય તો તમે ક્યારે ત્યાંથી ભાગી જાવ છો ? તમે તત્ક્ષણ ભાગી જાવ છો. આવતીકાલ તો શું, આવતી ક્ષણની પણ રાહ જોતા નથી. એ જ રીતે જ્યારે ઉપદેશ પામવાનો પ્રયત્ન કરો, ત્યારે એ ઉપદેશને માટે હૃદયમાં એક તીવ્ર પ્યાસ હોવી જોઈએ. કશુંક પામીને અંતરમાં ઉતારવાની ઉત્કટ પ્રતીક્ષા હોવી જોઈએ. આજે ઉપદેશ મેળવીએ અને 'ભવિષ્ય'માં એનું આચરણ કરીશું એવો વિચાર કરનારનું 'ભવિષ્ય' ક્યારેય આવતું નથી અને એને પરિણામે એ ઉપદેશને ક્યારેય આચરણમાં મૂકી શકતો નથી. વર્તમાન સમયમાં એક ભિન્ન પરિસ્થિતિ એ જોવા મળે છે કે વ્યક્તિ સમક્ષ વ્યાખ્યાન, વિડિયો, સત્સંગ, પુસ્તકો, સામયિકો દ્વારા ઉપદેશનો ઢગલો ખડો કરવામાં આવે છે, પણ આચરણની બાબતમાં એ શૂન્ય રહે છે. સ્વાધ્યાય એ આચરણલક્ષી છે. શાસ્ત્રોના શબ્દોથી મુમુક્ષુના જીવનની લિપિ કંડારાવી જોઈએ.

સ્વાધ્યાય સાથે જોડાયેલી એક મહત્ત્વની બાબત ગહન, ઊંડાણભર્યું ચિંતન છે. આજના માનવી પાસે માત્ર ચિંતા રહી છે, ચિંતન રહ્યું નથી. એ દરેક બાબતો, પ્રશ્નો અને ઘટનાઓ વિશે ચિંતા સેવે છે; પરંતુ એના મૂળમાં જઈને એનાં કારણોની કે નિમિત્તોની તપાસ કરતો નથી. જીવન સ્થૂળ ભૂમિકાએ ચાલતું હોય, ત્યારે ગ્રંથોમાંથી મળતી

સાધનાની જડીબુટ્ટી કશી કામની હોતી નથી. એનું કારણ એ છે કે સ્થૂળતા સાથે ક્ષુદ્રતા અને ભૌતિકતા જોડાયેલી હોય છે અને જ્યાં સુધી વ્યક્તિને ભૌતિકતાનું આકર્ષણ હોય છે, ત્યાં સુધી એ સ્થૂળતામાં રમ્યા કરે છે અને ક્ષુદ્રતા ત્યજી શકતો નથી.

આ તો ફેરફુદરડીની રમત છે. એવે વખતે શાસ્ત્રનાં થોડાંક વચનો કાને પડે કે શાસ્ત્રનાં થોડાંક પૃષ્ઠોનું વાચન થાય, એનાથી કશું ન વળે. 'કઠોપનિષદ્'ના મર્મને પામવાની ઈચ્છા રાખનારે પહેલાં ધનની અને ભૌતિક ચીજ-વસ્તુઓની આસક્તિ છોડવી જોઈએ, પછી જ એ 'કઠોપનિષદ્'ના હૃદયમાં પ્રવેશી શકે અને તો જ એને એમાં આલેખાયેલી ભાવનાઓનો સ્પર્શ થાય.

આ રીતે જીવન અને જગત વિશેનું ઊંડાણભર્યું ચિંતન જરૂરી બને છે. એ ચિંતન વિના જો સ્વાધ્યાય કરશે તો એ સ્વાધ્યાય નિષ્ફળ જશે. વ્યક્તિને ધન-સંપત્તિ પ્રત્યે અપાર આકર્ષણ હોય અને પછી એ ધન-ત્યાગ કે અપરિગ્રહની ગમે તેટલી વાતો સાંભળે, તો પણ એનું આકર્ષણ એને પજવતું રહેશે. એ એક કે બીજા સ્વરૂપે પરિગ્રહની વૃત્તિને પંપાળતો રહેશે. પોતાના એ અપરિગ્રહ દ્વારા એટલે કે સંપત્તિ-ત્યાગ દ્વારા પોતાને કેટલી કીર્તિ મળશે, પોતાના નામનું બોર્ડ કે આરસની તકતી કેટલા ઇંચ પહોળી અને ઊંચી હશે ? એ બધાનો વિચાર કરશે અને એ મુજબ આગ્રહ સેવશે. કોઈપણ ભાવના જીવનમાં સાચા સ્વરૂપે પ્રગટ થાય, તે માટે ભીતરમાં એના વિશેની સાચી સમજણ હોવી જોઈએ. જો સાચી સમજણનું પુષ્પ ખીલ્યું નહીં હોય, તો એ ભાવનાની મહેક ફેલાશે નહીં. એ જ રીતે જો સાચી સમજણની પ્રાપ્તિ નહીં થઈ હોય, તો શાસ્ત્રોના સ્વાધ્યાયનો કોઈ હેતુ કે અર્થ રહેશે નહીં.

● ● ●

## સમાધિતંત્ર - અમૃતરસપાન

**(પાના નં. ૧૬ પરથી ચાલુ...)**

લય લાગે છે. તૃષાતુર આત્માને એક જ લગન છે. અનાદિકાળની વિપરીતતાને જ્ઞાનમાં લે છે પણ શ્રદ્ધાનું જોર તો અખંડ જ્ઞાયકને પુષ્ટ કરે છે. તે અંતરાત્માના ઓજસમાં લવલીન બની જાય છે. પૂ. બેનશ્રી ચંપાબેનની ભાવભાષા આ જ વાતની પુષ્ટિ આપે છે, "ખરેખર જેને સ્વભાવ રુચે, અંદરની જાગૃતિ હોય, તેને બહાર આવવું ગમતું જ નથી. સ્વભાવ શાંતિ અને નિવૃત્તિ રૂપ છે. શુભાશુભ વિભાવભાવોમાં આકુળતા અને પ્રવૃત્તિ છે. તે બંનેને મેળ ન જ ખાય." બહિરાત્મા અંતરાત્મા ક્યારે થાય ? કેવી રીતે થાય ? તેનો સમ્યક્ પુરુષાર્થ શું છે ? તે સંબંધમાં આ સમ્યક્ગિરા કહે છે, "વિચાર, મંથન બધું વિકલ્પરૂપ જ છે. તેનાથી જુદું વિકલ્પાતીત એક ટકતું જ્ઞાયક તત્ત્વ તે આત્મા છે. તેમાં 'આ વિકલ્પ તોડું, આ વિકલ્પ તોડું', તે પણ એક વિકલ્પ જ છે. તેનાથી પેલે પાર જુદો જ ચૈતન્યપદાર્થ છે. તેનું અસ્તિપણું ખ્યાલમાં આવે. હું જુદો, હું જ્ઞાયક જુદો, એવું નિરંતર ઘૂંટણ રહે તે પણ સારું છે. પુરુષાર્થની ઉગ્રતા અને તે જાતનો ઉપાડ હોય તો માર્ગ નીકળે જ. પહેલા વિકલ્પ તૂટતો નથી પરંતુ પહેલા પાકો નિર્ણય આવે છે."

માર્ગ સરળ અને સુગમ છે. કારણ પોતાનો માર્ગ છે, પણ રુચિપૂર્વક એક લગન થતાં કાર્યસિદ્ધિ થાય છે. નિજગૃહમાં જવા માટે નિજાશ્રય હોય છે. તે જ એક સમ્યક્ ઉપાય છે. પરમકૃપાળુદેવ સંક્ષેપમાં ગહનતાને આત્મ-આકાશમાં ગુંજિત કરે છે,

"આત્મભ્રાન્તિ સમ રોગ નહીં, સદ્ગુરુ વૈદ્ય સુજાણ;
ગુરુ આજ્ઞા સમ પથ્ય નહીં, ઔષધ વિચાર ધ્યાન."

આ શ્લોકનાં ઉત્તરાર્ધનો અભ્યાસ હવે પછી કરીશું. **(ક્રમશઃ)**

શ્રી પૂજ્યપાદ આચાર્ય વિરચિત

# સમાધિતંત્ર - અમૃતરસપાન

(ક્રમાંક - ૩૪)

પ્રા. ચંદાબહેન વી. પંચાલી (બોટાદ)

પરમકૃપાળુદેવની આર્ષવાણીમાં અવતરિત થયેલી સમાધિ-ભાષાના શબ્દો પત્રાંક - ૫૩૦માં છે, "જ્ઞાનદશામાં પોતાના સ્વરૂપના યથાર્થ બોધથી ઉત્પન્ન થયેલી દશામાં તે આત્મા નિજ ભાવનો એટલે જ્ઞાન, દર્શન (યથાસ્થિત નિર્ધાર) અને સહજસમાધિપરિણામનો કર્ત્તા છે. અજ્ઞાનદશામાં ક્રોધ, માન, માયા, લોભ એ આદિ પ્રકૃતિનો કર્ત્તા છે અને તે ભાવનાં ફળનો ભોક્તા થતાં પ્રસંગવશાત્ ઘટપટાદિ પદાર્થનો નિમિત્તપણે કર્ત્તા છે, અર્થાત્ ઘટઘટાદિ પદાર્થના મૂળ દ્રવ્યનો તે કર્ત્તા નથી, પણ તેને કોઈ આકારમાં લાવવારૂપ ક્રિયાનો કર્ત્તા છે. એ જે પાછળ તેની દશા કહી તેને જૈન કર્મ કહે છે; વેદાન્ત ભ્રાન્તિ કહે છે; તથા બીજા પણ તેને અનુસરતા એવા શબ્દ કહે છે. વાસ્તવ્ય વિચાર કર્યેથી આત્મા ઘટપટાદિનો તથા ક્રોધાદિનો કર્તા થઈ શકતો નથી, માત્ર નિજસ્વરૂપ એવા જ્ઞાનપરિણામનો જ કર્તા છે, એમ સ્પષ્ટ સમજાય છે." આ દિવ્યગિરામાં આત્મા જ્ઞાનપરિણામનો કર્તા છે એમ દર્શાવીને આત્મા અકર્તા, જ્ઞાતા છે એમ ગહનતાથી સમજાય છે.

શ્રી પૂજ્યપાદ આચાર્ય 'સમાધિતંત્ર' ગ્રંથમાં સમાધિયોગની અપૂર્વદશા કેવી રીતે પ્રાપ્ત થાય તેનો સમ્યક્ બોધ દર્શાવે છે. શ્લોક એકવીસમાં સમજાવ્યું કે આત્મ-પરિણામની પૂર્વે મારી ચેષ્ટા કેવી હતી ? કહે છે કે - જેવી રીતે કોઈ પુરુષ ભ્રમથી વૃક્ષનાં ઠૂંઠાને પુરુષ સમજી તેનાથી પોતાને ઉપકાર કે અપકાર આદિની કલ્પના કરી સુખી થાય છે અથવા દુઃખી થાય છે, તેવી રીતે હું પણ મિથ્યાત્વદશામાં ભ્રમથી શરીર-સ્ત્રી-પુત્ર-પરિવાર-ધનાદિને મારા માની તથા ઉપકાર કે અપકારની કલ્પના કરી સુખી અથવા દુઃખી થયો એવી મારી ચેષ્ટા હતી.

હવે શ્રી આચાર્યદેવ શ્લોક બાવીસમાં સમાધિગિરામાં આલેખે છે કે —

**यथाऽसौ चेष्टते स्थाणौ निवृत्ते पुरुषाग्रहे ।**

**तथा चेष्टोऽस्मि देहादौ विनिवृत्तात्मविभ्रमः॥२२॥**

**अन्वयः** स्थाणौ निवृत्ते पुरुषाग्रहे यथा असौ चेष्टते देहादौ निवृत्तात्मविभ्रमः तथा चेष्टः अस्मि ।

**શબ્દાર્થ :** સ્થાણૌ - વૃક્ષના ઠૂંઠામાં, निवृत्तेपुरुषाग्रहे - 'આ પુરુષ છે' એવી ભ્રાન્તિ દૂર થતાં, यथा - જેવી રીતે, चेष्टते - ચેષ્ટા કરે છે, देहादौ - શરીર આદિમાં, विनिवृत्तात्मविभ्रमः - જેનો આત્મવિભ્રમ દૂર થયો છે, तथा चेष्टः - તેવી રીતે ચેષ્ટા કરું છું.

**ભાષાન્તર :** વૃક્ષના ઠૂંઠામાં આ પુરુષ છે તેવી ભ્રાન્તિ દૂર થતાં જેવી રીતે તે પૂર્વ ભ્રાન્તિવાળો પુરુષ ચેષ્ટા કરે છે અર્થાત્ તેની ઉપકારાદિ ભાવનાનો ત્યાગ કરે છે, શરીરાદિમાં જેનો આત્મ-વિભ્રમ દૂર થયો છે તેવો હું તેવી રીતે ચેષ્ટા કરું છું.

**ભાવાર્થ :** પૂ. આચાર્યદેવ ફરમાવે છે કે આત્મ-પરિજ્ઞાન મને ન હતું ત્યારે મારી ચેષ્ટા આત્મભ્રાન્તિ અને આત્મવિપર્યાસને કારણે બધામાં

મારાપણું અહમ્ – મમની પરિણતિ ચાલતી હતી. હવે આત્મ-પરિજ્ઞાન થયું. અર્થાત્ હું આત્મા છું - પરભાવથી ભિન્ન છું એવી પરિણતિમાં પ્રવેશ થયો તો ભ્રાન્તિ ચાલી ગઈ. ઠુંઠામાં પુરુષાકાર કલ્પના કરી હતી તેથી સુખરૂપ - દુઃખરૂપ અવસ્થાએ પરિણમન થતું હતું. **હવે અંતરાત્માને ભેદ-વિજ્ઞાન દ્વારા શરીર અને આત્માની એકતાનો ભ્રમ દૂર થતાં શરીર-પુત્ર-પરિવાર આદિમાં ઉપકાર બુદ્ધિ કે અપકાર બુદ્ધિ થતી નથી. હવે ઉદાસીન અવસ્થામાં જીવાય છે. જ્ઞાયકમાં રહેવાય છે. તત્ત્વદષ્ટિમાં સ્થિર થવાય છે. ચૈતન્યલોકમાં કેલિ થાય છે. રસાન્વિત આત્માનો અમૃતરસ પીવાય છે. અહો ધન્ય અપૂર્વ દશા !**

**વિશેષાર્થ :** આચાર્યદેવ શ્રી પૂજ્યપાદ સ્વામીએ સાગરને ગાગરમાં ભર્યો છે. બુંદમાં સમુદ્ર સમાવ્યો છે. બહિરાત્માને પુરુષાર્થની તીવ્રધારાથી અંતરાત્મા પછી પરમાત્મામાં પદાર્પણ કરાવ્યું છે. શ્લોક એકવીસમાં બહિરાત્માની પરિણતિના દૃષ્ટાન્ત સાથે ભવ્યાત્માને સરળતાથી સમજાવ્યું છે. મિથ્યાત્વના સંગમાં રહીને અહમ્ – મમ્ ના ભાવોને એટલા બધા દૃઢ કર્યા કે પોતાના અસ્તિત્વને વિસાર્યું. આચાર્યદેવ ભવ્યાત્માને જાગૃત કરે છે. હે વત્સ ! જાગ રે જાગ. તું રાજહંસ છે. ભ્રાન્તિમાં ભૂલાવું તારો સ્વભાવ નથી. તારો સાચો આહાર તો માન-સરોવરના મોતીનો છે.

તેથી ભેદ-વિજ્ઞાનના સત્‌બળે અંતરાત્મામાં પદાર્પણ કરાવે છે. પ્રસ્તુત શ્લોક અપૂર્વ આત્મધારા સાથે પ્રગટ થયો છે તેને અનુક્રમે સમજવા અભ્યાસ કરીએ.

(૧) **स्थाणौ असौ** - શ્લોક એકવીસનું અનુસંધાન લઈને ભ્રાન્તિમગ્ન જીવ પહેલા એમ માનતો હતો કે વૃક્ષનું ઠૂંઠુ છે તેમાં એ પુરુષાકારની કલ્પના કરી. ગાઢ અંધકાર નથી તેવી રાત્રિમાં દૂરથી વૃક્ષ દેખાતું હોય, વૃક્ષની ડાળીઓ - થડ હલનચલન (વાયુના કારણે) વગેરેથી ભ્રાન્તિથી મનાય કે સામે કોઈ પુરુષ છે. હાથ-પગ છે. હાલેચાલે છે. પરિણામે ભયવ્યાપ્ત થઈ અનેક કલ્પનાઓ કરે છે. વિપરીત વ્યવહારની કલ્પના કરે છે. આકુળવ્યાકુળ થાય છે. આવો જીવ બહિરાત્મા છે.

અનાદિકાળથી ભ્રાન્તિથી જીવે માની લીધું છે કે શરીર મારું, પરિવાર મારો, ધનાદિક સંપત્તિ મારી છે. હું તેનો સ્વામી છું. માલિક છું. પરિણામે ચાર ગતિના ભ્રમણામાં ભમ્યા કરે છે. અહમ્ – મમ્ બે વિપરીતભાવથી ઘેરાઈ ગયો છે. આચાર્યદેવ શ્રી કરુણારસાન્વિત મધુર સરસ્વતીથી કહે છે કે હે બહિરાત્મા ! તારો આ જન્મ અન્તરાત્મામાં આત્મરસ નિમગ્ન થવા માટે છે તેથી જાગૃત થા - જાગૃત થા. પરમકૃપાળુદેવ પ્રકાશે છે, ''હે જીવ ! આ કલેશરૂપ સંસારથકી વિરામ પામ, વિરામ પામ; કાંઈક વિચાર, પ્રમાદ છોડી જાગૃત થા ! જાગૃત થા !! નહિ તો રત્નચિંતામણિ જેવો આ મનુષ્યદેહ નિષ્ફળ જશે. હે જીવ ! હવે તારે સત્‌પુરુષની આજ્ઞા નિશ્ચય ઉપાસવા યોગ્ય છે.'' જ્ઞાની સત્પુરુષો નિરંતર પોતાના જીવનથી - સંદેશથી - સત્સંગથી આ જ તત્ત્વને પ્રગટ કરે છે.

(૨) **निवृत्ते पुरुषाग्रहे** - વૃક્ષમાં ઠૂંઠાની ભ્રાન્તિ હતી તે નિવૃત્ત થાય છે અને આ પુરુષ છે એમ સમજાય છે.

पुरुषाग्रहे निवृत्ते – पुरुष एव इति आग्रहे निवृत्ते – विगलिते सति निःशङ्कतया चेष्टते – આ પુરુષ છે એવું સમજતાં તે નિઃશંક થઈને રહે છે.

ગાથા પંદરમાં આપણે જોયું હતું કે 'દેહ તે હું છું' આ ભ્રાન્તિ સંસારમાં પરિભ્રમણનું કારણ

બને છે. આ શ્લોકમાં દૃષ્ટાન્તથી એ વાતને દઢ કરાવે છે. દેહ તે હું - દેહને કાંઈ થાય તો મને થયું એવી કર્મધારામાં જીવતાં શિષ્યને સદ્‌ગુરુ સદ્‌બોધથી જાગૃત કરે છે. શિષ્ય પણ આ સદ્‌બોધનો ગ્રાહક થઈને સજાગ થયો. ઠૂંઠાને પુરુષ માની ભય પામતો હતો કે તે મને લૂંટી લેશે - વગેરે ભયાવૃત બહિરાત્મા હવે ભેદવિજ્ઞાનના બળે મિથ્યાઆગ્રહથી મુક્ત થયો સદ્‌ગુરુબોધનો આત્મનિષ્ઠ બની, નિર્ભય થઈ આત્મા નિઃશંકપણે સત્ છે, પરમાનંદ સ્વરૂપ છે, ચૈતન્યમય પરમ સ્વરૂપ આનંદઘન છે એવો નિશ્ચય થયો. દેહને આધારે સુખી-દુઃખી થવાની કલ્પના હતી તે વિરામ પામી. આખા સંસારની ઉપાધિથી જીવ નિવૃત્ત થયો. પ્રારબ્ધકર્મવશાત્ સંસાર હોય છે, પણ અંતરાત્મામાં સંસાર રહેતો - જીવતો નથી.

**દૃષ્ટાન્ત :** અયોધ્યાપુરીમાં ધનદત્ત શેઠ રહેતા હતા. કારોબાર વિશાળ હતો. બે મહેતાથી હિસાબ રાખવાનો વહીવટ સંભાળતા હતા. કર્મવશાત્ ધનદત્ત શેઠની સંપત્તિ ઘટવા લાગી. વ્યાપાર-ધંધામાં નુકસાન થવા લાગ્યું. ધનદત્ત શેઠને ચિંતા થવા લાગી. આકુળ-વ્યાકુળ થવા લાગ્યા પણ બંને મહેતાજી નોકરી કરતા હતા તેઓને ચિંતા કે વ્યાકુળતાનું કારણ ન રહ્યું. કારણ બહુ સ્પષ્ટ છે કે તેઓને નફા-નુકસાન સાથે નાતો ન હતો. સુખી-દુઃખી થવાનું ન હતું.

તેવી રીતે ધાવમાતા રાજપુત્રને કે શેઠપુત્રની બાલ્યકાળથી સંભાળ રાખે, પાળે, પોષે પણ અંદરનો લગાવ ધાવમાતાને નથી. સંસ્થાના-ટ્રસ્ટીઓ હોય. ટ્રસ્ટીશીપથી કાર્ય કરે - એકાએક સંસ્થામાં કોઈ પણ પ્રકારનું નુકસાન થાય તો સુખની, દુઃખની લાગણીથી દૂર રહે છે. એ જ સમયે પોતાનું ઘરનું કે ફેક્ટરીનું, દુકાનનું નુકસાન થયું હોય તો લગાવને કારણે સુખ-દુઃખ થાય છે.

જ્યારે અંતરાત્મા આત્મસ્વભાવને નિરંતર જ્ઞાનધારામાં પરિણતિ રૂપે જીવતાં હોવાથી, ભ્રાન્તિદોષ ગયો હોવાથી જ્ઞાયકનો દોર હાથમાં હોવાથી આત્મદશામાં જીવે છે.

श्री शीतलप्रसादश्री जैन-लिखते है कि यहाँ पर अंतरात्मा अपनी वर्तमान अवस्था को विचार करते है कि अब मुझे आत्मज्ञान हुआ है, इससे मेरी जो चेष्टा शरीर, स्त्री, पुत्रादि व इन्द्रियों के विषयोमें पहले थी, सो बिलकुल बदल गई है । पहले मैं इन्द्रिय विषय के सुख को ही अपना सर्वस्व मानता था और मेरा सारा लौकिक व्यवहार इसी हेतु से था । यहाँ तक कि जो कुछ दानधर्म भी मैं करता था उसमें भी यही उद्देश्य दिल में रखता था । अब मेरे जीवन का उद्देश्य बदल गया है अब मैंने अतीन्द्रिय सुख को पहचान लिया है ।

ભ્રાન્તિ જતાં સત્ આત્મા અનુભવાય છે. અંતરાત્મા-નિજાત્મામાં સ્થિત થાય છે. જે અનુક્રમે પરમાત્માદશા અનુભવે છે. શ્રી મુક્તાનંદસ્વામીનું સ્મરણ થાય કે

"હસતાં રમતાં પ્રગટ હરિ દેખું રે,
મારું જીવ્યું સફળ તબ લેખું રે"

અંતરાત્માના શબ્દોમાં આ ભાવ આવે છે,
હસતા રમતાં પ્રગટ હરિ દેખું રે,
મારું જીવ્યું સફળ અબ લેખું રે.

બહિરાત્મામાં તબ હતું. અંતરાત્મામાં શબ્દો અને ભાવ રૂપાંતર પામે છે. મારું જીવ્યું સફળ અબ લેખું રે... ભાવની મહિમા વિશેષ છે.

સમકિત સન્મુખ આત્મા સદ્‌ગુરુના બોધવચનોમાં અખંડ વિશ્વાસુ હોય તેને સદ્‌ગુરુની આજ્ઞાનું ધાકડેધાકડ પાલન હોય છે. પિયુપિયુની

**(અનુસંધાન પાના નં. ૧૩ પર...)**

# શ્રી આનંદઘન ચોવીશી

અશોકભાઈ પી. શાહ

(ગતાંકથી ચાલુ...)

## શ્રી પાર્શ્વનાથ તીર્થંકર સ્તવન

પાર્શ્વનાથ પ્રભુની જ્ઞાનશક્તિની ભક્તિ કરતાં સ્તવનની શરૂઆતમાં કહ્યું કે પ્રભુ સર્વ પર - જ્ઞેયને જાણવા છતાં ધ્રુવપદ એવા સ્વ-જ્ઞેયમાં લીન રહી 'ધ્રુવપદ રામી' થયા. સમસ્ત લોકાલોકનું જ્ઞાન થવા છતાં પાર્શ્વનાથ સ્વદ્રવ્યમાં સુસ્થિત થઈ ક્ષેમકુશળતાપૂર્વક 'સાદિ અનંત સમાધિસુખ'ને પામ્યા છે. મારે જો પ્રભુની જેમ મારા આત્મસ્વરૂપમાં નિરાકુળ આરામ પામવો હોય તો તેની શરૂઆત મારામાં રહેલી પ્રભુના જેવી જ જ્ઞાનશક્તિને તત્ત્વદૃષ્ટિએ સમજવાથી થશે. એટલે જ્ઞાન શું ? તેનો સ્વભાવ શું ? જ્ઞાતા શું ? જ્ઞેય શું ? જ્ઞાતા-જ્ઞેય સંબંધ શું ? આ સર્વનું વીતરાગ પ્રરૂપિત યથાર્થ સ્વરૂપ સમજીએ તો પર પદાર્થોને માત્ર જ્ઞેય જાણી જ્ઞેયલુબ્ધ ન બનીએ પણ જ્ઞાનમગ્ન રહીએ. પરિણામે પરવસ્તુ, વ્યક્તિ કે પરિસ્થિતિનું કર્તા-ભોક્તાપણું મટીને માત્ર જ્ઞાતાપણું રહેશે, મોહ અને આસક્તિનું જોર ઘટતું જશે, જ્ઞાનસ્વરૂપ નિજાત્માનો મહિમા વધશે અને કોઈ ધન્ય પળે સ્વરૂપમાં સ્થિર થવાશે.

આ જ મુખ્ય પ્રયોજનથી જ્ઞાનગુણનું વિજ્ઞાન ધીરજથી સમજવું રહ્યું, જે આ સ્તવનમાં સમજાવાનો પ્રયત્ન થયો છે. આ સ્વરૂપાનુસંધાનનું પ્રયોજન લક્ષમાં રહે તો સ્તવનમાં રજૂ થયેલ તત્ત્વજ્ઞાન શુષ્ક ન બનતાં તેમાં રસ પડશે. જ્ઞાતા-જ્ઞાન-જ્ઞેય સંબંધની સમજણ દ્રવ્ય અપેક્ષાએ, અર્થાત્, સ્વ-દ્રવ્ય, પરદ્રવ્યની અપેક્ષાએ આ સ્તવનની શરૂઆતમાં આપવામાં આવી. હવે ક્ષેત્ર અપેક્ષાએ તે સંબંધ સમજાવે છે, તે જોઈએ :

**પરક્ષેત્રે ગત જ્ઞેયને જાણવે, પરક્ષેત્રે થયું જ્ઞાન, સુ.**
**અસ્તિપણું નિજક્ષેત્રે તુમે કહ્યું, નિર્મલતા ગુણ માન. સુ.ધ્રુ.૪**

**શબ્દાર્થ :** અન્ય ક્ષેત્રમાં રહેલા જ્ઞેયને જાણવાથી જ્ઞાન અન્ય ક્ષેત્રમાં થયું ગણાય. પરંતુ તેનું અસ્તિત્વ તો પોતાના જ ક્ષેત્રમાં હોય એમ હે પ્રભુ, તમે તમારા નિર્મળ જ્ઞાનગુણ દ્વારા કહ્યું છે, તે પ્રત્યે મને માન છે. (પરક્ષેત્રે ગત = અન્ય ક્ષેત્રમાં, અન્ય પ્રદેશમાં રહેલા; જ્ઞેય = જાણવામાં આવતા પદાર્થો; અસ્તિપણું = હોવાપણું, અસ્તિત્વ; નિજક્ષેત્રે = પોતાના પ્રદેશમાં)

**ભાવાર્થ :** અહીં સ્તવનના રચયિતા થોડો પ્રશ્ન ઉઠાવે છે કે જો **'પરક્ષેત્રે ગત જ્ઞેયને જાણવે'** તો **'પરક્ષેત્રે થયું જ્ઞાન'** – અર્થાત્ જો જ્ઞાનશક્તિ એવી છે કે બીજા ક્ષેત્રમાં રહેલા જ્ઞેય પદાર્થોને પણ જાણે તો પછી જ્ઞાન પોતાની સ્વ-ક્ષેત્રીય સીમા વટાવીને પરક્ષેત્રે ગયું ગણાય. પરંતુ સ્તવનકાર વીતરાગ વિજ્ઞાનમાં અપૂર્વ શ્રદ્ધાથી સ્વયં તેનું સમાધાન મેળવે છે કે હે પ્રભુ, તમે જ તમારા નિર્મળ જ્ઞાનગુણ દ્વારા વસ્તુનું યથાર્થ સ્વરૂપ સમજાવ્યું છે કે, **''અસ્તિપણું નિજક્ષેત્રે કહ્યું.''** અર્થાત્ દરેક દ્રવ્ય અને તેના ગુણો તથા પર્યાયો પોતાના સ્વ-ક્ષેત્રમાં જ અસ્તિત્વ ધરાવે છે. તે બીજા દ્રવ્યના ક્ષેત્રમાં વ્યાપી ન શકે. આત્મદ્રવ્ય અને જ્ઞાનગુણ, આ બે વચ્ચે જ વ્યાપ્ય-વ્યાપક સંબંધ હોઈ શકે. પર પદાર્થ સાથે જ્ઞાનનો માત્ર જ્ઞાતા-જ્ઞેય સંબંધ છે, વ્યાપ્ય-વ્યાપક સંબંધ નથી. અર્થાત્ જ્ઞાનગુણનું ક્ષેત્ર તો તેના આધારભૂત આત્મદ્રવ્યના પ્રદેશો સુધી જ સીમિત છે, પરંતુ

તેનો અર્થ એવો નથી કે જ્ઞાન પરક્ષેત્રે રહેલા જ્ઞેયને જાણી ન શકે. જ્ઞાનગુણનો સ્વભાવ જ છે કે તે પોતાની સીમામાં રહીને પણ દૂરસ્થ જ્ઞેયને, પદાર્થોને જાણી શકે. જેમ આંખ પોતાની જગ્યાએ રહીને પણ અન્ય ક્ષેત્રમાં રહેલ દૂર કે નજીકના પદાર્થોને જોઈ શકે છે. આપણો જ અનુભવ છે કે ઘરમાં બેઠા બેઠા આપણે ભિન્ન ક્ષેત્રે આવેલ વસ્તુઓનું, ગામનું, નગરનું, દેશ-પરદેશનું જ્ઞાન કરી શકીએ છીએ, જેટલો આપણો જ્ઞાનનો ક્ષયોપશમ. સર્વજ્ઞનું જ્ઞાન સંપૂર્ણપણે નિરાવરણ, ક્ષાયિક અને અતીન્દ્રિય હોવાથી સમસ્ત લોકાલોકના રૂપી-અરૂપી જ્ઞેયોને નિજક્ષેત્રમાં રહીને જાણે છે.

''પરક્ષેત્રે થયું'' જ્ઞાન આ ચરણનો અર્થ એમ લેવો ઘટે કે પરક્ષેત્રનું જ્ઞાન થયું. પણ તે માટે જ્ઞાનને પરક્ષેત્રે જવું નથી પડતું. જો જ્ઞાનગુણ સ્વદ્રવ્યના ક્ષેત્રની સીમા વટાવી પરક્ષેત્રમાં જાય તો શું મુશ્કેલી ઊભી થાય તે શ્રી પ્રવચનસાર ગાથા - ૨૪/૨૫ની ટીકામાં આચાર્યશ્રી અમૃતચંદ્રાચાર્ય સમજાવે છે, જેનો ભાવાર્થ એમ છે કે, *''જો જ્ઞાન આત્માના ક્ષેત્રથી આગળ વધીને બહાર પરક્ષેત્ર તરફ વ્યાપતું માનવામાં આવે તો જ્ઞાન પોતાના આશ્રયભૂત ચેતનદ્રવ્યનો સંબંધ નહિ રહેવાને લીધે અચેતન (જડ) થઈ જાય !''* અને જ્ઞાન અચેતન થાય એવું બનવું તો તદ્દન અસંભવ છે. આમ, જ્ઞાન પરક્ષેત્રે જતું નથી પણ તેનું અસ્તિપણું માત્ર નિજાત્મક્ષેત્રમાં જ છે એ સિદ્ધ થાય છે. આવું ત્રિકાળ અબાધિત વીતરાગ વિજ્ઞાન પાર્શ્વનાથ આદિ તીર્થંકરોએ પોતાના નિર્મળજ્ઞાન દ્વારા જાણીને પ્રરૂપ્યું છે, તે પ્રત્યે અત્યંત અહોભાવ અને માન થવું યોગ્ય છે. તેથી કહે છે : 'નિર્મળતા ગુણ માન.'

દ્રવ્ય અને ક્ષેત્રથી જ્ઞાતા-જ્ઞેય સંબંધ જણાવ્યા પછી હવે કાળ અપેક્ષાએ તે સંબંધ સમજાવે છે,

**જ્ઞેય વિનાશે હો જ્ઞાન વિનશ્વરુ, કાળ પ્રમાણે રે થાય, સુ.**
**સ્વકાળે કરી સ્વસત્તા સદા, તે પર રીતે ન જાય. સુ.ધ્રુ૦૫**

**શબ્દાર્થ :** કાળ એટલે સમય પ્રમાણે જોતાં જ્ઞેયનો વિનાશ થતાં જ્ઞાનનો પણ નાશ થાય. પરંતુ સ્વકાળમાં રહેતી ચૈતન્યસત્તા સદાય રહે છે તે કદાપિ પરરૂપ થતી નથી. (વિનશ્વરુ = વિનાશને પાત્ર થાય; કાળ પ્રમાણે = સમયને અનુસરીને, કાળાંતરે; સ્વકાળે = પોતાના આત્મદ્રવ્યનો સ્વતંત્ર કાળ; સ્વસત્તા = પોતાની ચૈતન્યસત્તા, હોવાપણું)

**ભાવાર્થ :** સૌથી પહેલાં અહીં સમજી લેવું ઘટે કે અહીં જ્ઞાનગુણના વિનાશની વાત નથી. જ્ઞાન 'ગુણ' તો અખંડપણે આત્મા સાથે રહે છે. નિગોદમાં જાય તો પણ આત્માનું જ્ઞાન નાશ પામતું નથી. અહીં જે 'જ્ઞાન વિનશ્વરુ'ની વાત છે, તે 'કાળ પ્રમાણે' અર્થાત્ કાળાંતરે પર્યાય બદલાતાં જ્ઞાનની પૂર્વ પર્યાય નાશ પામે, એમ પર્યાયદૃષ્ટિએ 'જ્ઞાન વિનશ્વરુ' કહેવાનો આશય છે. ગાથાના આ ચરણને ફરીથી સુવર્ણનું દૃષ્ટાંત લઈ સમજીએ.

સુવર્ણદ્રવ્યની પહેલી પર્યાય લગડીરૂપે અને તે લગડીમાંથી બંગડી બની એમ સમજીએ. હવે મારા જ્ઞાનમાં પહેલાં સોનાની લગડી જ્ઞેયરૂપે આવી. તેથી મારા જ્ઞાનની 'પર્યાય' પહેલાં લગડીરૂપે જ્ઞેયાકાર થઈ. પછી કાળાંતરે, 'કાળ પ્રમાણે' અર્થાત્ સમય બદલાતાં લગડી-જ્ઞેયનો વિનાશ થઈ બંગડીરૂપે જ્ઞેય સામે આવ્યું. ત્યારે મારા જ્ઞાનની પર્યાયનો પણ કાળ બદલાતાં લગડીરૂપ જ્ઞેયાકાર પર્યાયનો નાશ થયો. આમ, નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી લગડી-જ્ઞેયનો નાશ થતાં લગડીરૂપ જ્ઞાન-પર્યાયનો નાશ થયો એમ કહેવાય. તેથી અહીં ઉપચાર માત્રથી કહ્યું છે કે **''જ્ઞેય વિનાશે હો જ્ઞાન વિનશ્વરુ.''**

જ્ઞાનની તત્ક્ષણ વર્તમાન પર્યાયને 'સ્વકાળ' કહેવાય છે. પહેલી વર્તમાન ક્ષણમાં સોનાની લગડીરૂપ જ્ઞેયાકાર થવું તે જ્ઞાનની 'સ્વકાળ' પર્યાય કહેવાય. બીજી ક્ષણે બંગડી રૂપ જ્ઞેયાકાર પર્યાય થતાં જે લગડીરૂપ જ્ઞેયાકાર પહેલી પર્યાય **વીતી ગઈ**

તેને 'પરકાળ' કહે છે. અને બંગડીરૂપ જ્ઞેયકાર બીજી પર્યાય સ્વકાળ બની ગઈ. આવી વિભિન્ન જ્ઞાનપર્યાયોની શૃંખલા માત્ર છદ્મસ્થ જીવોને હોય છે, કારણ કે છદ્મસ્થ જીવોનો ઉપયોગ એક સમયે એક જ્ઞેયમાં જઈ શકે છે. પણ સ્વસત્તામાં સદાય લીન રહેતા એવા શ્રી પાર્શ્વનાથ જેવા સર્વજ્ઞ પ્રભુને તો સર્વદ્રવ્યની ત્રણે કાળની પર્યાયો યુગપત્ એકસાથે વર્તમાન સમયમાં જ જણાય છે. તેથી તેમનું જ્ઞાન સદાય સ્વકાળમાં જ પ્રવર્તે છે. તેથી અહીં કહ્યું કે **''સ્વકાળે કરી સ્વસત્તા સદા.''**

આમ, દ્રવ્યદૃષ્ટિએ અવિનાશી અને પર્યાય-દૃષ્ટિએ વિનાશી એવા જ્ઞાનગુણથી અન્ય પદાર્થો જાણવામાં આવતા છતાં **''તે પર રીતે ન જાય.'' —** આત્મા કદી પરદ્રવ્યરૂપ થઈ જતો નથી. જ્ઞેય પદાર્થો અને જ્ઞાનસ્વરૂપ આત્માનું એકબીજામાં વર્તવું તે માત્ર ઉપચારથી કહેવાય છે. યથાર્થ દૃષ્ટિએ જોતાં એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપે કદાપિ ન થઈ શકે એવો દ્રવ્ય-સ્વાતંત્ર્યનો સિદ્ધાંત છે. પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે તેમ :

*જડભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ;*
*કોઈ કોઈ પલટે નહિ, છોડી આપ સ્વભાવ.*

આમ દ્રવ્ય, ક્ષેત્ર અને કાળ અપેક્ષાએ જ્ઞાતા-જ્ઞેય સંબંધ જાણ્યા પછી હવે 'ભાવ'થી તે સંબંધ બતાવે છે.

**પરભાવે કરી પરતા પામતા, સ્વસત્તા થિર ઠાણ, સુ.**
**આત્મ ચતુષ્કમયી પરમાં નહીં, તો કિમ સહુનો રે જાણ.સુ.ધ્રુ૦૬**

**શબ્દાર્થ :** પરપદાર્થોના જ્ઞેયરૂપ પરભાવના નિમિત્તથી જ્ઞાતા પરપણું પામે છે, તેમ છતાં સ્વસત્તામાં સ્થિર સ્થાને છે. આત્માના સ્વ-ચતુષ્ટય (દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ) પરરૂપ થતા નથી. છતાં આશ્ચર્ય છે કે તે બધી વસ્તુને કઈ રીતે જાણે છે ! (પરભાવ = પર પદાર્થના પરિણામ; પરતા = પરપણું; થિર = સ્થિર; ઠાણ =સ્થાન; ચતુષ્કમયી = દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ - તે ચાર અપેક્ષાઓ)

**ભાવાર્થ :** જ્ઞેયના નિમિત્તથી જ્ઞાન જ્ઞેયાકાર થાય, પરંતુ જ્ઞેયરૂપ ન થાય, તે દ્રવ્ય-સ્વાતંત્ર્યના સિદ્ધાંતને અહીં ફરીથી પુષ્ટ કરે છે. પરદ્રવ્યની દરેક સમયની અવસ્થા, પર્યાય તેને 'પરભાવ' કહીએ. તે જ્ઞેયરૂપે આત્માની જ્ઞાન પર્યાયમાં ઝળકે ત્યારે જ્ઞાનની પર્યાય તે પરદ્રવ્યના જ્ઞેયાકારરૂપે પરિણમે છે, તે અપેક્ષાએ અહીં જ્ઞાન **'પરતા પામે'** અર્થાત્, પરપણું પામે એમ ઉપચારથી કહે છે, ખરેખર તો જ્ઞાન કદાપિ 'પરરૂપ' થઈ જતું નથી પણ સદાય **'સ્વસત્તા થિર ઠાણ'** — સ્વસત્તામાં, પોતાની ચૈતન્યસત્તામાં, જ્ઞાનના ધારક એવા આત્મદ્રવ્યમાં અખંડપણે સ્થિર રહે છે.

આ વાતને સરળતાથી સમજવા ફરીથી સોનાની બંગડીનું દૃષ્ટાંત લઈએ. સોનું તે પરદ્રવ્ય. તેની બંગડીરૂપ પર્યાય તે પરભાવ. તે જ્ઞેયરૂપે જ્ઞાનમાં આવતાં **જ્ઞાનની પર્યાય** બંગડી આકારે, જ્ઞેયાકારે થઈ તેથી જ્ઞાન પરતા, પરપણું પામ્યું એમ ઉપચારથી કહેવાય. પણ તેથી શું જ્ઞાન બંગડીરૂપે પલટાઈ જાય ? કદાપિ નહિ. કારણ કે બંગડી તો જડ છે અને જ્ઞાન તો ચૈતન્યલક્ષણવાળું છે. આમ, જ્ઞાન અને જ્ઞેય બંનેના લક્ષણો તદ્દન ભિન્ન હોવાથી કદાપિ એકબીજારૂપ થઈ ન શકે. (જુઓ શ્રી પ્રવચનસાર ગાથા-૨૮ની ટીકા)

જડ કે ચેતન, દરેક દ્રવ્યને પોતાના સ્વતંત્ર સ્વ-ચતુષ્ક છે. તે ચતુષ્ક છે - દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ. નિશ્ચયનયથી એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપ ન થઈ શકે, બીજાના ક્ષેત્રમાં પ્રવેશી ન શકે, પોતાના સ્વ-કાળની સ્વ-પર્યાય છોડી અન્યની પર્યાય લઈ ન શકે અને ભાવ એટલે પરદ્રવ્યના ગુણોના પરિણમનમાં કોઈ વિક્ષેપ ન કરી શકે. એ જ સિદ્ધાંતથી **'આત્મ ચતુષ્કમયી પરમાં નહીં'** — આત્મા પોતાના સ્વચતુષ્ક છોડી પરના સ્વચતુષ્કમાં ન જઈ

શકે અને જ્ઞાન પરજ્ઞેયરૂપ ન થઈ શકે. શ્રીમદ્જી આ તથ્યને પત્રાંક ૮૩૩માં સુંદર દૃષ્ટાંત દ્વારા સમજાવે છે કે *"ચંદ્ર ભૂમિને પ્રકાશે છે, તેના કિરણની કાંતિના પ્રભાવથી સમસ્ત ભૂમિ શ્વેત થઈ જાય છે, પણ કંઈ ચંદ્ર ભૂમિરૂપ કોઈ કાળે તેમ થતો નથી, એમ સમસ્ત વિશ્વને પ્રકાશક એવો આ આત્મા તે ક્યારે પણ વિશ્વરૂપ થતો નથી, સદા સર્વદા ચૈતન્યસ્વરૂપ જ રહે છે. વિશ્વમાં જીવ અભેદતા માને છે એ જ ભ્રાંતિ છે."*

સ્તવનકર્તા ફરી આશ્ચર્ય વ્યક્ત કરે છે કે **'તો કિમ સહુનો રે જાણ.'** આમ, પરમાં ન જવા છતાં પોતાના જ અસંખ્યાત પ્રદેશમાં સ્થિત પ્રભુ કઈ રીતે લોકાલોકના જ્ઞાનને પહોંચી વળતા હશે ? પણ એ આશ્ચર્યની પાછળ તેઓ પ્રભુની વીતરાગતા અને સર્વજ્ઞતાનો જ મહિમા ગાવા માંગે છે. પ્રભુના નિરાવરણ જ્ઞાનનું સ્વભાવગત સામર્થ્ય છે કે તે સ્વચતુષ્કમાં રહીને પણ લોકાલોકના સમસ્ત જ્ઞેયને **વિના પ્રયત્ને** જાણી શકે અને તેમ છતાં પરદ્રવ્યરૂપે પલટાઈ ન જાય.

દ્રવ્ય સ્વાતંત્ર્યનો આ સિદ્ધાંત માત્ર જ્ઞાનનો ક્ષયોપશમ વધારવા માટે કે શાસ્ત્રજ્ઞાન વધારવા માટે નથી, પરંતુ તે સમત્વની સાધનામાં અત્યંત પ્રેરક છે. પ્રભુ અનંત જ્ઞેયને જાણવા છતાં નિર્વિકલ્પ અને વીતરાગી છે, જ્યારે આપણે બે-ચાર જ્ઞેયોને જાણીએ ત્યાં જ મોહગ્રસ્ત થઈ રાગ-દ્વેષ કરી કર્મબંધનને નોતરીએ છીએ. જ્ઞેય પદાર્થો માત્ર મારા જ્ઞાનમાં જ્ઞેયાકાર થઈ આવે છે, પણ આ જીવ તે જ્ઞેય સાથે મોહ કરી બેસે છે તે જ એની ભૂલ અનાદિથી તેને કર્મબંધન અને સંસાર-પરિભ્રમણ કરાવે છે. ઉપરોક્ત દૃષ્ટાંત લઈએ તો સોનાની બંગડી માત્ર જ્ઞેયાકાર બની મારા જ્ઞાનમાં આવી પણ તે જ વખતે આ 'મારી' બંગડી એમ જીવ મોહ કરી પોતે જ બંધનમાં પડે છે. આવી જ ભ્રમણા તે અનાદિથી અનંતા પરપદાર્થો પ્રત્યે સેવતો આવ્યો છે.

જ્ઞાની પુરુષો આપણાથી એ રીતે જુદા પડે છે કે જ્ઞાન, જ્ઞાતા, જ્ઞેય, જ્ઞેયાકારના આ વીતરાગ વિજ્ઞાનને શ્રદ્ધા, સમજણ અને આચરણના સ્તરે લાવી પરદ્રવ્યમાં મોહ ન કરતાં સ્વચતુષ્કમાં સ્થિર રહી નિરાકુળ જ્ઞાનાનંદ ભોગવે છે. આપણે પણ આ તત્ત્વજ્ઞાનને સમજી સ્વરૂપમગ્ન થઈએ એવા ગર્ભિત પ્રયોજન દર્શાવતા આ સ્તવનની અંતિમ બે ગાથા યથા અવસરે વિચારીશું. **(ક્રમશઃ)**

● ● ●

## શ્રી સદ્‌ગુરુપ્રસાદ

**(પાના નં. ૫ પરથી ચાલુ...)**

આજ્ઞાનું આરાધન એ જ ધર્મ અને આજ્ઞાનું આરાધન એ જ તપ. (આચારાંગ સૂત્ર)

સર્વ સ્થળે એ જ મોટા પુરુષોનો કહેવાનો લક્ષ છે, એ લક્ષ જીવને સમજાયો નથી. તેના કારણમાં સર્વથી પ્રધાન એવું કારણ સ્વચ્છંદ છે અને જેણે સ્વચ્છંદને મંદ કર્યો છે, એવા પુરુષને પ્રતિબદ્ધતા (લોકસંબંધી બંધન, સ્વજનકુટુંબ બંધન, દેહાભિમાનરૂપ બંધન, સંકલ્પવિકલ્પરૂપ બંધન) એ બંધન ટળવાનો સર્વોત્તમ ઉપાય જે કંઇ છે તે આ ઉપરથી તમે વિચારો. અને એ વિચારતાં અમને જે કંઇ યોગ્ય લાગે તે પૂછજો. અને એ માર્ગે જો કંઇ યોગ્યતા લાવશો તો ઉપશમ ગમે ત્યાંથી પણ મળશે. ઉપશમ મળે અને જેની આજ્ઞાનું આરાધન કરીએ એવા પુરુષનો ખોજ રાખજો.

બાકી બીજાં બધાં સાધન પછી કરવાં યોગ્ય છે. આ સિવાય બીજો કોઈ મોક્ષમાર્ગ વિચારતાં લાગશે નહીં. (વિકલ્પથી) લાગે તો જણાવશો કે જે કંઇ યોગ્ય હોય તે જણાવાય.

● ● ●

# શ્રી ભક્તામર સ્તોત્ર
(ક્રમાંક - ૧૬)

મહેન્દ્રભાઈ કે. ખંધાર

## તીર્થંકર પ્રભુની માતાની વંદના

● **મૂળ શ્લોક : ગાથા - ૨૨** (વસંતતિલકા)

**स्त्रीणां शतानि शतशो जनयन्ति पुत्रान्,**
**नान्या सुतं त्वदुपमं जननी प्रसूता ।**
**सर्वा दिशो दधति भानि सहस्त्ररश्मिं,**
**प्राच्येव दिग् जनयति स्फुरदंशुजालम् ॥२२॥**

● **શબ્દાર્થ :** स्त्रीणां - સ્ત્રીઓ, शतानि - સેંકડો (બહુવચન હોવાથી કોટાકોટિ અથવા કરોડો), शतशः - સેંકડો, जनयन्ति - જન્મ આપે છે, पुत्रान् - પુત્રોને, नान्या (न अन्या) - બીજી (કોઈ) નહીં, सुतं - પુત્રને, त्वत् - તારા, उपम् - જેવા, जननी - જન્મ આપનારી, માતા, प्रसूता - પ્રસવી શકવું, જન્મ આપવો, सर्वा - સર્વ, दिशः - દિશાઓ, दधति - ધારણ કરે છે, भानि - નક્ષત્રોને, તારાઓને, सहस्त्ररश्मिं - સૂર્યને, प्राची - પૂર્વ, एव - જ, માત્ર, दिग् - દિશા, जनयति - જન્મ આપે છે, (ધારણ કરે છે, ઊગે છે), स्फुरत् - પ્રકાશમાન એવા, अंशु - કિરણો, जाल - (તેનો) સમૂહ.

● **સમશ્લોકી અનુવાદ** (મંદાક્રાંતા) **:**

સ્ત્રીઓ આજે જગતભરમાં સેંકડો જન્મ આપે,
તારા જેવા અનુપમ નહીં પુત્રને જન્મ આપે;
નક્ષત્રોને વિધવિધ દિશા ધારતી રે અનેક,
કિંતુ ધારે રવિ-કિરણને પૂર્વ દિશા જ એક. (૨૨)

● **ભાવાર્થ :** (હે નાથ !) આ જગતમાં સેંકડો (કરોડો) સ્ત્રીઓ અનેક પુત્રોને જન્મ આપે છે, પરંતુ તમારા જેવા (પ્રતાપી અને ગુણવાન) પુત્રને જન્મ આપનારી માતા બીજી કોઈ જ નથી. (ખરેખર !) સઘળી દિશાઓ નક્ષત્રો - તારાઓને ધારણ કરે છે, પરંતુ દેદિપ્યમાન હજારો કિરણોના સમૂહવાળા સૂર્યને તો માત્ર પૂર્વ દિશા જ જન્મ આપે છે (ધારણ કરે છે).

● **વિશેષાર્થ / પરમાર્થ :** ભગવાન ૠષભદેવ આ સ્તુતિના સ્તુત્ય છે, માનતુંગ આચાર્ય સ્તુતિકાર છે અને પરિણામની વિશુદ્ધિ એટલે કે વીતરાગભાવની વૃદ્ધિ તે સ્તુતિનું ફળ છે. જે પરમાત્માના (એટલે કે મોક્ષના) માર્ગમાં છે એવા સાધક (ધર્માત્મા) પરમાત્માની સ્તુતિ વડે પરમાત્મા થવાની પોતાની ભાવનાને પુષ્ટ કરે છે.

પૂ. રાકેશભાઈ કહે છે કે પરમાત્માની પ્રાપ્તિ ભક્તને અમર બનાવે છે (ભક્તામર = ભક્ત અમર) અને તે પ્રાપ્તિનો ક્રમ આ પ્રમાણે છે : (૧) પરમાત્માના ગુણોની ઓળખાણ, (૨) તેની પ્રતીતિ, (૩) તેમાં પ્રીતિ, (૪) તેના પ્રત્યે અપૂર્વ પ્રેમ અને (૫) અભિપ્સા (તીવ્ર ઇચ્છા, ઝુરણા) માત્ર પરમાત્માની પ્રાપ્તિ માટે. સંસાર, શરીર કે ભોગની કોઈ અન્ય ઇચ્છા નહીં. વિષય-વિકારની વ્યર્થતા લાગે. પરમાત્મા પ્રત્યે પ્રેમ એ પ્રજ્વલિત આગ છે અને તે ઝુરણા (પ્યાસ) બને ત્યારે પરમાત્મા મળે. દીપકની જયોત (જયોતિ) પરમાત્માનો પ્રેમ છે અને તેમાં બળતું તેલ તે સંસારની આસક્તિ છે.

જ્ઞાનમાર્ગમાં ભલે ૧૪ સોપાન(ગુણસ્થાનક) હોય પરંતુ એક અપેક્ષાએ ભક્તિમાર્ગમાં તો શોર્ટકટ છે : બે જ સોપાન છે : વિરહ અને મિલન.

પરમાત્મા (અને સદ્‌ગુરુ)નો દિવ્ય વિરહ એ ભક્ત (અને શિષ્ય)ની પાત્રતા છે. વિરહની પીડાથી પરમાત્માની યાદમાં આંસુ આવે છે, જે પ્રાણ નીચોવાઈને હૃદયમાંથી આવે છે. વિરહના અશ્રુ અંતરચક્ષુને શુદ્ધ કરીને પવિત્રતા આપે છે.

મરૂદેવા માતાએ તેમના અતિપ્રિય (મોહાસક્તિ) પુત્ર ઋષભના ૧૦૦૦ વર્ષના વિરહમાં સતત રડી રડીને નેત્રજ્યોતિ (લગભગ) ગુમાવી. પછી કેવળજ્ઞાની ઋષભદેવના સમવસરણમાં હાથીની અંબાડી પર બેસીને તેઓ ગયા અને પ્રભુનું મિલન થયું. પ્રભુ તો નિર્વિકાર, સમભાવી અને વીતરાગ હતા. તેમને તો મરૂદેવા માતા અને અન્ય સર્વ જીવો સમાન હતા. માતા મરૂદેવાએ આ જોતા / જાણતા, ''મારો ઋષભ તો મને યાદ પણ નથી કરતો અને હું ૧૦૦૦ વર્ષ સુધી વિરહમાં શેકાઈ'' એવી સમ્યક્ વિચારધારાએ શ્રેણી ચઢતા તેમને કેવળજ્ઞાન થયું અને પછી સિદ્ધ બન્યા (આમ્નાય ભેદે અને કથાનુયોગે સમજવું).

આ શ્લોકમાં માનતુંગાચાર્ય કહે છે કે, હે પ્રભુ ! તમારી માતા મરૂદેવાને ધન્ય છે કે જેણે, આ યુગમાં ધર્મતીર્થનું પ્રથમ પ્રવર્તન કરનારા તારા જેવા પુત્રને જન્મ આપ્યો. ખરેખર રત્નકુક્ષિણી માતા દુનિયામાં વિરલ જ હોય છે. તેમની તુલના આ જગતની અન્ય કોઈ પણ માતા સાથે થઈ શકે તેમ નથી.

અન્ય બાળકોને જન્મ વખતે સામાન્ય મતિ અને શ્રુત એ બે જ જ્ઞાન હોય છે. ત્યારે તીર્થંકરોને જન્મ વખતે ત્રણ જ્ઞાન હોય છે અને તે પણ વિશુદ્ધ-મતિ, શ્રુત અને અવધિજ્ઞાન. તે ઉપરાંત તેમને જન્મથી જ ચાર અતિશય હોય છે, તીર્થંકર નામકર્મ અને વિશિષ્ટ પુણ્યથી :

૧. લોકોત્તર સ્વરૂપવાન દેહ
૨. સુગંધિત શ્વાસોચ્છ્‌વાસ
૩. માંસ અને લોહીનો દૂધ જેવો શ્વેત રંગ
૪. આહાર અને નિહાર (મળ ઉત્સર્ગ ક્રિયા)નું ચર્મચક્ષુ વડે અદશ્યપણું.

આ જગતમાં દરેક બાળક પોતાના ભૂતકાળના સંસ્કારો (કર્મો) સાથે જ જન્મે છે અને તેથી તેમના રૂપ, રંગ, સ્વભાવ, પ્રકૃતિ તથા પ્રવૃત્તિમાં ભિન્નતા હોય છે. તીર્થંકર તરીકે જન્મ પામનાર બાળકની પૂર્વભવની કમાણી (સાતિશય પુણ્ય) ઘણી મોટી હોય છે, એટલે કે તેઓ પૂર્વ ભવની મહાન તપશ્ચર્યા, ઉત્કટ યોગસાધના અને વિશ્વવાત્સલ્યની ભાવનાને લીધે ઉત્તમ સંસ્કારો તથા વિશિષ્ટ અતિશયો સાથે ઉચ્ચ ક્ષત્રિયકુળમાં (પ્રાયઃ રાજવંશમાં) જન્મ ધારણ કરે છે.

પ્રભુ જેવા મહાસમર્થ બાળકો બહુ ઓછા જન્મે છે તે આચાર્યશ્રીએ ઉદ્દેશપૂર્વક બતાવ્યું છે. તેઓ કહે છે કે આ જગતમાં અનેક સ્ત્રીઓ સેંકડોની સંખ્યામાં પુત્રોને જન્મ આપે છે, પણ પ્રભુ ! તારા જેવા ઉત્તમ પુત્રરત્નને જન્મ આપનારી નારી તો ભાગ્યે જ જોવા મળે છે. અર્થાત્ આદિનાથ પ્રભુ જેવા ઉત્તમ બાળકો ભાગ્યે જ આ અવનિ પર દેહ ધારણ કરે છે.

પ્રાસંગિક એ કહેવું જોઈએ કે દરેક માતા પોતાના બાળકની અપેક્ષાએ પૂજનીય અને જગતની દૃષ્ટિએ આદરણીય છે. વિદ્વાન લેખક શ્રી રમણલાલ સોનીએ માતાને 'મહાતીર્થ' કહેલ છે. ભારતીય આર્ય સંસ્કૃતિમાં પહેલા 'માતૃદેવો ભવઃ' અને પછી 'પિતૃદેવો ભવઃ' તથા 'અતિથિદેવો ભવઃ' મૂકેલ છે. દરેક સ્ત્રી માતા જ છે (શક્તિ અપેક્ષાએ). તેથી સંસ્કૃત સુભાષિતમાં કહ્યું છે કે ''યત્ર નાર્યસ્તુ પૂજ્યન્તે, તત્ર રમન્તે

દેવતાઃ" જ્યાં નારીઓ પૂજાય છે ત્યાં દેવતાઓ પણ આવે છે, રમે છે, વસે છે. તીર્થંકરો વિશ્વ વત્સલ અને સર્વ જીવના કલ્યાણનું (પ્રબળ નિમિત્ત) કારણ હોવાથી તેમની માતાને 'જગતમાતા' કહેલ છે.

હવે શ્રી માનતુંગાચાર્ય રોજિંદા અનુભવમાં આવતું પ્રકૃતિનું ઉદાહરણ આપીને તેમની વ્યવહારિક કુશળતા અને ભાષા પરનું પ્રભુત્વ દર્શાવે છે.

પ્રકૃતિમાં ચાર દિશા (ઉત્તર, પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ) અને ચાર વિદિશા (ઈશાન, અગ્નિ, નૈઋત્ય, વાયવ્ય) મળી મુખ્ય આઠ દિશાઓ છે અને તેના ભાંગા અનેક થાય છે. બધા નક્ષત્રો તથા નાના ઝબુકતા તારાઓ આ બધી દિશા-વિદિશામાં પથરાયેલા જોવામાં આવે છે. પરંતુ તેમનો પ્રકાશ ઘણો લાંબે સુધી જતો નથી. ત્યારે સમગ્ર પૃથ્વીને પ્રકાશિત કરનારા સૂર્યને ધારણ કરનાર તો એક પૂર્વ દિશા જ છે. તાત્પર્ય કે નક્ષત્રો અને તારાઓનો ઉદ્ગમ કોઈ પણ દિશામાં થતો જણાય છે પણ સૂર્યનો ઉદ્ગમ પૂર્વ દિશા વિના બીજી કોઈ પણ દિશામાં થતો નથી. અહીં માનતુંગાચાર્ય સૂચવે છે કે (આપણી પૃથ્વીની અપેક્ષાએ) સૂર્યના તેજ અને તાપ જીરવવા માત્ર પૂર્વ દિશા જ એક સમર્થ છે.

વિજ્ઞાનના વિદ્યાર્થીઓ માટે અત્રે એ નોંધવું જરૂરી છે કે તારાઓ આપણા સૂર્ય કરતા ઘણા જ મોટા, અત્યંત તેજસ્વી અને બહુ મોટી સંખ્યામાં હોવા છતાં, તેઓ અતિ અતિ દૂર હોવાથી તેમનો પ્રકાશ આપણા જનજીવનને ઉપકારી થાય તેવો કે તેટલો નથી.

આ દૃષ્ટાંત (ઉપમા) પ્રભુ જેવા ઉત્તમ નરરત્નની જન્મદાત્રી બની શકે તેવી સ્ત્રીઓની અતિ અલ્પ સંખ્યા સમજવા બહુ ઉપકારી થાય છે. પ્રભુ એ સૂર્ય જેવા તેજસ્વી અને મહાપરાક્રમી છે, તેમનું તેજ અને તાપ જીરવવા માટે તેમની માતા પણ અત્યંત સમર્થ હોવી જોઈએ. અર્થાત્ પ્રભુ જેવા મહાપવિત્ર આત્માને બાળકરૂપે ધારણ કરનારા માતા પણ એવી જ પવિત્ર હોવી જોઈએ. જ્યારે અન્ય સર્વ બાળકો (આ પૃથ્વી પર) સામાન્ય પ્રકાશ આપનારા ઝીણા તારલા જેવા છે. તેઓમાં બાળ-તીર્થંકર જેવી કોઈ વિશિષ્ટ શક્તિઓ હોતી નથી કે જે અવધારવા માટે તેમની માતાઓએ પણ વિશિષ્ટ સામર્થ્ય પ્રગટાવવું પડે.

દિશાઓ અનેક નક્ષત્રો અને તારલાઓને જન્મ આપી (ધારણ કરી) આ જગત પર કોઈ વિશિષ્ટ ઉપકાર કરતી નથી, પણ પૂર્વ દિશા તેજ-તાપવાળા સૂર્યને અવધારી જગત પર અનેરો ઉપકાર કરે છે. એ જ રીતે, સેંકડો સામાન્ય પુત્રોને જન્મ આપનારી માતાઓ જગત પર કોઇ વિશિષ્ટ ઉપકાર કરતી નથી, પરંતુ સકળ જગતના જીવોને સુખ મેળવવાનો ઉત્તમ માર્ગ બતાવનાર તીર્થપતિને જન્મ આપીને તેમની માતા આ જગત પર અવર્ણનીય ઉપકાર કરે છે, જેથી અજ્ઞાનરૂપી અંધકારમાંથી જગતનો ઉદ્ધાર થાય છે. જેમ નક્ષત્રો અને તારાઓ ધરતીને ઉજાળવા સમર્થ નથી, તેમ સેંકડો (આધ્યાત્મિક દૃષ્ટિએ) સામાન્ય પુત્રો પણ પરમાર્થે સૃષ્ટિને ઉજાળવા સમર્થ નથી. એ કાર્ય પ્રકૃતિમાં સૂર્ય કરે છે અને પરમાર્થમાં તીર્થંકર કરે છે.

જિનેશ્વર ભગવાનના જન્મની વધામણીમાં એક કવિએ ગાયું છે કે,

**શુભ ઘડીએ જિન જનમિયા, નારકીમાં સુખ જ્યોત;**
**સુખ પામ્યા ત્રિભુવન જના, હુઓ જગત ઉદ્યોત.**

મોક્ષમાર્ગના પ્રવર્તક એવા જિનેશ્વરના જન્મ

સમયે ત્રણે લોકમાં દિવ્ય પ્રકાશ થાય છે અને પ્રાણી માત્ર (ક્ષણિક) શાતા પામે છે. તેવા પનોતા પુત્રની જન્મદાત્રી રત્નકુક્ષી માતાને સર્વ દિશાઓમાં પવિત્ર એવી પૂર્વ દિશાની ઉપમા આપીને આચાર્ય શ્રી તીર્થંકરની માતા પ્રત્યે પોતાનો અહોભાવ પ્રગટ કરે છે અને માતાનો ઉપકાર અનન્ય ભાવે દર્શાવે છે. ભક્તો ભગવાનની સાથે તેમની માતાને પણ યાદ કરીને માતાનો (અને અપેક્ષાએ પ્રભુનો) મહિમા ગાય છે. પુત્રના નિર્માણ અને સંસ્કારમાં માતાનો અમૂલ્ય ફાળો છે. પોતાના વાંચન-વિચાર-ભાવધારાથી માતા ગર્ભમાંથી જ સંસ્કારનું સિંચન કરે છે. જન્મ પછી પણ પાંચેક વર્ષ સુધી સંસ્કારીકરણ ચાલુ જ રહે છે. શાસ્ત્રોમાં મહર્ષિ અષ્ટાવક્ર અને મહાપરાક્રમી અભિમન્યુ જેવા ગર્ભસંસ્કારના ઘણા દૃષ્ટાંતો છે. મહાસતી મદાલસા પોતાના શિશુને હીંચોળતા મધુર સ્વરે ભાવથી ગાતા કે

**"સિદ્ધોસિ, બુદ્ધોસિ, નિરંજનોસિ,..."**

એટલે કે વ્હાલા પુત્ર ! તું સિદ્ધ, બુદ્ધ, નિરંજન છે.

**તીર્થંકરની માતાની વિશેષતાઓ :**

૧. તેમનો પુત્ર તીર્થપ્રવર્તક અને તદ્‌ભવ મોક્ષગામી.

૨. તીર્થંકરની માતા (અને પિતા) એક ભવ પછી મોક્ષગામી.

૩. માતાને ૧૪ (આમ્નાય ભેદે ૧૬) વિશિષ્ટ સ્વપ્ના આવે.

૪. તીર્થંકરની માતાને એક જ સંતાન (બાળતીર્થંકર) હોય

૫. માતા અશુચિ વિનાની મહાપવિત્ર હોય.

૬. તીર્થંકરની માતા 'જગતમાતા' ગણાય છે.

૭. 'રત્નકુક્ષિધારિણી' કહીને ઈંદ્રો પણ બહુમાન કરે છે.

૮. ઈંદ્રો ભક્તિભાવથી કહે છે :

**પુત્ર તમારો, ધણી (સ્વામી) અમારો,**
**તારણ તરણ જિહાજ રે;**
**માતા જતન કરીને રાખજો,**
**તુમ સુત અમ આધાર રે.**
(સ્નાત્રપૂજા)

પૂ. કાનજી સ્વામી કહે છે કે હે જિનેશ્વર ! જેના ઉદરમાં આપ બિરાજ્યા તે સ્ત્રી (માતા) પણ ધન્ય બની, તો અમારા હૃદયમાં આપ બિરાજો છો તેથી અમારું જીવન પણ અમે ધન્ય સમજીએ છીએ. જેમ આપ જેના અંતરમાં બિરાજ્યા તે માતા પણ અશુચિ વગરની પવિત્ર હોય છે, તો અમારા અંતરમાં આપ બિરાજો ને અમે પવિત્ર ન થઈએ એમ કેમ બને ? જેના અંતરમાં આપ વસ્યા તેના અંતરમાં મિથ્યાત્વ આદિની મલિનતા રહે નહિ. એટલે આપનો ભક્ત પવિત્ર થઈને મોક્ષને સાધી લ્યે છે. પરમાત્મા જેના અંતરમાં વસ્યા તે જીવ મોક્ષગામી ન હોય એમ બને નહિ. આમ, ભગવાનના ભક્તને પોતાના મોક્ષના નિઃશંક ભણકાર અંદરથી આવી જાય છે. ભગવાન ! તમારા માતા-પિતા **નિયમથી** મોક્ષગામી છે તો અમે તમારા ભક્તો તમારી અપૂર્વ **ભક્તિથી** મોક્ષગામી છીએ – આવા અંતરના ભાવ સહિતની આ સ્તુતિ છે.

છેલ્લા ૪ શ્લોક (૧૯ થી ૨૨)માં પ્રભુનું અનન્યપણું દર્શાવીને, આચાર્યશ્રી હવે પછીના ૪ શ્લોક (૨૩ થી ૨૬)માં પ્રભુની અદ્‌ભુત સ્તુતિ કરે છે; જેમાં પ્રભુના ગુણવાચક ૨૬ વિશેષણો છે.

અંતમાં સર્વ જીવો પોતાના ભક્તિભાવ-પૂર્વકના પુરુષાર્થ વડે શીઘ્ર મોક્ષગામી બને તેવી મંગલ ભાવના સાથે, જિનાજ્ઞાથી વિરુદ્ધ કે વિપરીત કાંઈ લખાયું હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્.

॥ ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ॥
॥ શ્રી સદ્‌ગુરુચરણાર્પણમસ્તુ ॥

# સમ્યક્જ્ઞાન

બા.બ્ર.શ્રી સુરેશજી

(ગતાંકથી ચાલુ...)

## ૫. કેવળજ્ઞાન

કેવળજ્ઞાનાવરણીય તથા વીર્યાન્તરાયનો સંપૂર્ણ ક્ષય થવાથી જે પોતાના દ્રવ્ય-ગુણ પર્યાયયુક્ત ત્રૈકાલિક સ્વ-સ્વરૂપને પરિપૂર્ણરૂપથી અનુભવ કરતા શેષ સર્વ જગતના પદાર્થોને પણ તેમની ભૂત-વર્તમાન તથા ભાવિ પર્યાયો સહિત યુગપત્ વર્તમાનવત્ જાણે છે, તે જ્ઞાનને કેળળજ્ઞાન કહે છે.

વાસ્તવમાં કેવળજ્ઞાન લોકાલોકને જાણે છે, આ વ્યવહારનયનું કથન છે. નિશ્ચયથી તો કેળળજ્ઞાન પોતાના સ્વરૂપને જ પરિપૂર્ણ રૂપથી જાણે છે. શેષ લોકાલોકના પદાર્થ તો સહજ જ આપમેળે પોતાના પ્રમેયત્વ સ્વભાવના લીધે કેવળજ્ઞાનમાં ઝળકે છે. અર્થાત્ કેવળજ્ઞાન પોતાના સ્વ-પર પ્રકાશપણાના અદ્ભુત સામર્થ્યથી પોતાના સ્વભાવને સંપૂર્ણરૂપથી અનુભવ કરતાં કરતાં, સહજ જ અતન્મય થઈને માત્ર જ્ઞાતાભાવથી શેષ લોકાલોકને જાણે છે અને સ્વયંને તન્મય થઈને જાણે છે. આવો જ જ્ઞાનનો સ્વભાવ છે. કહેવાનો આશય એ છે કે મોક્ષાર્થીને પ્રાપ્ત મતિ-શ્રુતજ્ઞાનના નિમિત્તથી અંતર્મુખ ઉપયોગ દ્વારા પોતાના નિર્વિકારી, રાગાદિરહિત પોતાના શુદ્ધાત્માને જ જાણવાનો અર્થાત્ સ્વ-સંવેદન કરવાનો પુરુષાર્થ કરવો જોઈએ. બાકીના જગતના પદાર્થોને વિશેષરૂપથી જાણવાની વાસનાનો ત્યાગ કરી દેવો જોઈએ. પર દ્રવ્યોને વિશેષ જાણવાની ઈચ્છાથી ઉપયોગમાં વ્યાકુળતા થાય છે. જ્યાં સુધી ઉપયોગમાં વ્યાકુળતા રહે છે, ત્યાં સુધી સ્વરૂપ-સમાધિ અસંભવિત છે. સ્વરૂપસમાધિના અભાવમાં કર્મક્ષય થતો નથી અને કર્મક્ષય વિના શાશ્વત મોક્ષરૂપ અનંતજ્ઞાન, અનંતસુખ આદિની પ્રાપ્તિ કદાપિ સંભવ નથી. માટે આચાર્ય કહે છે કે **“હે ભવ્યો ! જો શાશ્વત સુખની અભિલાષા હોય તો જગતના પરદ્રવ્યો તથા પરભાવોને જાણવા, અનુભવવાની વાસનાઓનો ત્યાગ કરીને એક પોતાના નિજ સ્વરૂપને જ જાણવાના, અનુભવવાના પુરુષાર્થમાં ત્રિયોગપૂર્વક લાગી જાઓ. આ જ નરજન્મનો સાર છે.”**

**પ્રશ્ન : ઉપરોક્ત પાંચેય જ્ઞાનોમાં એક સાથે કેટલા વધારેમાં વધારે તથા ઓછામાં ઓછા જ્ઞાન હોઈ શકે છે ?**

**જવાબ :** ઉપરોક્ત પાંચે જ્ઞાનોમાં એક સાથે અધિકતમ ચાર તથા ન્યૂનતમ એક જ્ઞાન રહે છે. ચાર હોય તો મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય હોય છે. એક હોય તો કેવળજ્ઞાન હોય છે. અરિહંત તથા સિદ્ધોને નિયમથી માત્ર કેવળજ્ઞાન જ હોય છે અને છદ્મસ્થને ન્યૂનતમ મતિ અને શ્રુતજ્ઞાન તથા વધારેમાં વધારે મતિ, શ્રુત, અવધિ તથા મનઃપર્યય - આ ચાર જ્ઞાન થઈ શકે છે. વિશેષ એ કે મતિ અને શ્રુતજ્ઞાન સર્વ છદ્મસ્થ જીવોમાં હોય છે.

આ રીતે સામાન્ય જ્ઞાનતત્ત્વનું સંક્ષિપ્ત વિવેચન થયું. **“આશય એ છે કે સર્વ જ્ઞાનોમાં શુદ્ધ કેવળજ્ઞાન અવસ્થા પરમ ઉપાદેય છે. તેને પ્રાપ્ત કરવાના સાધન મતિ-શ્રુતજ્ઞાન છે. મતિ-શ્રુતજ્ઞાનને સ્વાત્માભિમુખ કરવાથી ઈન્દ્રિયો તથા મનના વિષયોરૂપ વિકલ્પ રોકાઈ જતા અને**

**બહિર્વિષયોમાં ઈષ્ટાનિષ્ટ બુદ્ધિરૂપ વિકલ્પ મટી જતા રાગ-દ્વેષ રહિત નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાન પ્રગટ થાય છે. આ સ્વસંવેદન જ્ઞાન જ શુભાશુભ કર્મક્ષયનું મૂળ કારણ છે. સર્વ મોહક્ષયથી પરિપૂર્ણ શુદ્ધ જ્ઞાનનું પ્રાગટ્ય થાય છે. આ જ અર્હન્ત અવસ્થા છે, જે પરમ પ્રાપ્તવ્ય છે.''**

**: સમ્યક્જ્ઞાન :**

'સમ્યક્' નો અર્થ છે યથાર્થ અર્થાત્ જેવું છે તેવું. અર્થાત્ જે જ્ઞાન જીવાદિ પદાર્થોને જેવા છે તેવું જ જાણે છે તેને સમ્યક્જ્ઞાન કહે છે. અર્થાત્ જીવાદિ પદાર્થ જે જે પ્રકારે અવસ્થિત છે તે-તે પ્રકારથી સંશય, વિમોહ (અનધ્યવસાય), વિભ્રમ (વિપર્યાસ) રહિત જાણવા તેને સમ્યક્જ્ઞાન કહેવાય છે. અથવા વિપરિતાભિનિવેશ રહિત સ્વશુદ્ધાત્મા તથા પુદ્ગલાદિ પદાર્થોને યથાર્થ જાણવા તે સમ્યક્જ્ઞાન છે. વસ્તુને યથાર્થ રીતે જાણવામાં અવરોધરૂપ ત્રણ દોષ છે, જેનું સ્વરૂપ નિમ્ન પ્રકારે છે :

**[૧] સંશય :**

વસ્તુના જ્ઞાનમાં દ્વંદ્વ ઉત્પન્ન થવો સંશય દોષ છે. ''વસ્તુ આવી છે કે આવી છે'' આ રીતના દ્વંદાત્મક અનિશ્ચિતાત્મક જ્ઞાનને સંશય દોષસહિત કહે છે. ઉદા. હું આત્મા છું કે શરીર છું ?

**[૨] વિમોહ (અનધ્યવસાય) :**

અનેક પ્રકારના વિકલ્પ ઉત્પન્ન થવાથી જે વસ્તુને જાણવામાં અનિશ્ચય રહે છે તેને વિમોહ કે અનધ્યવસાય દોષ કહે છે. 'કંઈક છે' પરંતુ શું છે તેનું સ્પષ્ટ જ્ઞાન હોતું નથી તેને વિમોહ કહે છે. જેવી રીતે રસ્તે ચાલતા વ્યક્તિના પગમાં કંઈક વાગે છે પણ તે કાંટો છે કે શૂળ છે કે પત્થર ઈત્યાદિમાંથી શું વાગ્યું તેનો નિર્ણય કરી શકતો નથી. અથવા સાધક, હું શરીર છું, વાણી છું, ઈન્દ્રિય છું, મન છું, ચૈતન્ય છું - આમાંથી હું કોણ છું ? એનો સ્પષ્ટ નિર્ણય ન કરી શકે તે જ્ઞાનનો વિમોહ કે અનધ્યવસાય નામનો દોષ છે.

**[૩] વિભ્રમ (વિપર્યાસ) :-**

પદાર્થનું વિપરીત જ્ઞાન થવું વિભ્રમ કે વિપર્યાસ નામનો દોષ છે. જેમ કે સાપને દોરડી સમજવી કે આત્માને દેહ સમજવો ઈત્યાદિ. આગમમાં ત્રણ પ્રકારના વિપર્યાસ બતાવ્યા છે :-

**[i] સ્વરૂપ વિપર્યાસ :** પદાર્થનું મૂળ સ્વરૂપ છે, તેથી વિપરીત અવધારણ કરવું સ્વરૂપ વિપર્યાસ કહેવાય છે. ચેતનમાં અચેતન ગુણો સ્પર્શ, રસ, ગંધ, વર્ણ આદિનું આરોપણ કરવું તથા જડમાં ચેતન ગુણો જ્ઞાન, દર્શન, સુખ આદિનું આરોપણ કરવું સ્વરૂપ વિપર્યાસ કહેવાય છે.

**[ii] કારણ-વિપર્યાસ :** પદાર્થના ભાવોની ઉત્પત્તિના યથાર્થ કારણને ન જાણવું તથા વિપરીત કારણનું અવધારણ કરવું કારણ વિપર્યાસ છે. જેમ કે ક્રોધાદિ વિકારોની ઉત્પત્તિનું મૂળ કારણ પોતાનું સ્વયંનું અશુદ્ધ ઉપાદાનરૂપ અશુદ્ધ દ્રવ્ય છે, પરંતુ જીવ ક્રોધાદિનું કારણ કર્મ (જે માત્ર નિમિત્ત છે) કે કોઈ બાહ્ય વ્યક્તિ આદિ નિમિત્તને માને છે. એવી રીતે જ ઘર, વાહન, વાસણ, ચિત્ર ઈત્યાદિ પૌદ્ગલિક પર્યાયોની ઉત્પત્તિનું મૂળ કારણ પુદ્ગલ દ્રવ્યની તદ્રૂપ પરિણતિ છે, પરંતુ ભ્રમથી જીવ તેનો કર્તા અન્ય વ્યક્તિ કે સ્વયંને માને છે, જે માત્ર નિમિત્તરૂપ જ છે. આને જ કારણ વિપર્યાસ કહે છે.

**[iii] ભેદાભેદ વિપર્યાસ :** સ્વ તથા પર માં વિવેક કરવામાં વિપરીતતા થવી અથવા સ્વથી ભિન્ન ભેદ સ્વરૂપ તથા સ્વથી અભિન્ન અભેદ સ્વરૂપના નિર્ણયમાં વિપરીતતા થવી ભેદાભેદ વિપર્યાસ છે. જેમ કે દેહ, ઈન્દ્રિય, જ્ઞાનાવરણાદિ

કર્મને સ્વાત્મદ્રવ્યથી અભિન્ન અર્થાત્ એકરૂપ માનવા તથા જ્ઞાન, દર્શન, સુખાદિ આત્મીય ગુણોને સ્વાત્માથી ભિન્ન પૃથક માનવા ઇત્યાદિ ભેદાભેદ વિપર્યાસ કહેવાય છે.

ઉપરોક્ત પ્રકારથી સમ્યક્જ્ઞાનનું સ્વરૂપ સંક્ષેપમાં કહ્યું છે. આ સમ્યક્જ્ઞાનની આરાધના માટે વ્યવહારનયની અપેક્ષાએ આઠ અંગ બતાવ્યા છે, જેનું પાલન કરવાથી સમ્યક્જ્ઞાન વિશેષ વિશુદ્ધિ તથા વર્ધમાનતાને પ્રાપ્ત થાય છે, જેનું સામાન્ય નિરૂપણ આ પ્રમાણે છે :

### -: સમ્યક્જ્ઞાનના આઠ અંગ :-

**[૧] શબ્દાચાર :** વ્યાકરણ શાસ્ત્રો અનુસાર આગમના સૂત્રોનું શુદ્ધ ઉચ્ચારણ સહિત પઠન-પાઠન કરવું શબ્દાચાર કહેવાય છે. શબ્દોનું ઉચ્ચારણ તથા તેમના ભાવોની વચ્ચે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હોય છે. જેટલું ઉચ્ચારણ સ્પષ્ટ તથા યથાર્થ હોય છે તે શબ્દનો ભાવ પણ એટલો જ વિશુદ્ધિની સાથે વેદનમાં આવે છે. તેથી ઉપયોગપૂર્વક સૂત્રપાઠ કરવા જોઇએ, જેથી વાચનિક અશુદ્ધિ રહી ન જાય. અશુદ્ધ ઉચ્ચારણથી અશુદ્ધફલોત્પત્તિ થાય છે. જેમ કે ષટ્ખંડાગમના રચયિતા શ્રી પુષ્પદંત અને ભૂતબલિને અશુદ્ધમંત્રના જાપથી વિકલાંગ દેવીની સિદ્ધિ થઇ.

**[૨] અર્થાચાર :** સૂત્રોના યથાર્થ શુદ્ધ અર્થને અવધારણ કરવા તેને અર્થાચાર કહે છે. આગમના અધ્યયનનું પ્રધાન લક્ષ્ય દ્રવ્યશ્રુતથી પદાર્થોને યથાર્થ જાણીને તેને ભાવશ્રુતરૂપ કરીને ભાવવિશુદ્ધિ કરવી તે છે. જ્યાં સુધી શબ્દનો અર્થ સમજાય નહીં ત્યાં સુધી તે અર્થનો ભાવ પણ પકડમાં આવી શકે નહીં અને જ્યાં સુધી પદાર્થનો યથાર્થ ભાવ પકડમાં ન આવે ત્યાં સુધી સ્વ-પરનો યથાર્થ ભેદ થઇ શકે નહીં. યથાર્થ ભેદજ્ઞાન ન થવાથી ઉપયોગ પુદ્ગલાશ્રિત ભાવોને અવધારણ કરતા વિકાર પરિણતિરૂપ પ્રવર્તન કરે છે. તેથી યથાર્થ ભાવજ્ઞાન માટે યથાર્થ શબ્દાર્થજ્ઞાન અનિવાર્ય છે. યથાર્થ શબ્દાર્થ જ્ઞાન જ અર્થાચાર છે.

**[૩] ઉભયાચાર :** સૂત્રોનું શુદ્ધ પઠન, પાઠન તથા સૂત્રોના અર્થનું શુદ્ધ અવધારણ બન્ને સાથે-સાથે કરતા જવું તેને ઉભયાચાર કહે છે. અર્થાત્ વાંચવાની સાથે સાથે તેમના ભાવોને પણ ગ્રહણ કરતા જવું ઉભયાચાર કહેવાય છે. માત્ર વાંચવા કે ઉચ્ચારણ કરવાથી તે શબ્દ સંબંધી પદાર્થનું જ્ઞાન થતું નથી. વાંચવા કે ઉચ્ચારણની સાથે-સાથે તે શબ્દમાં નિહિત પદાર્થના સ્વરૂપ કે ભાવનું ચિંતન-મનન કરવાથી યથાર્થ પદાર્થજ્ઞાનની ઉત્પત્તિ થાય છે. તેથી જ્ઞાનોપયોગને પઠન-પાઠનના સમયે તદ્નુરૂપ ચિંતનમાં લગાડવાનો ઉદ્યમ કરવો જોઇએ ત્યારે જ સ્વાધ્યાયનું યથાર્થ ફળ મળે છે.

**[૪] કાલાચાર :** યોગ્યકાળ અર્થાત્ શુભઘડી - શુભમુહૂર્તમાં ભણવું - ભણાવવું તેને કાલાચાર કહે છે. પ્રદોષકાળ (સંધિકાળ, પ્રાતઃ, મધ્યાહ્ન, સાયંકાળ તથા મધ્યરાત્રિ) ઉપસર્ગકાળ, દુર્દિન (અશુભ દિવસ), ઉલ્કાપાત, વજ્રપાત, સૂર્ય-ચંદ્ર ગ્રહણ આદિ સમયે (ભણવું - ભણાવવું) પઠન-પાઠન વર્જનીય છે. અર્થાત્ મૂળ સિદ્ધાન્ત સૂત્રોના અધ્યયનનો નિષેધ છે. મૂળ સિદ્ધાન્તસૂત્ર ચાર પ્રકારના છે : (૧) ગણધરસૂત્ર, (૨) પ્રત્યેક-બુદ્ધરચિત સૂત્ર, (૩) શ્રુતકેવળીરચિત સૂત્ર, (૪) અભિન્નદશ પૂર્વધારી રચિત સૂત્ર. વિશેષ એ કે નિષિદ્ધકાળમાં ઉપરોક્ત ચાર સૂત્ર ગ્રંથો સિવાય પ્રથમાનુયોગ આદિનું પઠન-પાઠન કરી શકાય છે, પરંતુ ઉપરોક્ત નિષિદ્ધકાળોમાં વાંચેલા શ્રુતનું ચિંતન, મનન, નિદિધ્યાસન તથા મંત્રજાપ આદિ કરવાં સર્વોત્તમ મનાય છે. **(ક્રમશઃ)**

• • •

# સર્વજ્ઞત્વ શક્તિ (૧૦)

**વલભજી હીરજી 'કેવલ'**

સર્વજ્ઞત્વના સામર્થ્યથી આત્મા ભરેલો છે. દરેક આત્મામાં સર્વજ્ઞતા શક્તિરૂપે ભરેલી છે, તેનું ભાન થતાં પર્યાયમાં તે પ્રગટ થાય છે. જ્ઞાનસ્વભાવી આત્મામાં જો સર્વજ્ઞશક્તિ ન હોય તો તેની અખંડતા ને પૂર્ણતા સાબિત થાય નહિ. જીવ એક અખંડ સંપૂર્ણ દ્રવ્ય હોવાથી તેનું જ્ઞાનસામર્થ્ય સંપૂર્ણ છે, સંપૂર્ણ વીતરાગ થાય તે સંપૂર્ણ સર્વજ્ઞ થાય.

સર્વજ્ઞતા તે ધર્મનું મૂળ છે. સર્વજ્ઞસ્વભાવની પ્રતીત ઉપર તો ધર્મનો આધાર છે. રાગ ઉપર કે પરાશ્રય ઉપર દૃષ્ટિ રાખીને સર્વજ્ઞની પ્રતીત થઈ શકે નહિ. જ્ઞાયકસ્વભાવની સન્મુખ થઈને આત્માની પ્રતીત કરતા પર્યાયમાં આનંદનો અનુભવ થાય છે તે સ્વાશ્રયે વીતરાગતા થતાં સંપૂર્ણ સર્વજ્ઞતા પ્રગટી જાય છે. તે સર્વજ્ઞતાના સામર્થ્ય વડે આત્મા પોતાના સ્વભાવ-સન્મુખ રહીને સમસ્ત વિશ્વને વિશેષપણે જાણે છે. જ્ઞાનસન્મુખ થઈને રાગનો સંપૂર્ણ અભાવ થાય તો જ સર્વજ્ઞતા ખીલે. ધર્મીને જ્ઞાનનો આદર ને રાગનો નિષેધ વર્તે છે. સર્વજ્ઞપદમાં પરનો તો અભાવ ને વિકલ્પનોય અભાવ છે.

જગતને સર્વજ્ઞની ઓળખાણ દુર્લભ છે. સર્વજ્ઞ તો લોકાલોકના સમસ્ત પદાર્થોને, તેના પ્રદેશોને જાણે છે. ભૂત-ભવિષ્યની પર્યાયોને દરેકના ભિન્ન ભિન્ન સ્વરૂપે જાણે છે. એની સાથે પરમ અતીન્દ્રિય આનંદ, શુદ્ધ જીવત્વ, પ્રભુતા, વિભુતા એવા અનંતધર્મો વર્તી રહ્યા છે. આવા સંપૂર્ણ જ્ઞાનરૂપે પરિણમવાની આત્માની તાકાત છે. સર્વને જાણવા છતાં સર્વજ્ઞપણું આત્મજ્ઞાનમય છે. સર્વજ્ઞતા તે આત્મજ્ઞાનમય છે, એટલે આત્માની સન્મુખ રહીને આત્મા સર્વજ્ઞ થાય છે, ને સર્વને જાણે છે. આવી સર્વજ્ઞતાની શક્તિ મારામાં ત્રિકાળ છે ને તેમાંથી સર્વજ્ઞતા પ્રગટે થશે એ રીતે સાધ્યની પ્રતીત સહિત સમ્યગ્દર્શન અને સાધકપણું પ્રગટે છે. જ્ઞાયક આત્મામાં સર્વજ્ઞ થવાની તાકાત છે. જ્ઞાન-શક્તિ તે કારણ, સર્વજ્ઞતા તેનું કાર્ય. આ છે સર્વજ્ઞ શક્તિની અચિંત્ય તાકાત !

અંતર્લક્ષ થયા વિના સર્વજ્ઞની સાચી પ્રતીત થતી નથી. આ સર્વજ્ઞત્વશક્તિ તો મહા આશ્ચર્યકારી છે. સર્વ લોકાલોકના અનંતા ભાવોને દેખે-જાણે પણ તે પ્રતિ જ્ઞાન-દર્શનનો ઉપયોગ જોડવો પડે નહિ. સર્વજ્ઞતા એટલે આત્માના જ્ઞાનની પરિપૂર્ણ પ્રસિદ્ધિ, જ્ઞાનનો પરિપૂર્ણ વૈભવ પર્યાયમાં પ્રગટ થયો એનું નામ સર્વજ્ઞતા. જ્ઞાનશક્તિ સામે લક્ષ જાય તો જ સર્વજ્ઞતાની સાચી પ્રતીત થાય.

આત્મામાં સર્વજ્ઞતા વગેરે પૂર્ણ પર્યાય પ્રગટવાની તાકાત છે તે કોઈ પરના અવલંબને નથી. પોતે જ સાધક છે, પોતે જ સાધન છે, ને સાધ્ય પણ પોતામાં જ છે. અરૂપી આત્મામાં અપાર વૈભવ ભર્યો છે. જગતને જડનો વૈભવ દેખાય છે, પણ પોતાનો ચૈતન્ય વૈભવ દેખાતો નથી. જેના એક અંશમાં લોકાલોક ઝળકે એવી અનંત શક્તિનો ધણી આત્મા છે. એની પ્રતીત કરી ને જેમાં સમ્યગ્દર્શન થયું પછી ક્રમે કરી તે પરમાત્મા થઈ ગયો. 'હું પરમાત્મા જ છું.' એવી એની દૃષ્ટિ થઈ. પરમાત્માપણું પોતામાં જ દેખ્યું. પર્યાયની અધૂરાશ ગૌણ થઈ ગઈ ને દૃષ્ટિમાં કૃતકૃત્યતા થઈ-આનું નામ ધર્મ ને આનું નામ મોક્ષમાર્ગ.

આ છે સર્વજ્ઞત્વ શક્તિવાળા આત્માની ઓળખાણનું ફળ. **(ક્રમશઃ)**

# કર્મોની હોળી કરીએ

**શ્રી મંજુલાબેન એ. બોટાદરા, ઈન્દોર**

કાતિલ ઠંડીની વિદાય અને ગુલાબી ઠંડીના સ્વાગતના સંધિકાળ, વસંતપંચમી પર્વનો થાળ ભરી માનવજગતને ભેટ આપવા ધરતી પર ઉતરી આવે છે ત્યારે ખુશીઓના ફૂલોથી દામન ભરાઈ જાય છે. વાતાવરણમાં બહાર આવે છે. થાળમાં ક્રમબદ્ધ પર્વો સજાવ્યા છે. પહેલું પર્વ હોળી પર્વ છે. ભારતના ખૂણે ખૂણે આ પર્વનો મહિમા ગવાયો છે. બધાં જ જાતના માનવજગતે આ પર્વને સ્વીકાર્યું છે. હોળી પર્વ અબીલગુલાલ દ્વારા પ્રેમ, મૈત્રી, ભાઈચારા, દાન વગેરેનો સંદેશ આપે છે કે છકાય જીવો પર મૈત્રીની મહાનતા અભયદાનના અમૃતે, સ્વભાવ-સૌંદર્યમાં, પ્રેમની પરાકાષ્ઠા, દાનની દિવ્યતામાં હોળીના હાર આપી તિલક કરી માનવજગતનું સ્વાગત કરો, સાથે દીન-દુઃખી અભાવગ્રસ્ત સાધર્મી ભક્તિ વગેરેના દાન આપવાનું વિધાન છે. પહેલાના જમાનામાં બધા જ પર્વોનો પાયો દાન હતો. અભાવગ્રસ્તો ચાતકની જેમ પર્વની પ્રતીક્ષા કરતા હતા કે પર્વ આવશે તો અમારા માટે ધનવાન લોકો ખુશીઓની ભેટ લાવશે, પરંતુ જમાનો બદલાયો છે. વિજ્ઞાનયુગ, પાશ્ચાત્ય સંસ્કૃતિનો ઝેરીલો વાયુ, ઘર-ઘરમાં કુસંસ્કારોનો અખાડો ટી.વી., ઘર એક થીયેટર દ્વારા પર્વમાં વિકૃતિ આવી ગઈ છે. સાપ ગયા ને લિસોટા રહી ગયા છે. પર્વનો પાયો દાન તો ચકનાચૂર થઈ ગયો છે. વિજ્ઞાનયુગનો પાયો મોજ-શોખ, સ્વાર્થ છે. હોળી પર્વ તો પાગલતાનું પ્રતીક બની ગયું, વિવિધ રંગોથી સંસર્ગમાં આવનારાને રંગવા અને સ્વયં રંગાવું, તો કોઈ રંગવાળા પાણીની બાલ્ટીઓ આપસમાં ઉડેલે છે, તો કોઈ રંગના મુઠ્ઠા ભરી આપસમાં ઉડાડે છે. આંખમાં રંગ જતા જબરું નુકસાન પહોંચાડે છે, તો કોઈ મિત્રોની મહેફિલમાં રંગોની રમઝટ, ઠંડાઈના જામ, રાત્રે ભોજનની દાવતમાં અમૂલ્ય માનવભવને કોડીના બદલે દાવ પર લગાડી જબરા કર્મબંધન કરે છે. હોળી પર્વ પર લોકો કર્મોની હોળી નહીં, પરંતુ પુણ્યની હોળી મનાવી અસીમ આનંદ માણે છે ! મિત્રોની ગપશપમાં રંગોના પાગલપણામાં ક્ષણિક આનંદ પ્રાપ્ત થતો હશે કે નહીં એ તો સ્વયં જાણે, પરંતુ લાંબા સમયની દુઃખોની ખાઈ ખોદાઈ જાય છે. રૂની વખારમાં ચિનગારીની જેમ પુણ્ય બળી જાય છે. સુખ-શાંતિ-લાભનું પાપમાં સંક્રમણ થાય છે. બળેલા પુણ્યના બચેલા અવશેષો પાપમાં પરિવર્તિત થઈ જાય છે. છકાય જીવોની બેફામ હિંસાથી આત્મા પાપોથી ભારે થતો જાય છે. ઘરના આંગણાથી લઈ-રસ્તા પર થોડી પણ જમીન એવી નહિ મળે કે રંગોના પાણીથી રંગાઈ ન હોય, બેરહમીથી છ કાય જીવોની હિંસા રોગનો-દુઃખનો-અભાવનો પાયો છે. 'આ ભવ મીઠો પર ભવ કોણે દીઠો' તેના માટે તો દુનિયાના દસેય દરવાજા ખુલ્લા છે, પરંતુ જેણે આત્મકલ્યાણ કરવું છે તે તો આત્માની વાતો કરે છે, હજારો માઈલ દૂર જઈ સત્સંગનો લાભ લે છે. એ આત્માર્થીઓનો અનર્થદંડ હિંસાનો ત્યાગ હોવો જોઈએ. આ દિવસોમાં આત્માર્થીઓ સત્સંગમાં રહી આત્મકલ્યાણ સાધે છે, પરંતુ લોટમાં નમક જેટલા જ, આંગળીના વેઢે ગણાય એટલા લોકો દયાવ્રત સ્વીકારી કર્મોની હોળી કરે છે. તો ચાલો જાગ્યા ત્યારથી સવાર, હજુ પણ સુવર્ણ અવસર આપણી પાસે છે. તો ચાલો સત્સંગના સંગે, જ્ઞાનના રંગે વ્રતધારી બનીએ, સંવર-સામાયિક - દયા-પોષધ તપના સંગે, સ્વાધ્યાય-ધ્યાનના રંગે કર્મોની કરીએ હોળી, તો જ પુણ્યની દિવાળી થશે. તો આનંદના અમીઝરણાંમાં લહેરાતા પુણ્યના પાક સુરક્ષિત રહેશે.

આનંદ-ઉત્સાહનો સંદેશ લઈ આવ્યું હોળી પર્વ,
તેનું દયા-દાન-સેવાએ કરીએ સ્વાગત, આતમના આંગણે
તપ-ધ્યાન-સ્વાધ્યાયના દૈવી તપમાં હોમીએ કર્મોને.

• • •

# સંબંધ

બટુકભાઈ સી. બોટાદરા

સંબંધ તો હોવો જોઈએ ઉછળતા ને ઉભરાતા દરિયા દિલનો !

જિંદગી સાગર છે. દોસ્ત, જિંદગીના સાગરમાં ખારાશ જીરવી જાણ. હર્ષની હેલી ત્યારે જ સંભવે જ્યારે પૂનમના પ્રકાશ સાથે સ્નેહનો સંબંધ બંધાય.

એટલું યાદ રાખજે મિત્ર, દરિયો છે ત્યાં ભરતી અને ઓટ આવે. જિંદગી છે તો સંબંધમાં બઢતી અને ખોટ પણ આવે. ક્યારેક રાગદ્વેષના તરંગો પણ ઉઠે અને સમાધાનથી શાંત પણ થઈ જાય.

જીવવું છે તો સંસારસાગરમાં સંબંધના મરજીવા બનીને, છીછરા સંબંધમાં નહીં - માછીમાર બનીને નહીં. મરજીવા બનીને - શોધવું છે જીવન સત્ત્વ તત્ત્વ. જિંદગીનો અર્ક મેળવવો હશે તો ઊંડે ઊંડે સંબંધોને સાચવવાં પડશે.

સત્ત્વ અને તત્ત્વ બન્ને શબ્દોએ મારી જાતને ઢંઢોળી નાખી. હૈયામાં એક ખટક થઈ. મારું હૈયું વીતરાગની વાટ તરફ દોડવા માંડ્યું.

જો, સંબંધના સેતુ સાવ - બિલકુલ સલામત તો નથી. બીજા પ્રત્યે મારા મનમાં સતત હિતની ભાવના રાખું તેટલી તાકાત તો મારી નથી. અને કદાચ તેમાં સફળ થયો તો શું ? મારા આત્મહિત માટે મેં શું કર્યું ?

હૃદયને તદ્દન બંધનમુક્ત રાખીને શું હું ન જીવી શકું ? સંબંધ તો ફક્ત રાગના છે. સ્વાર્થના છે. ઋણાનુબંધનના છે.

આવી અવસ્થા મારા જીવાત્માને ક્યારેક કેમ થઈ નથી ? મારા અંતરમાંથી જવાબ મળ્યો - જ્યાં સુધી ચેતનાની આધ્યાત્મિક વિકાસયાત્રા નથી આરંભી ત્યાં સુધી આવા સંબંધો રહેશે અને રહેવાના.

ત્યારે આવી વેદનાએ મારા અસ્તિત્વને વલૂરી નાખ્યું. આખી ઉંમર સંબંધનો શિકાર થઈને જીવતો રહ્યો. કીમતી સમય, મૂલ્યવાન ક્ષણોને. સંબંધોને બાંધવામાં તેની ઉલઝનોમાં વેડફી દેવા સિવાય બીજું કર્યું શું ?

સંબંધો ઘણા રાખ્યા છતાંય એક ખાલીપણાની લાગણી ભીતરને હરદમ કોરી ખાય છે. મારા ભીતરના પાંજરામાં પાંખો ફફડાવતું પંખી - આત્મપંખી હવે સંબંધના બંધન તોડીને આત્મપંખી અનંત આકાશમાં ઉડ્ડયન કરવા ઝંખે છે - ઝૂરે છે. એને સિદ્ધશિલા સુધી પહોંચવાની ખેવના છે પણ સંબંધના બંધને હું બંધાઈ ગયો છું. શું આમને આમ મારું ભીતરનું પંખી ગૂંગળાઈને મૃત્યુનો શિકાર બની જશે ?

અંતરમાંથી એક સત્યનો રણકો થયો. ભઈલા સંબંધ જેમ જેમ ઓછા થવા માંડે તેમ તેમ કર્મો પણ વિદાય લેવા માંડે છે. રાગ અને દ્વેષના સંપૂર્ણ સંબંધો જ્યારે તૂટી જાય - છૂટી જાય ત્યારે કર્મોના કારમા બંધન પણ આપોઆપ છૂટી જાય છે.

પરમાત્મા સાથે સંબંધ બાંધ. આતમની અંદર ઈશ્વર સાથે સંબંધ બાંધ - પવિત્રતા અને પ્રસન્નતાનો. શુદ્ધ અને શુભ વિચારો સાથે સંબંધ બાંધ. સંબંધો બાંધવાની, વિસ્તારવાની વૃત્તિ અને પ્રવૃત્તિનો પથારો સંકેલી લે.

ભઈલા, સંબંધો એવા રાખ કે જેમાં કોઈ કર્મ બાંધવા ન પડે. પાપકર્મથી હૃદયને અળગું રાખતાં શીખી લે અને જળકમળવૃત બનીને રહેવા માટે રાત-દિવસ સજાગ રહેવું પડશે. ઊંડો ગુરુભગવંતો પાસેથી અભ્યાસ કરવો પડશે.

સતત જાગૃત અવસ્થામાં પ્રતિપળ આગળ વધવું પડશે. તો જ હે આતમ (દોસ્ત) તારા પવિત્ર સંબંધ અડીખમ રહેશે અને બાહ્ય સંબંધોના બંધનમાંથી તું મુક્ત બનીશ ત્યારે તારા આત્માની આવી અવસ્થા ઓગળીને સર્વે બંધનો છૂટી જશે - તૂટી જશે.

બધા જ સવાલોનું સમાધાન વીતરાગતામાં સાંપડે છે. દોસ્ત, હવે આ દુનિયાના સંબંધોથી થાક્યો હો તો ચાલ, હવે વીતરાગતાના રસ્તે કે જ્યાં કોઈ બંધન નથી.

**વિદ્યાર્થીઓ માટે ઉત્તમ શિક્ષણ અને ઉત્તમ સંસ્કારો મેળવવાનું ધામ એટલે સંસ્થા સંચાલિત**

# 'વિદ્યા-ભક્તિ-આનંદધામ' ગુરુકુળ

વર્તમાન યુગમાં સંસ્કારલક્ષી શિક્ષણની ખૂબ જ અગત્યતા છે. એમ કહેવાય છે કે શિક્ષણ એ માણસની ત્રીજી આંખ છે, પરંતુ બીજી એટલી જ મહત્ત્વની વાત છે સુસંસ્કારની. ભણતરની સાથે વિદ્યાર્થીજીવનમાં વિનય, વિવેક, દયા, પ્રેમ, કરુણા વગેરે સદ્‌ગુણો જો ન હોય તો તે ગમે તેટલું ભણ્યો હશે તો પણ તેનો સર્વાંગી વિકાસ થશે નહિ.

**● મંગળ પ્રારંભ :**

ભણતરની સાથે સાથે કુમળી વયના બાળકોને સારા સંસ્કાર મળે અને તે બાળકો મોટા થઈને સમાજના, દેશના સારા નાગરિક બને - આ અભિગમને ધ્યાનમાં રાખીને પૂજ્યશ્રી આત્માનંદજીએ ગુરુકુળ વિષે વિચાર કર્યો. ગરીબ ઘરના હોશિયાર બાળકો પૈસાના અભાવે આગળ ભણી શકતા નથી. અંતરિયાળ ગામડાઓના આવા બાળકોને ધ્યાનમાં રાખીને ખૂબ જ નજીવા ખર્ચે કોઈપણ પ્રકારના નાત-જાત-ધર્મના ભેદભાવ વગર પૂજ્યશ્રીની નિશ્રામાં બાળકોનું ઘડતર થાય, તેમને આશ્રમનું સાત્ત્વિક વાતાવરણ મળે, સાત્ત્વિક ભોજન મળે અને સર્વાંગી વિકાસ થાય એ હેતુને લક્ષ્યમાં લઈને ઇ.સ. ૧૯૯૪-૯૫માં પરમ શ્રદ્ધેય પૂજ્યશ્રી આત્માનંદજીની સત્પ્રેરણા તથા આશીર્વાદથી વિકટ પરિસ્થિતિ અને પ્રતિકૂળ સંજોગોમાં પણ લગભગ ૧૦ વિદ્યાર્થીઓથી સંસ્થાએ આ સેવાકીય યજ્ઞની શરૂઆત કરી.

**● નૂતન ભવનની શરૂઆત :**

શરૂઆતના વર્ષોમાં બાળકોને રહેવા માટે જૂની ભોજનશાળા ઉપર નાના-નાના નવ રૂમોમાં વ્યવસ્થા કરેલી. ધીમે ધીમે વિદ્યાર્થીઓની સંખ્યા ૧૦માંથી ૩૦ થઈ. જગ્યા નાની પડવા લાગી. આથી ૨૦૦૫માં મુમુક્ષુઓના સહકારથી ૫૫ થી ૬૦ બાળકોની સગવડ થઈ શકે તેવા અદ્યતન સંકુલ 'શ્રી વિદ્યા-ભક્તિ-આનંદધામ' ગુરુકુળનું નિર્માણ કરવામાં આવ્યું. આ સંકુલમાં બાળકોના સર્વાંગી વિકાસ માટે જરૂરી એવા રમત-ગમત, સંગીત, વ્યાયામ વગેરે માટે યોગ્ય સાધનોની પણ સગવડ થઈ છે. ઈતર વાંચનને યોગ્ય વાતાવરણ મળે તે માટે વાચનાલય, સુંદર પ્રાર્થનાખંડ અને અદ્યતન કોમ્પ્યૂટર લેબની પણ રચના કરવામાં આવી છે.

આજે આ નૂતન ભવનને ૧૦ વર્ષ પૂરા થઈ ગયા અને પૂજ્યશ્રીના શુભ સંકલ્પ તથા આશીર્વાદથી ૨૦ વર્ષ પહેલા રોપેલા એક નાનકડા બીજમાંથી મોટું વટવૃક્ષ બનીને આ નાના બાળકો આશ્રમની શોભા વધારી રહ્યા છે અને તેમના જીવનને એક સુંદર અને સાર્થક દિશા આપી રહ્યા છે.

**● ગુરુકુળના આધારસ્તંભો :**

ગુરુકુળ નિર્માણ અને વિકાસની સેવાયાત્રા



દરમિયાન પૂજ્ય શ્રી આત્માનંદજી અને પૂજ્ય બહેનશ્રીની સતત પ્રેરણા અને માર્ગદર્શન આશીર્વાદરૂપ બની રહ્યાં છે.

નવા ભવનના નિર્માણકાર્યમાં નીચેના મહાનુભાવોનો ખૂબ જ સારો આર્થિક સહયોગ રહ્યો છે :

૧. આદ.શ્રી પ્રવીણભાઈ સી. પટેલ, યુ.એસ.એ.

૨. આદ. શ્રી જસુભાઈ આર. શાહ - મુંબઈ

૩. આદ. શ્રી દિનેશભાઈ બાવીસી - રાજકોટ

૪. આદ. શ્રી કુમુદભાઈ મહેતા - મુંબઈ

આ ઉપરાંત બીજા ઘણા નાના-મોટા દાતાઓનો આર્થિક સહયોગ તેમજ માર્ગદર્શન મળેલ છે. આદ. શ્રી ઉષાબેન શેઠ, આદ. શ્રી જયેન્દ્રભાઈ બેન્કર અને આદ. શ્રી કિશોરભાઈ શેઠનો ગુરુકુળના આ નવા સંકુલના સર્જનમાં તથા સંચાલનમાં ખૂબ જ સહયોગ મળેલ છે. આદ. શ્રી ઉષાબેન શેઠ હાલમાં પણ ગુરુકુળના વિકાસ માટે સંચાલક તરીકેની અને બાળકોના વાત્સલ્યસભર માતા બનીને પોતાની જવાબદારી સુપેરે સંભાળી રહ્યા છે.

● **આર્થિક પાસું :**

શરૂઆતના વર્ષોમાં વાર્ષિક ફી માત્ર રૂા. ૧૦૦૦/- લેવામાં આવતી હતી, જે હાલમાં વાર્ષિક ફી રૂા. ૧૫,૦૦૦/- લેવામાં આવે છે. આ ફીમાં તેઓને નીચે પ્રમાણે સુવિધાઓ આપવામાં આવે છે :

● **રહેવા માટે :** હવા-ઉજાસવાળા, સુવિધાયુક્ત રૂમ, પલંગ, ગાદલું, ઓશીકું, ચાદર, બ્લેન્કેટ ઇત્યાદિ તથા લાઈટ, પંખા વગેરે.

● **પીવા માટે :** મિનરલ ચોખ્ખું પાણી, નહાવા ધોવા માટેના સ્વચ્છ સ્નાનાલય અને ગરમ પાણીની સગવડ, શૌચાલય વગેરે.

● **ભોજન :** ભોજનાલયમાં કોઈ પણ જાતના ભેદભાવ વગર દરેક બાળકને સવારે ગરમ નાસ્તો, દૂધ, ખાખરા; બપોરે રોટલી, દાળ-ભાત, લીલા શાકભાજી, કઠોળ, છાશ, ગોળ; સાંજે ખીચડી, કઢી, શાક, ભાખરી વગેરે રોજ અલગ અલગ સાત્ત્વિક તેમજ રુચિકર ભોજન આપવામાં આવે છે. આ ઉપરાંત સ્કૂલમાં લઈ જવા દરેક વિદ્યાર્થી માટે નાસ્તાની પણ વ્યવસ્થા કરેલ છે.

● **સ્કૂલમાં જવા-આવવા માટે** સંસ્થા તરફથી ટાટા વિંગર ગાડીની વ્યવસ્થા કરવામાં આવેલ છે.

● **મેડિકલ :** જ્યારે વિદ્યાર્થીઓ બીમાર થાય ત્યારે તેમને સારવાર મળી રહે તે માટે એક કાયમી ડૉક્ટર તેમજ બાળકોના સ્પેશિયલ ડૉક્ટરની વ્યવસ્થા કરવામાં આવી છે; જેનો તમામ ખર્ચ સંસ્થા ભોગવે છે. જરૂર પડે તો તેમને નજીકની હૉસ્પિટલમાં પણ લઈ જવામાં આવે છે.

આ ઉપરાંત દરેકને એક જોડ કપડાં, નોટબુક, ચોપડા તેમજ ટ્યુશન વગેરે વ્યવસ્થા કરવામાં આવી છે. સંસ્થા દ્વારા દર વર્ષે વિદ્યાર્થીઓ માટે પ્રવાસનું આયોજન કરવામાં આવે છે.

● ભણવા સાથે સંગીત, સાંસ્કૃતિક પ્રવૃત્તિ, રમગ-ગમત માટેના સાધનો તેમજ સુંદર મેદાન, કસરતના સાધનો વગેરે દ્વારા બાળકોનો સર્વાંગી વિકાસ કરવામાં આવે છે.

● **કોમ્પ્યૂટર :** કોઈપણ વિદ્યાર્થી કોમ્પ્યૂટરના



જ્ઞાનથી વંચિત ન રહે માટે ગુરુકુળમાં એક અદ્યતન કોમ્પ્યૂટર લેબનું નિર્માણ કર્યું છે અને એક કોમ્પ્યૂટર શિક્ષકની પણ વ્યવસ્થા કરી છે.

● **ગૃહપતિ :** દરેક બાળકની વ્યક્તિગત સાર-સંભાળ રાખે તેવા ૨૪ કલાક માટેના અનુભવી ગૃહપતિ શ્રી નરેશભાઈ પટેલ છેલ્લા ૧૦ વર્ષોથી આ જવાબદારીનું નિષ્ઠાપૂર્વક સુંદર નિર્વહન કરી રહ્યા છે.

● **દૈનિક નિત્યક્રમ :**

દરેક બાળક રોજ સવારે ૪.૪૫ વાગ્યે ઊઠીને સ્નાનાદિથી પરવારી ૫.૩૦ થી ૭.૦૦ સુધી પ્રાર્થના, પ્રાણાયામ, વ્યાયામ, ભક્તિપદોથી શરૂઆત કરે છે, પછી નાસ્તો, શ્રમયજ્ઞ, ગૃહકાર્ય, ભોજન અને સ્કૂલ, સંધ્યાકાળે આરતી અને રાત્રિના ટ્યુશન – આ પ્રમાણેના ક્રમ અનુસાર રાત્રે ૧૦.૦૦ વાગ્યે શયન કરે છે.

સંસ્થામાં વર્ષ દરમિયાન ઉજવાતા પ્રસંગો જેવા કે ગુરુપૂર્ણિમા, પર્યુષણ પર્વ, ડિસેમ્બરની શિબિર ઈત્યાદિ મહત્ત્વના પર્વોમાં બાળકો વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો, ક્વીઝ, નાટક, વક્તૃત્વ સ્પર્ધા, ભક્તિસંગીત વગેરે કાર્યક્રમો રજૂ કરે છે. ગુરુકુળના નવા સંકુલને પાંચ વર્ષ પૂરા થયા ત્યારે ૨૦૧૦માં પૂજ્યશ્રીના જન્મદિવસે બાળકો દ્વારા એક ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. ફરી આગામી વર્ષમાં સંકુલને ૧૦ વર્ષ પૂરા થયા હોઈ ૨૦૧૬ ડિસેમ્બરમાં એક ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ બાળકો દ્વારા રજૂ કરવાનું વિચારી રહ્યા છીએ.

● **પ્રવેશ પરીક્ષા :**

પ્રવેશ માટે સંસ્થાએ નક્કી કરેલા ધારાધોરણો મુજબ ધો-૫ થી ધો-૧૦ સુધીના વિદ્યાર્થી ભાઈઓને જ પ્રવેશ આપવામાં આવે છે. સામાન્ય રીતે ગામડાઓના જરૂરતમંદ પરિવારના બાળકોને પ્રવેશ આપવામાં આવે છે.

દર વર્ષે વર્તમાનપત્રમાં જાહેરાત દ્વારા બાળકોના પરિવાર તરફથી આવેદન મંગાવી પ્રારંભમાં લેખિત પરીક્ષા લેવાય છે. તેમાં સારો



દેખાવ કરનાર વિદ્યાર્થીને વાલી સાથે બોલાવી, કોઈ પણ જાતના ભેદભાવ વગર યોગ્યતાના ધોરણે પ્રવેશ આપવામાં આવે છે.

દરેક બાળકદીઠ સંસ્થાને વાર્ષિક રૂા. ૨૫,૦૦૦/- થી રૂા. ૩૦,૦૦૦/- સુધી ખર્ચ થાય છે, જેમાંથી રૂા. ૧૫,૦૦૦/- વાર્ષિક ફી તરીકે લેવાય છે.

આ ઉપરાંત ઘણા બાળકોના પરિવાર આર્થિક રીતે સક્ષમ ન હોવાને લીધે તેમને ફીમાં ૩૦% થી ૫૦% રાહત આપવામાં આવે છે.

આ ખર્ચને પહોંચી વળવા અનેક દાતાઓ તરફથી આર્થિક સહયોગ પ્રાપ્ત થાય છે તે માટે સંસ્થા તેમના ઋણી છે. આદ. શ્રી હર્ષદભાઈ સંઘરાજકા (લંડન)એ કાયમી શુભેચ્છક વાલીની યોજના રજૂ કરી. આમાં દાતાઓ ૧,૦૦,૦૦૦ રૂા.નું દાન આપી એક વિદ્યાર્થીના કાયમી સંરક્ષક બને છે. તેઓની મદદથી ખાસ કરીને લંડનના અને અમેરિકાના બીજા લગભગ ૩૫ જેટલા મુમુક્ષુઓનો ખૂબ સારો સહયોગ સાંપડ્યો છે. ગુરુકુળને સ્વનિર્ભર

કરવા માટે લગભગ ૫૦ થી ૬૦ વાલીઓની અમે આશા રાખીએ છીએ.

આ યોજના સિવાય બીજી અનેક રીતે અનેક મુમુક્ષુઓએ ગુરુકુળની પ્રવૃત્તિઓને સુંદર અને સફળ બનાવવામાં અત્યાર સુધી ઘણો સહકાર આપ્યો છે. આ સર્વ મુમુક્ષુઓ પ્રત્યે સહર્ષ આભાર વ્યક્ત કરીએ છીએ.

ઈશાવાસ્ય ઉપનિષદમાં કહેવાયું છે કે 'તેન ત્યક્તેન ભુંજીથાઃ' (ત્યાગ કરીને ભોગવી જાણ). ભારતભૂમિ એ ત્યાગ અને બલિદાનની ભૂમિ છે. આવા સેવાકીય યજ્ઞમાં પોતાની કહેવાતી સંપત્તિનો થોડો હિસ્સો સમર્પિત કરવો એનાથી મોટો ત્યાગ બીજો કયો હોઈ શકે ? માટે બાળકોની ઉજ્જવળ શૈક્ષણિક કારકિર્દીના ઘડતર માટેના આ યજ્ઞમાં દાન આપી, ત્યાગ અને સમર્પણની આગવી કેડી કંડારો એવી નમ્ર વિનંતી છે. શિક્ષણધામરૂપી ગુરુકુળમાં પૂજ્યશ્રી આત્માનંદજીના સ્વપ્નને સાકાર કરતા ભૂલકાઓની અંતરની શુભેચ્છાઓથી આપનું સર્વાંગી કલ્યાણ થાય તેવી પ્રભુને પ્રાર્થના.

**● આપ આ પ્રવૃત્તિમાં કેવી રીતે મદદરૂપ થઈ શકો ?**

૧. ગુરુકુળના આ સંકુલમાં પધારી બાળકો, ગૃહપતિ, સંચાલકો અને વ્યવસ્થાપકોનો ઉત્સાહ વધારી શકો.
૨. બાળકો માટે કપડાં, શિક્ષણસામગ્રી, ભોજન, દવા, રમત-ગમતના સાધનોની જરૂરિયાત પૂરી પાડી શકો.
૩. એક બાળકને એક મહિનાના રૂ. ૧,૨૦૦ ની દાનરાશિ નોંધાવી શકો.
૪. એક બાળકને એક વર્ષની આર્થિક સહાય પેટે રૂ. ૧૫,૦૦૦/-ની રાશિ નોંધાવી શકો છો.
૫. કાયમી શુભેચ્છક વાલી તરીકે રૂ. ૧,૦૦,૦૦૦/-ની દાનરાશિ આપી શકો.
૬. બાળકોને વિવિધ વિષયોનું શિક્ષણ પૂરું પાડી તેમના સર્વાંગી વિકાસ માટે મદદરૂપ થઈ શકો.

આ અંગે વિશેષ માહિતી માટે આપ નીચેના સંપર્કસૂત્રો સાથે સંપર્ક સાધી શકશો :

સંસ્થા - ૨૩૨૭૬૨૧૯/૪૮૩/૪૮૪

શ્રીમતી ઉષાબેન શેઠ (સંચાલક) ૯૬૨૪૩૫૩૨૭૭

શ્રી નીતિનભાઈ પારેખ (પ્રમુખ) ૦૯૮૨૦૩૨૯૨૭૭

શ્રી નરેશભાઈ પ્રજાપતિ (ગૃહપતિ) ૯૮૯૮૨૮૫૯૩૭

● ● ●

## YUVA TIMES

(પાના નં. ૩૫ પરથી ચાલુ...)

**Naarad:** You better sit down, Lord. The Suburbanites have drawn a new circle. As soon as the leaves fall, they rake them into great piles and pay to have them hauled away.

**Vishnu:** No! What do they do to protect the shrub and tree roots in the winter to keep the soil moist and loose?

**Naarad:** After throwing away the leaves, they go out and buy something which they call mulch. They haul it home and spread it around in place of the leaves.

**Vishnu:** And where do they get this mulch?


**Naarad:** They cut down trees and grind them up to make the mulch.

**Vishnu:** Enough! I don't want to think about this anymore. Chitrgupt, you're in charge of the arts. What movie have you scheduled for us tonight?

**Chitragupt:** 'Dumb and Dumber,' Lord. It's a story about .........

**Vishnu:** Never mind, I think I just heard the whole story from Naarad.

● ● ●



II Shri Param Krupalu Devay Namah II

# YUVA TIMES

Hame Jeena Sikha Diya

**Inspired by PUJYA ATMANANDJI**



***You will smile as you read the sarcatism!***
***Because as stupid as it may sound, this is exactly what we do!***

**Lord Vishnu to Naarad:** Naarad, You know all about gardens and nature. What in the world is going on down there on the planet? What happened to the dandelions, violets, milkweeds and stuff I started eons ago? I had a perfect no-maintenance garden plan. Those plants grow in any type of soil, withstand drought and multiply with abandon. The nectar from the long-lasting blossoms attracts butterflies, honey bees and flocks of songbirds. I expected to see a vast garden of colours by now. But, all I see are these green rectangles.

**Naarad:** It's the tribes that settled there, Lord. The Suburbanites. They started calling your flowers 'weeds' and went to great lengths to kill them and replace them with grass.

**Vishnu:** Grass? But, it's so boring. It's not colourful. It doesn't attract butterflies, birds and bees; only grubs and worms. It's sensitive to temperatures. Do these Suburbanites really want all that grass growing there?

**Naarad:** Apparently so, Lord. They go to great pains to grow it and keep it green. They begin each spring by fertilizing grass and poisoning any other plant that crops up in the lawn.

**Vishnu:** The spring rains and warm weather probably make grass grow really fast. That must make the Suburbanites happy.

**Naarad:** Apparently not, Lord. As soon as it grows a little, they cut it - sometimes twice a week.

**Vishnu:** They cut it? Do they then bale it like hay?

**Naarad:** Not exactly, Lord. Most of them rake it up and put it in bags.

**Vishnu:** They bag it? Why? Is it a cash crop? Do they sell it?

**Naarad:** No, Sir, just the opposite. They pay to throw it away!

**Vishnu:** Now, let me get this straight. They fertilize grass so it will grow. And, when it does grow, they cut it off and pay to throw it away?

**Naarad:** Yes, Sir.

**Vishnu:** These Suburbanites must be relieved in the summer when we cut back on the rain and turn up the heat. That surely slows the growth and saves them a lot of work.

**Naarad:** You aren't going to believe this, Lord. When the grass stops growing so fast, they drag out hoses and pay more money to water it, so they can continue to mow it and pay to get rid of it.

**Vishnu:** What nonsense! At least they kept some of the trees. That was a sheer stroke of genius, if I do say so myself. The trees grow leaves in the spring to provide beauty and shade in the summer. In the autumn, they fall to the ground and form a natural blanket to keep moisture in the soil and protect the trees and bushes. It's a natural cycle of life.

(અનુસંધાન પાના નં. ૩૪ પર...)

# સમાજ-સંસ્થા દર્શન

## સંસ્થામાં 'યુવા આધ્યાત્મિક વ્યક્તિત્વ વિકાસ શિબિર'નું આયોજન

આપણી સંસ્થામાં તા. ૨૮-૫-૨૦૧૬ થી તા. ૩૦-૫-૨૦૧૬ (શનિ-રવિ-સોમ) દરમિયાન ઉપરોક્ત શિબિરનું આયોજન કરવામાં આવેલ છે; જેની વિગતો નીચે મુજબ છે :

૧. શિબિર દરમિયાન પૂજ્ય શ્રદ્ધેય સંતશ્રી આત્માનંદજીની પાવન નિશ્રા અને બા.બ્ર.આદ.શ્રી સુરેશજીનું માર્ગદર્શન સંપ્રાપ્ત થશે.

૨. ૧૫ વર્ષથી ૫૦ વર્ષ સુધીના ભાઈ-બહેનો આ શિબિરમાં ભાગ લઈ શકશે.

૩. શિબિર દરમિયાન યોગાભ્યાસ, સંતોના પ્રવચનો, તનાવ-મુક્ત અને સુખી તથા શાંતિમય જીવન જીવવા માટેની ચર્ચાઓ, ભક્તિ, ધ્યાન, રોચક સાંસ્કૃતિક અને ધાર્મિક કાર્યક્રમો વગેરે યોજાશે.

૪. ત્રિદિવસીય શિબિર માટે રૂ. ૩૦૦/- ભરવાના રહેશે.

૫. શિબિર માટે વિશેષ જાણકારી મેળવવાના સંપર્કસૂત્રો : ● બા.બ્ર.અલકાબેન (૯૪૨૭૬૭૯૭૬૮), ● બા.બ્ર. જનકબેન (મો. ૭૩૫૯૩૦૦૮૩૮) ● આદ.શ્રી કપિલભાઈ (૯૪૨૭૩૦૬૪૭૩)

## વિદેશસ્થિત 'દિવ્યધ્વનિ'ના સભ્યો માટે નમ્ર નિવેદન

'દિવ્યધ્વનિ'ની સર્વાંગી ગુણવત્તા જાળવી રાખવા અમો સતત પ્રયત્નશીલ છીએ. છેલ્લા થોડાક મહિનાથી 'દિવ્યધ્વનિ'ના વિદેશ પોસ્ટેજ ખર્ચમાં તોતિંગ વધારો થયો છે; જેથી 'દિવ્યધ્વનિ' મોકલવાનો મોટો આર્થિક બોજો સંસ્થાએ ઉઠાવવો પડે છે. સંસ્થાને વિશેષ આર્થિક બોજો ઉઠાવવો ન પડે તે માટે સંસ્થા નીચે મુજબની ત્રણ યોજનાઓ જાહેર કરે છે, જેમાં આપ યથાયોગ્ય સહકાર આપશો તેવી અપેક્ષા રાખીએ છીએ :

૧. આપ 'દિવ્યધ્વનિ'ની ઈ કોપી મંગાવવા ઈચ્છતા હો તો સંસ્થાના ઈમેઈલ નંબર પર આપનો ઈમેઈલ નંબર મોકલી જાણ કરવા વિનંતી. ત્યારબાદ આપને 'દિવ્યધ્વનિ' પોસ્ટ દ્વારા મોકલવામાં નહિ આવે.

૨. પોસ્ટેજ ખર્ચને પહોંચી વળવા આપ આર્થિક સહયોગ આપી શકો છો.

૩. 'દિવ્યધ્વનિ'ના સહયોગી દાતા તરીકે રૂા. ૧૫,૦૦૦/-નું આર્થિક યોગદાન આપ આપી શકો છો. સહયોગી દાતાનું નામ 'દિવ્યધ્વનિ'ના ટાઈટલ-૪ પર છાપવામાં આવે છે. વિશેષ માહિતી માટે સંપર્ક સૂત્રો : ● આદ. શ્રી નીતિનભાઈ પારેખ (પ્રમુખશ્રી) ૦૯૮૨૦૩૨૯૨૭૭
● આદ. ડૉ. રાજેશભાઈ સોનેજી (ટ્રસ્ટીશ્રી) ૦૯૮૨૪૦૪૭૬૨૧

## સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા દાનવીર મહાનુભાવો

સંસ્થાના વિવિધ વિભાગોમાં આર્થિક સહયોગ આપનારા નીચેના દાનવીર મહાનુભાવોને સંસ્થા

સાભાર ધન્યવાદ પાઠવે છે :

**● પુસ્તક પ્રકાશન :**

| | | |
|---|---|---|
| ૧. | આદ. શ્રી દિનેશભાઈ સોમચંદભાઈ બાવીસી, રાજકોટ | રૂ. ૫૦,૦૦૦/- |
| ૨. | આદ. શ્રી રંજનબેન ધનસુખભાઈ શાહ, ઘાટકોપર(વે), મુંબઈ | રૂ. ૧૫,૦૦૦/- |
| ૩. | આદ. શ્રી જયેશભાઈ / સુવર્ણાબેન જૈન, બેંગ્લોર | રૂ. ૧૧,૦૦૦/- |
| ૪. | આદ. શ્રી સરલાબેન બકુલભાઈ પારેખ, ચેન્નાઈ | રૂ. ૧૦,૦૦૦/- |
| ૫. | આદ. શ્રી શ્વેતાબેન જશુભાઈ શાહ, મુંબઈ | રૂ. ૧૦,૦૦૦/- |

**● ભોજનાલય (છાશકેન્દ્ર) :**

| | | |
|---|---|---|
| ૧. | આદ. શ્રી ઊર્મિલાબેન સુરેન્દ્રરાજ ધોળકિયા, વડોદરા | રૂ. ૭૫,૦૦૦/- |
| ૨. | આદ. શ્રી ધીરુભાઈ ટી. ડગલી, વીલેપાર્લે, મુંબઈ | રૂ. ૧૫,૦૦૦/- |
| ૩. | આદ. શ્રી અરવિંદભાઈ પ્રેમચંદભાઈ શાહ, ભાવનગર (મેડિકલ/છાશકેન્દ્ર) | રૂ. ૧૦,૦૦૦/- |

**● ઑડિયો-વીડિયો વિભાગ :**

| | | |
|---|---|---|
| ૧. | આદ. શ્રી પ્રદીપભાઈ શાહ, કેલીફોર્નિયા, યુ.એસ.એ. | રૂ. ૧,૦૦,૦૦૦/- |
| ૨. | આદ. શ્રી વિનોદિનીબેન પરીખ, અમદાવાદ | રૂ. ૫૧,૦૦૦/- |
| ૩. | આદ. શ્રી દિનેશભાઈ સોમચંદભાઈ બાવીસી, રાજકોટ | રૂ. ૫૦,૦૦૦/- |
| ૪. | આદ. શ્રી જ્યોતિબેન નરેન્દ્રભાઈ શાહ, રાજકોટ | રૂ. ૨૫,૦૦૦/- |

| | | |
|---|---|---|
| **● મેડિકલ સેન્ટર :** | ૧. આદ. શ્રી રમાબેન એન. શાહ (યુ.એસ.એ.) | ૫૦૦ ડૉલર |
| **● ગુરુકુળ :** | ૧. આદ. શ્રી રાજેશભાઈ બી. શાહ, થાને (મુંબઈ) | રૂ. ૨૫,૦૦૦/- |
| **● ત્યાગી મહિમા ફંડ :** | ૧. આદ. શ્રી વિનોદિનીબેન પરીખ, અમદાવાદ | રૂ. ૧૦,૦૦૦/- |

**● સાધારણ ખાતું :**

| | | |
|---|---|---|
| ૧. | શ્રીમદ્ રાજચંદ્ર સાધના કેન્દ્ર, રાજનગર, કુકમા (કચ્છ) | રૂ. ૨૫,૦૦૦/- |
| ૨. | આદ. શ્રી સવિતાબેન એસ. શાહ તથા<br>આદ. શ્રી સવિતાબેન આર. માલદે, લંડન (યુ.કે.) | રૂ. ૧૦,૦૦૦/- |
| ૩ | આદ. શ્રી પ્રશાંતભાઈ જી. પારેખ, ન્યૂ જર્સી, યુ.એસ.એ.<br>(જ્ઞાનદાન - ભોજનાલય - મેડિકલ - ગુરુકુળ - સાધારણ) | ૫૦૦ ડૉલર |

## સંસ્થામાં 'સમ્યક્ચારિત્ર' વિષયના આધારે લેખિત કસોટી સંપન્ન

મુમુક્ષુ ભાઈ - બહેનોને જ્ઞાનાભ્યાસ થાય અને ક્રમે કરીને થયેલા અભ્યાસનો જીવનમાં પ્રયોગ થાય તે હેતુથી સંસ્થા દ્વારા અનેક ધાર્મિક-આધ્યાત્મિક વિષયોના આધારે લેખિત કસોટીઓનું આયોજન કરવામાં આવે છે. તા. ૧૨-૨-૨૦૧૬ના દિવસે 'સમ્યક્ચારિત્ર' વિષયક લેખિત કસોટી યોજાઈ ગઈ.

સંસ્થાને સમર્પિત યુવાસાધક બા.બ્ર. શ્રી સુરેશજીએ આ પરીક્ષાનો અભ્યાસક્રમ અનેક સત્શાસ્ત્રોના

આધારે ખૂબ પ્રેમપરિશ્રમ લઈને બનાવેલ તેમજ ખૂબ મહેનત લઈ પ્રશ્નપત્ર તૈયાર કર્યું હતું; જે બદલ સંસ્થા તેઓશ્રીને સાભાર ધન્યવાદ પાઠવે છે. આ પરીક્ષામાં અનેક મુમુક્ષુ ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો. પરીક્ષાની કાર્યવાહીમાં તથા પેપરો તપાસવામાં કર્મયોગી, સરળ તથા વિનયવાન મુમુક્ષુ આદ. શ્રી ચંપકભાઈ પરમાર્થીએ વિશેષ યોગદાન આપ્યું હતું; જે બદલ તેઓને અનેકશઃ ધન્યવાદ ઘટે છે. લેખિત કસોટીમાં પ્રથમ દસ ક્રમાંક પ્રાપ્ત કરનાર મુમુક્ષુ ભાઈ-બહેનોના નામ નીચે મુજબ છે :

| ક્રમ | નામ | ગુણ | ક્રમ | નામ | ગુણ |
|---|---|---|---|---|---|
| ૧. | આદ.શ્રી કપિલભાઈ વ્યાસ | ૯૮ | ૭. | બા.બ્ર. શ્રી સંધ્યાબેન | ૮૬ |
| ૨. | બા. બ્ર. શ્રી જનકબેન | ૯૪ | ૭. | આદ. શ્રી ગિરીશભાઈ | ૮૬ |
| ૩. | બા.બ્ર.શ્રી અલકાબેન | ૯૧ | ૮. | આદ. શ્રી રેખાબેન પરમાર્થી | ૮૫ |
| ૪. | આદ. શ્રી મહેન્દ્રભાઈ ખંધાર | ૯૦ | ૯. | આદ.શ્રી રમણભાઈ શાહ | ૮૪ |
| ૫. | આદ. શ્રી ડૉ. રાગિણીબેન | ૮૯ | ૧૦. | આદ. શ્રી મિતેશભાઈ શાહ | ૭૮ |
| ૬. | આદ. શ્રી ભારતીબેન મહેતા | ૮૭ | | | |

## સંસ્થામાં 'સમકિત પર્વ' - ત્રિદિવસીય શિબિર સાનંદ સંપન્ન

સંસ્થામાં તા. ૧૩-૨-૨૦૧૬ થી તા. ૧૫-૨-૨૦૧૬ દરમ્યાન 'સમક્તિ પર્વ' શિબિર ઉલ્લાસભેર વાતાવરણમાં સંપન્ન થઈ. દેશ-વિદેશના અનેક મુમુક્ષુ ભાઈ-બહેનોએ આ શિબિરનો લાભ લીધો હતો. શિબિરનું સુંદર સંચાલન પ્રજ્ઞાવંત મુમુક્ષુભાઈશ્રી શરદભાઈ ડેલીવાળાએ કર્યું હતું.

● **સ્વાધ્યાય :** સંસ્થાના હાર્દિક નિમંત્રણને માન આપી શ્રીમદ્ રાજચંદ્ર સાધના કેન્દ્ર, રાજનગર, કુકમા (કચ્છ)થી પૂજ્યશ્રી ગાંગજીભાઈ મોતા શિબિરમાં પધાર્યા હતા. 'આત્માનું દૃષ્ટિદર્શન' વિષયના આધારે તાત્ત્વિક શૈલીમાં, સુમધુર કંઠે અનેક પદ્યાવતરણો અને પરમકૃપાળુદેવના વચનામૃતજીના આધારે સ્વાધ્યાય આપતા તેઓશ્રીએ જણાવ્યું કે કચ્છના રાજવીના નિમંત્રણને માન આપી કૃપાળુદેવ બાલ્યાવસ્થામાં કચ્છ પધાર્યા હતા, ત્યારે રાજનગર (કુકમા)ના રસ્તેથી નીકળ્યા હતા. સત્પુરુષોની છાયામાં આધિ-વ્યાધિ-ઉપાધિ શમાઈ જાય છે. પરમકૃપાળુદેવના ચિત્રપટને જોતાં અશાંત મન શાંત થઈ જાય છે. એકવાર તેમનો હાથ પકડ્યો તો તેઓ આપણને છોડશે નહિ. મંદિર ગયા વગરનો દિવસ તે માતમ છે. પ્રભુદર્શનથી મોહનું મર્દન થાય અને કષાયો ભાગે છે. નિવૃત્તિમાં પ્રભુ સાથે વાત કરવાનો સમય મળે છે. વિચારો બે પ્રકારના છે - (૧) ઉદયરૂપ વિચારો, (૨) પુરુષાર્થરૂપ વિચારો. નવકારમંત્ર બોલવાનો નહિ, માણવાનો છે ! નીરાગી બનવા પ્રયત્ન કરવો પડે, રાગ તો રગેરગમાં પડ્યો છે. આત્માનું કલ્યાણ કરવું હોય તો આરંભ-સમારંભ ઘટાડવાં પડશે. કરવો છે ધર્મ, પણ સંસારને છોડવો નથી ! મિથ્યાત્વ સમાન કોઈ પાપ નથી. મિથ્યાત્વને કારણે સંસાર છે. સત્‌દેવ-ગુરુ-ધર્મને છોડી બીજે દૃષ્ટિ ન કરવી. કૃપાળુદેવના વચનામૃતજીમાં બાર અંગનો સાર છે. સત્પુરુષને સદ્‌વૃત્તિએ વંદન કરીએ તો ભીતરમાં જાગૃતિના સ્પંદનો ઉદ્‌ભવે છે.

સ્વમાં જાગવાની જગ્યાએ જીવ પરમાં જાગે છે ! સત્પુરુષોની મુખાકૃતિનું પ્રેમથી અવલોકન કરવું. ભગવાનની મૂર્તિની સ્થાપના મંદિરમાં થાય, ગુરુની મૂર્તિનું સ્થાપન હૃદયમંદિરમાં થાય. સમ્યગ્‌દર્શન કરતાં

સત્પુરુષના ચરણની ઉપાસનાની આકાંક્ષા રાખવી, સદ્ગુરુની સેવા-ઉપાસના-સમર્પણતાથી જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. સત્પાત્રતા માટે વિનય-વિવેક જરૂરી છે. સ્વના દોષ તથા પરના ગુણો જોવાં. ગુરુના વચનોમાં મધુરતા હોય છે. સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે જીવનમાં કોઈ પ્રયોગ કર્યો છે ? શ્રી આત્મસિદ્ધિનો નાદ છે - તું તને મળ. સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે અંતર સંશોધન કરવું પડશે. સત્પુરુષોની મુદ્રાને અનિમેષ નયને જોવા પ્રયત્ન કરવો.

પૂજ્યશ્રી આત્માનંદજીએ સ્વાધ્યાય આપતા જણાવ્યું કે ભેદવિજ્ઞાનની પ્રાપ્તિથી આત્મામાં ટાઢક (શાંતિ)નો અનુભવ થાય છે, નિશ્ચિંતતા પ્રગટ થઈ જાય છે અને 'ચૈતન્યતત્ત્વ હું છું' એવો દઢ નિર્ધાર થાય છે. આવા મહાપુરુષો કેલિપૂર્વક રત્નત્રયના માર્ગમાં ગમન કરે છે. જે પોતાનું નથી તેની બાદબાકી કરવી, જે પોતાનું છે તેનો સ્વીકાર કરવો. સાધનામાં બાધક ભાવોનો પરિત્યાગ કરવો અને સાધકભાવોને અંગીકાર કરવાં. 'જગતની વિસ્મૃતિ કરવી અને સત્‌ના ચરણમાં રહેવું.' વ્યવહારથી 'સત્' એ સત્‌દેવ-ગુરુ-ધર્મ છે અને નિશ્ચયથી 'સત્' શુદ્ધાત્મા છે. નિરંતર આ 'સત્'નું સ્મરણ કરતા રહેવું. મૈત્રી, ગુણપ્રમોદ આદિ ચાર ભાવનાઓનો રોજબરોજના જીવનમાં પ્રયોગ કરવો.

પ્રજ્ઞાવંત, વચનામૃતજીના ઊંડા અભ્યાસી, મુમુક્ષુવિશેષ આદ. શ્રી અશોકભાઈ પી. શાહે વચનામૃત પત્રાંક-૩૧ના આધારે અનિત્યભાવના, અશાશ્વતને શાશ્વત રાખવાના જીવના પ્રયત્નો, જીવની અનંતતૃષ્ણા, શાશ્વત સુખની પ્રાપ્તિ માટે સત્પુરુષના શરણની આવશ્યકતા, સત્પુરુષના સમાગમનો અનુપમ અને અમૂલ્ય લાભ, માનવભવની દુર્લભતા વગેરે બાબતો પર મનનીય સ્વાધ્યાય આપ્યો હતો.

આદ. બા.બ્ર.શ્રી સુરેશજીએ 'સમ્યક્ત્વના સોપાનો' વિષયના આધારે સરળ છતાં સચોટ પોતાની આગવી શૈલીમાં ચિંતનાત્મક સ્વાધ્યાય આપ્યા હતા. તેઓશ્રીએ સમ્યક્ત્વના નીચેના સોપાનો વિશે સમજૂતી આપી હતી :

૧. સંસાર પરિભ્રમણનો થાક લાગવો, ૨. આંતરિક ઉદાસીનતા, ૩. મહાપુરુષો પ્રત્યે અનુરાગ, ૪. આત્મિક ગુણોનો વિકાસ, ૫. સદ્ગુરુનો આશ્રય, ૬. સદ્ગુરુબોધની પ્રાપ્તિ, ૭. અપૂર્વ અંતરસંશોધન, ૮. સ્વાત્મોપલબ્ધિ.

● **ભક્તિસંગીત** : શિબિર દરમિયાન કોબાના યુવાસાધક ભક્તવૃંદે ભાવવાહી ભક્તિસંગીત પીરસીને સૌને પ્રભુ-ગુરુમય બનાવ્યા હતા.

● **'પ્રાર્થના' પુસ્તકની દ્વિતીય આવૃત્તિનું વિમોચન** : પૂજ્યશ્રી આત્માનંદજી લિખિત 'પ્રાર્થના' પુસ્તકની દ્વિતીય આવૃત્તિનું વિમોચન તા. ૧૩-૨-૨૦૧૬ના દિવસે પૂજ્યશ્રી ગાંગજીભાઈના વરદ હસ્તે કરવામાં આવ્યું.

ભક્તિમાર્ગે ચાલતા સાધકો માટે આ પુસ્તક અત્યંત ઉપયોગી છે. આ પુસ્તકને તૈયાર કરવામાં પ્રજ્ઞાવંત મુમુક્ષુવિશેષ આદ. શ્રી પ્રવીણભાઈ મહેતા / ભારતીબેન મહેતાએ અમૂલ્ય યોગદાન આપ્યું છે. સંસ્થા તેઓશ્રીના પ્રેમપરિશ્રમની કદર કરે છે અને સાભાર ધન્યવાદ પાઠવે છે.

● **પ્રકીર્ણ** : આ ઉપરાંત ધ્યાન, પ્રાતઃભક્તિ, અભિષેક, પૂજા, દેવવંદન આદિ કાર્યક્રમો નિયમિતપણે યોજાયા હતા. શિબિર દરમિયાન સ્વામિવાત્સલ્યનો લાભ આપનાર દાનવીર મહાનુભાવોને સંસ્થા સાભાર

ધન્યવાદ પાઠવે છે. શિબિર દરમિયાન આદ. શ્રી વિનોદિનીબેન પરીખ તરફથી દરેકને નોટબુક-પેનની પ્રભાવના કરવામાં આવી હતી.

શિબિરની સફળતા માટે સહયોગ આપનારા સૌ કોઈને સંસ્થા સાભાર ધન્યવાદ પાઠવે છે.

## સંસ્થામાં શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર પૂજા-વિધાન સાનંદ સંપન્ન

પૂજ્ય બહેનશ્રી ડૉ. શર્મિષ્ઠાબેન સોનેજીના ૭૫ મા વર્ષના પ્રવેશ નિમિત્તે સંસ્થામાં પૂજ્યશ્રી આત્માનંદજી તથા પૂજ્યશ્રી ગાંગજીભાઈની પાવન નિશ્રામાં તા. ૧૪-૨-૨૦૧૬ના દિવસે શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર પૂજા-વિધાન ઉલ્લાસભેર ભક્તિસભર વાતાવરણમાં સંપન્ન થયેલ છે.

ષટ્દર્શનના સારરૂપ તત્ત્વજ્ઞાનનો બોધ આપતું, સ્વદોષદર્શન કરાવી આત્મિક ગુણો પ્રત્યે લઈ જઈ આત્મસિદ્ધિ કરાવતું તથા વ્યવહાર-નિશ્ચય અને ધર્મ-અધ્યાત્મનો સમન્વય સાધતું શાસ્ત્ર એટલે શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર.

શ્રી આત્મસિદ્ધિ વિધાનની મૌલિક રચના સંસ્થાના પ્રતિભાસંપન્ન, યુવાસાધક બા.બ્ર.શ્રી અલકાબેને કરેલ છે. આ વિધાન મંડળમાં ૧૨ કોષ્ટક છે અને ૧૪૦ અર્ઘ ચઢાવવામાં આવે છે.

સૌ પ્રથમ નવદેવતા (પંચ પરમેષ્ઠિ, જિનધર્મ, જિનાગમ, જિનચૈત્ય, જિનચૈત્યાલય)ની પૂજા કરવામાં આવી. ત્યારબાદ બા.બ્ર.અલકાબેન, બા.બ્ર.સુરેશજી, બા.બ્ર.જનકબેન, આદ.શ્રી કપિલભાઈ, આદ. શ્રી ગિરિશભાઈ વગેરે યુવાસાધકોએ ભાવવાહી તથા સુમધુર કંઠમાં શ્રી આત્મસિદ્ધિ પૂજા-વિધાન કરાવ્યું હતું. અનેક મુમુક્ષુ ભાઈ-બહેનોએ આ પૂજા-વિધાનમાં ભાગ લીધો હતો. વિધાન દરમિયાન વાતાવરણમાં પવિત્રતાના સ્પંદનો પ્રવહી ઊઠ્યાં. રાજભક્તોના હૈયા ભક્તિના હિલોળા લેવા લાગ્યા. ભક્તિ અને શ્રદ્ધાના સુમનોના પમરાટથી વાતાવરણ મહેકી ઊઠ્યું. હૈયું હાથમાં ન રહેતાં રાજભક્તો આનંદથી નૃત્ય કરવા લાગ્યાં.

વિધાન બાદ સાધ્વીશ્રી પદ્મરેખાશ્રીએ રચેલ જયમાલા લેવામાં આવી. આદ.ડૉ. રાજેશભાઈ સોનેજીએ પૂજ્ય બહેનશ્રીના ઉપકારોને યાદ કરી તેઓના સદ્‌ગુણોની અનુમોદના કરી હતી. શ્રી શાંતિપાઠ તથા આરતી બાદ કાર્યક્રમની પૂર્ણાહુતિ થઈ.

આ વિધાનને સફળ બનાવવા માટે આદ. શ્રી નવીનભાઈ શાહ (મુંબઈ), આદ. શ્રી ચંપકભાઈ પરમાર્થી, આદ. શ્રી વીણાબેન ખંધારે ખૂબ પ્રેમપરિશ્રમ લીધો હતો. ડૉ. રાજેશભાઈ સોનેજી પરિવાર તરફથી કુટુંબદીઠ સુંદર બેગની પ્રભાવના કરવામાં આવી હતી. આદ. શ્રી સરોજબેન પારેખ (રાજકોટ) તરફથી રૂ.૧૦/-ની પ્રભાવના તથા આદ. શ્રી જયેશભાઈ એસ. શાહ (અમદાવાદ) તરફથી સ્ટીકર્સની પ્રભાવના કરવામાં આવી હતી. આ પ્રસંગે અનેક દાનવીર મહાનુભાવોએ દાનરાશિ વહાવી હતી; જેનો સંસ્થા ધન્યવાદ સાથે સાભાર સ્વીકાર કરે છે. વિધાનને સફળ બનાવવામાં સહયોગ આપનારા સૌ કોઈને સંસ્થા ધન્યવાદ પાઠવે છે.

## સંસ્થામાં આચાર્યપ્રવર શ્રી કુંદકુંદસ્વામીના જન્મમંગળદિનની ઉજવણી સંપન્ન

તા. ૧૨-૨-૨૦૧૬, વસંતપંચમી એટલે અપ્રમત્ત યોગીશ્વર આચાર્યશ્રી કુંદકુંદાચાર્યનો જન્મમંગલદિન. આ દિવસે સંસ્થામાં શ્રી કુંદકુંદાચાર્યની પૂજા કરવામાં આવી હતી. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં પૂજ્યશ્રી આત્માનંદજીએ જણાવ્યું કે આપણે સાચી મુમુક્ષુદશા પ્રાપ્ત કરીને રત્નત્રયને પ્રાપ્ત કરીએ તો કુંદકુંદસ્વામીનો

જન્મદિન ઉજવ્યો સાર્થક ગણાશે. કુંદકુંદસ્વામીના વચનોમાં ભગવાનની વાણી છે. તેમના વચનો આપણને મોહનિંદ્રામાંથી જગાડી આત્માના વૈભવને પ્રાપ્ત કરવાની પ્રેરણા આપે છે. મહાપુરુષોના જીવનચરિત્રોને વારંવાર યાદ કરવાં.

આપણી સંસ્થાના ટ્રસ્ટી આદ. શ્રી પ્રકાશભાઈ એચ. શાહના માતુશ્રી વિમળાબેન હેમેન્દ્રભાઈ શાહનો જન્મદિવસ પણ વસંતપંચમીએ છે, તે વાતનું પૂજ્યશ્રીએ સ્મરણ કર્યું હતું.

રાત્રે શ્રી કુંદકુંદાચાર્યની ભક્તિનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું.

## શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર પારાયણ

સ્વ. શ્રી પ્રવીણચંદ્ર જેઠાલાલ દોશીના આત્મશ્રેયાર્થે તા. ૧૬-૨-૨૦૧૬ના રોજ તેઓશ્રીના પરિવારજનો તરફથી આપણી સંસ્થામાં શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રનું પારાયણ રાખવામાં આવ્યું હતું. પારાયણ બાદ પૂજ્યશ્રી આત્માનંદજીના આત્મસિદ્ધિશાસ્ત્ર વિષયક સ્વાધ્યાયની વીડિયો કેસેટ મૂકવામાં આવી હતી. આ પ્રસંગે સ્વ. પ્રવીણભાઈ દોશી પરિવાર તરફથી સ્વામિવાત્સલ્ય રાખવામાં આવ્યું હતું અને ૧૦/- રૂપિયાની પ્રભાવના કરવામાં આવી હતી, તથા સંસ્થાને રૂ. ૨૧,૦૦૦/-નું દાન આપવામાં આવેલ છે; જેનો સંસ્થા સાભાર સ્વીકાર કરે છે.

## ગુજરવા (સાબરકાંઠા) મુકામે સત્સંગ સમારોહ સાનંદ સંપન્ન

ઈડર તાલુકાના ગુજરવા મુકામે આદ. મુમુક્ષુ ભાઈશ્રી પન્નાભાઈ મીઠાભાઈ સુતરિયા પરિવારના સદ્ભાવથી તા. ૨૬-૨-૨૦૧૬ના રોજ સત્સંગનું આયોજન કરવામાં આવ્યું હતું; જેમાં સારી સંખ્યામાં સત્સંગ પ્રેમીજનોએ લાભ લીધો હતો.

પૂજ્યશ્રી આત્માનંદજી સ્વાસ્થ્યની અનુકૂળતા ન હોવાને કારણે આવી શક્યા નહોતા. પૂ.શ્રી વંદનાબેન (શ્રીમદ્ ભાગવત્ - રામાયણ કથાકાર) તેમની આગવી શૈલીમાં સંત કબીરદાસજીના જીવનના આધારે સંતો-મહાપુરુષોની સેવા, આતિથ્ય સત્કાર તથા આહારદાનનું માહાત્મ્ય સમજાવ્યું હતું. 'આતિથ્ય સત્કાર' આપણી આર્યસંસ્કૃતિની અમૂલ્ય દેન છે.

પૂજ્ય બહેનશ્રીએ પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્ર વિરચિત વીસ દોહરા (ભક્તિમાર્ગનું રહસ્ય)ની પહેલી ગાથા 'હે પ્રભુ ! હે પ્રભુ !...'ના આધારે આપણા દોષોની કબૂલાત તથા તે દૂર કરવા માટે 'પ્રાયશ્ચિત્ત' તથા 'વિનય' ગુણની આરાધનાનું મહત્ત્વ સમજાવ્યું હતું.

આદ.બા.બ્ર.શ્રી સુરેશજીએ તેમની ભાવવાહી શૈલીમાં 'અંજના સતી'ના પવિત્ર જીવનચરિત્રની કથા વિષે ઉદ્બોધન કર્યું હતું.

સત્સંગ સભાનું સંચાલન આદ. મુમુક્ષુ ભાઈશ્રી શામળભાઈ તથા શ્રી કિરણભાઈએ સંભાળ્યું હતું. પૂ. લાલજીબાપાએ સિંચેલા ધર્મના સંસ્કાર સર્વ શ્રોતાજનોના મુખ પર જણાતા હતા.

આવા સુંદર સત્સંગના આયોજન માટે ભાઈશ્રી પન્નાલાલભાઈ પરિવારને ખૂબ ખૂબ ધન્યવાદ પાઠવીએ છીએ. આવા સત્સંગ-ભક્તિના આયોજન દ્વારા આપણા આત્માને નિર્મળ કરી આ મનુષ્યજન્મને સફળ કરીએ એ જ શુભભાવના સહ પૂજ્યશ્રી આત્માનંદજી શુભાશીર્વાદ પાઠવે છે.


## સુરેન્દ્રનગર મુકામે તૃતીય ૧૮ દિવસીય આરાધના તપ સાનંદ સંપન્ન

દરિયાપુરી સ્થાનકવાસી સંપ્રદાયના આચાર્યશ્રી બા.બ્ર.પૂજ્યશ્રી વીરેન્દ્રસ્વામી આદિ ઠાણા-૪ના નિશ્રામાં સુરેન્દ્રનગર મુકામે સ્થાનકવાસી પરંપરા પ્રમાણે પ્રૌપધવ્રતના નિયમો મુજબ તૃતીય ૧૮ દિવસીય તપ મહોત્સવની આરાધના (તા. ૧૭-૧૨-૨૦૧૫ થી તા. ૩-૧-૨૦૧૬) ઉલ્લાસપૂર્વક ધર્મમય વાતાવરણમાં સંપન્ન થયેલ છે. અનેક આરાધકો આ આરાધનામાં જોડાયા હતા. આ પ્રસંગે ૪૧૮ જેટલા સાધર્મી બંધુઓને જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. 'દિવ્યધ્વનિ' પરિવાર તપસ્વી ભાઈ-બહેનોના આરાધનાની અનુમોદના કરે છે.

## વૈરાગ્ય સમાચાર



**[૧] અમદાવાદ :** સંસ્થા સાથે પ્રારંભથી જ સંલગ્ન ટ્રસ્ટી સ્વ.શ્રી રમણિકભાઈ શેઠના ધર્મપત્ની તથા સંસ્થાના સંનિષ્ઠ કાર્યકર આદ.શ્રી મુકેશભાઈ શેઠના માતુ**શ્રી મધુકાન્તાબેન રમણિકભાઈ શેઠ**નું તા. ૨૬-૨-૨૦૧૬ના રોજ ૮૮ વર્ષની વયે દેહાવસાન થયું છે. તેઓનું વ્યક્તિત્વ ભક્તિપ્રધાન હતું. તેઓ પ્રેમાળ સ્વભાવના અને અજાતશત્રુ હતા. સદા આનંદમાં રહેવું અને બીજાને આનંદમાં રાખવાં તે તેઓશ્રીનો વિશેષ ગુણ હતો. તેઓશ્રીને પૂજ્યશ્રી આત્માનંદજી પ્રત્યે અત્યંત અહોભાવ અને મુમુક્ષુઓ તથા કર્મચારીઓ પ્રત્યે સદ્‌ભાવ હતો. સ્વ. રમણિકભાઈ તથા મધુકાન્તાબેન પૂજ્યશ્રી અને મુમુક્ષુઓ સાથે દેશ-વિદેશની ધર્મયાત્રામાં સામેલ થયા હતા. તેઓશ્રીનો આતિથ્યસત્કાર ખરે જ સરાહનીય હતો. તેઓશ્રીના નિવાસસ્થાને પધારતાં મુમુક્ષુઓને તેઓ ભોજન લીધા વગર જવા દેતા નહોતા. તેઓ સેવાભાવી હતા. જરૂરતમંદોને મદદરૂપ થવામાં તેઓને આનંદ આવતો. શેઠ પરિવારના ૧૨૫ જેટલા સભ્યોને તેઓએ સ્નેહ અને વાત્સલ્યના તંતુથી જોડેલા રાખ્યા હતા. પૂજ્ય જીતાબાપજી જ્યારે અમદાવાદ આવતા ત્યારે તેઓના નિવાસસ્થાને સત્સંગ-ભક્તિ અર્થે પધારતા. પૂજ્યશ્રી પણ કેટલીક વાર સત્સંગ-ભક્તિ-સાધના અર્થે તેઓના નિવાસસ્થાને રોકાતા હતા. શ્રી પર્યુષણ મહાપર્વના પાંચમા દિવસે સંસ્થામાં તેઓશ્રી તરફથી ચૂરમાના લાડવા બનાવવામાં આવતા. સ્વ. મધુકાન્તાબાની સ્મશાનયાત્રામાં સંસ્થાના કેટલાક મુમુક્ષુઓ જોડાયા હતા. તેઓશ્રીની પ્રાર્થનાસભામાં પૂજ્ય બહેનશ્રી સાથે સંસ્થામાંથી કેટલાક મુમુક્ષુઓએ હાજરી આપી હતી. પૂજ્ય બહેનશ્રી, આદ.શ્રી મનહરભાઈ જસવાણી તથા આદ.શ્રી અનુપમભાઈ શાહે સંસ્થા તરફથી તેઓના ગુણાનુવાદ કરી સ્મરણાંજલિ અર્પી હતી તથા તેઓના સેવાનિષ્ઠ કુટુંબીજનોને ધન્યવાદ આપ્યા હતા. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે તેમજ આગામી થોડા ભવોમાં તેઓ પરમાત્મપદને પ્રાપ્ત કરે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને હૃદયપૂર્વકની પ્રાર્થના છે.



**[૨] પોગલુ (તા. પ્રાંતિજ) : શ્રી રતિલાલ કેશવલાલ પટેલ**નું તા. ૧૪-૧૨-૨૦૧૬ના રોજ ૬૯ વર્ષની વયે દેહાવસાન થયું છે. તેઓ આપણી સંસ્થામાં પ્રસંગોપાત પધારીને સત્સંગનો લાભ લેતા હતા. સ્વર્ગસ્થ ધાર્મિક વૃત્તિના તથા મિલનસાર સ્વભાવના હતા. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે તેવી સમસ્ત કોબા પરિવારની પ્રભુને અંતઃકરણપૂર્વકની પ્રાર્થના છે.

# શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર પૂજા-વિધાન વેળાની તસવીરો

(તા. ૧૪-૨-૨૦૧૬)



















Registered under RNI No. : GUJGUJ/2008/25883
Permitted to post at Ahmedabad PSO on 15th of every month under Postal
Regd. No. : GAMC - 309/2015-2017 issued by SSP Ahmedabad valid upto 31-12-2017
Publication Date 15th of every month

# શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર પૂજા-વિધાન વેળાની તસવીરો

(તા. ૧૪-૨-૨૦૧૬)









## આ અંકના વિશિષ્ટ સહયોગી દાતા

'દિવ્યધ્વનિ' માર્ચ - ૨૦૧૬ના અંક માટે રૂા. ૧૫,૦૦૦/-નો આર્થિક સહયોગ

૧ રાણપુર નિવાસી (હાલ ભાવનગર), કોબાના મુમુક્ષુ
આદ. શ્રી અરવિંદભાઈ પ્રેમચંદ શાહના દેહના ૭૫મા જન્મદિન નિમિત્તે

પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

'દિવ્યધ્વનિ' માર્ચ - ૨૦૧૬ના અંક માટે રૂા. ૧૫,૦૦૦/-નો આર્થિક સહયોગ

૨ સ્વ. શ્રી સુરેશભાઈ ચીમનલાલ શાહ (કોબા)ની પુણ્યસ્મૃતિમાં

પ્રાપ્ત થયેલ છે. સંસ્થા તેઓશ્રીના આ 'જ્ઞાનદાન'ની અનુમોદના કરે છે.

Printed & Published by Smt. Dr. Sharmisthaben M. Soneji on Behalf of
Shrimad Rajchandra Adhyatmik Sadhana Kendra, Koba - 382 007,
Dist. Gandhinagar (Gujarat). Printed at Bhagwati Offset, 16/C, Bansidhar Estate,
Bardolpura, Ahmedabad - 380 004. Editor : Shri Mitesh A. Shah